
વર્ષ : ૬૨ ■ અંક : ૧૮ ■ તા.૧૬-૯-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આઝાદી કા અમૃત મહોત્સવ



## વિશ્વાસથી વિકાસ યાત્રા

**રાજ્યભરમાં કુલ રૂ. 3500 કરોડના ખર્ચે 30 હજારથી વધુ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત**

## 20 વર્ષની વિકાસ યાત્રા : જન - જનને વિશ્વાસ...


36TH NATIONAL GAMES
GUJARAT 2022
29 Sep - 12 Oct, 2022
INDIA
દરેક ખેલાડી જીતશે,
આખું ગુજરાત જોડાશે
GO FOR
GOLD
૩૬મો રાષ્ટ્રીય ખેલ,
ગુજરાત ૨૦૨૨
૨૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર
૩૬મા રાષ્ટ્રીય ખેલમાં જોડાશે
૭ હજારથી વધુ ખેલાડીઓ
આવો, સાથે મળીને ગુજરાતના ખેલાડીઓનો ઉત્સાહ
વધારીએ એમના ઉત્સાહને જીતમાં પલટાવીએ

# Gujarat
The Reliable fortnightly of Gujaratis

**Year : 62 ▪ Issue : 18 ▪ Date 16 - 9 - 2022**

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


## શબ્દશઃ



- ગુજરાતે ૨૦ વર્ષમાં અનેક જનહિતલક્ષી કાર્યો દ્વારા અપાર ઉપલબ્ધિઓ મેળવી છે.
- સરકારે જનતાનો અતૂટ વિશ્વાસ સંપાદિત કર્યો છે.
- છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે.
- ગુજરાતનાં બે દાયકાઓ પ્રાયોરિટી, પૉલિસી અને પર્ફોર્મન્સનાં રહ્યાં છે.
- ગુજરાત સરકારે જનકલ્યાણ અને વિકાસનાં કામોને હંમેશા પ્રાથમિકતા આપી છે.
- ગુજરાતના છેલ્લા બે દાયકા એડવાન્સમેન્ટ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટને વરેલા રહ્યાં છે.
- આ વર્ષે સરકારે ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું રૂ. ૨.૪૪ લાખ કરોડનું બજેટ આપ્યું છે.
- મહિલા ઉત્કર્ષ યોજનાઓની નાણાકીય જોગવાઈમાં ૪૨%નો માતબર વધારો કર્યો છે.
- ગુજરાતમાં ચેકડેમની સંખ્યા ૩૫૦૦થી વધીને ૧.૬૫ લાખ ઉપર પહોંચી છે.
- ઔદ્યોગિક ઉત્પાદન રૂ. ૧.૨૭ લાખ કરોડથી વધીને રૂ. ૧૬.૧૯ લાખ કરોડ પર પહોંચ્યું છે.

(મુખ્યમંત્રીશ્રીએ 'વિશ્વાસથી વિકાસ યાત્રા'ની ઉજવણી પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# અનુક્રમ




18 20 વર્ષની વિકાસ યાત્રા : જન - જનને વિશ્વાસ...

## વિકાસ યાત્રા

6 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્કલેવ' સંપન્ન

8 સુરતમાં યોજનાના લાભાર્થીઓ સાથે PMનો સંવાદ

10 ૬ઠ્ઠી ઓલ ઇન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨ યોજાઈ

12 અમદાવાદમાં ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું લોકાર્પણ

14 ૩૬મી નેશનલ ગેમ્સનું કર્ટેન રેઇઝર પ્રસ્તુત

17 'ફાર્મર ફર્સ્ટ' કેન્દ્ર તેમજ ગુજરાત સરકારની પ્રાથમિકતા

24 ગુજરાતની પ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પૉલિસી'

26 શિક્ષક દિન : રાજ્યના ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન

28 ઠાસરા - ગળતેશ્વરને વિકાસકાર્યોની ભેટ

29 કઠલાલ - કપડવંજને રૂ. ૯૪ કરોડના વિકાસ પ્રકલ્પો

30 મહુધા, મહેમદાવાદ અને ખેડા તાલુકાના રૂ.૨૧ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

31 તરણેતરના ભાતીગળ મેળામાં સહભાગી થતાં CM

32 સુરતમાં કૃભકોના બાયો-ઈથેનોલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

33 રાજ્યમાં ૩ સેન્ટર ઓફ એક્સલન્સ ફોર હોર્ટીકલ્ચર તથા ૪ પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનાં ખાતમુહૂર્ત

36 ગુજરાતમાં સેમીકન્ડક્ટર - ડિસ્પ્લે નિર્માણ માટે MOU

37 ગૌરવ

38 નિર્ણય

42 નારી ગૌરવ

નારી વંદન ઉત્સવ : મહિલા સશક્તીકરણની દિશામાં ગુજરાતનું આગેકદમ
- શ્રીમતી મનીષાબહેન વકીલ

44 સમાચાર સંચય

47 આરોગ્ય સુખાકારી

મહેસાણામાં આરોગ્યલક્ષી ઈ-લોકાર્પણો

48 પોષણ સુધા

પોષણ માહ : મહિલા સશક્તીકરણનું ઊજળું પાસું

50 વનવૈભવ

સુરેન્દ્રનગરમાં વટેશ્વર વન જનસમર્પિત






# બે દાયકાની નિરંતર વિકાસ યાત્રા ઉપર જન જનને અપાર વિશ્વાસ...

ગુજરાતે સર્વ સમાજને સાથે લઈને તમામ ક્ષેત્રોમાં સમતોલ વિકાસનો જનવિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે. ગુજરાતના વિકાસમાં સૌ કોઈએ એમનું મહત્ત્વનું યોગદાન આપીને ગુજરાતના ખૂણેખૂણાના વિકાસનું સોણલું સાકાર કર્યું છે. છેલ્લા બે દાયકાથી અવિરત ચાલી આવતી રાજ્યની વિકાસ યાત્રા ઉપર નજર કરીએ તો ગુજરાતની પ્રગતિનું દેદીપ્યમાન ચિત્ર નજર સમક્ષ ખડું થાય છે. વિકાસના વિશ્વાસને જનસમર્થન સાંપડ્યું છે, જેના પરિણામે આજે પ્રત્યેક ગુજરાતી બાંધવ વિકાસની નવી ઊંચાઈઓ આંબવા થનગની રહ્યો છે. ગુજરાતની જનતાના વિશ્વાસને કારણે જ વિકાસ યાત્રા એક પછી એક ચઢિયાતાં સિમાચિહ્નો સર કરી રહી છે.

ઉજ્જવળ ભારતના સ્વપ્નદ્રષ્ટા આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભરતા અને વિકાસના મંત્રને ચરિતાર્થ કરતી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન ટીમ ગુજરાતે ગત એક વર્ષમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાને વધુ તેજ રફતારથી આગળ ધપાવી છે. રાજ્યના પાટનગર ગાંધીનગર સહિત તમામ જિલ્લાઓમાં ગુજરાતની બે દાયકાની વણથંભી વિકાસ યાત્રાને લોકોએ ભારે ઉમળકાભેર પોંખી છે. માર્ગ નિર્માણ, પાણી, આરોગ્ય, શિક્ષણ સહિતનાં વિવિધ જનહિતલક્ષી કામોની છેલ્લા પખવાડિયામાં રીતસરની હેલી વરસી હોવાની સૌ કોઈને અનુભૂતિ થઈ છે. મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીમંડળના સભ્યશ્રીઓએ ગાંધીનગર તેમજ રાજ્યભરમાં કુલ ૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે ૩૦,૦૦૦થી વધુ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા.

ગુજરાત હવે સેમીકંડક્ટરનું હબ બનશે. આગામી સમયમાં સેમીકંડક્ટરના નિર્માણ ક્ષેત્રે અંદાજે ૧.૫૪ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે, જેથી એક લાખથી વધુ યુવાનોને રોજગારી પ્રાપ્ત થશે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારને આર્થિક રીતે પગભર કરવામાં અને અર્થતંત્રને મજબૂત બનાવવામાં સહકારી ક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યોના સહકાર મંત્રીઓના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાત સરકારની 'ફાર્મર ફર્સ્ટ'ની નીતિ સુપેરે ઉજાગર કરવામાં આવી. ગુજરાતના આંગણે યોજાનારા ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચૂક્યો છે. રાષ્ટ્રીય રમતોત્સવનું ગુજરાત યજમાન બની રહ્યું હોવાનું સૌ કોઈ ગુજરાતીને ગૌરવ છે. રાજ્યમાં ફિલ્મ મેકીંગની સાથે-સાથે પ્રવાસનને વેગ આપતી સિનેમેટિક ટૂરિઝમ પૉલિસી ૨૦૨૨-૨૭ની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેરાત કરી છે. આ પૉલિસીથી આવનારા સમયમાં ગુજરાતમાં આવેલાં ઐતિહાસિક, ધાર્મિક તથા નૈસર્ગિક સૌંદર્ય ધરાવતાં સ્થળો જગતભરના સહેલાણીઓ માટે અનેરું આકર્ષણ ઊભું કરશે તેમાં બેમત નથી. આના પરિણામે રોજગારી-સ્વરોજગારીની વિપુલ તકોનું નિર્માણ થશે. અમદાવાદ સાયન્સ સિટીમાં યોજાયેલી સેન્ટર સ્ટેટ સાયન્સ કોન્ક્લેવમાં વડાપ્રધાનશ્રીએ વિજ્ઞાનને ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર ગણાવ્યું હતું.

આ વર્ષે શિક્ષક દિન નિમિત્તે ૪૪ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકની સાથે છ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. શિક્ષણ દ્વારા સર્વ સમસ્યાનું સમાધાન શક્ય છે. એ વાત નિ:સંદેહપણે સ્વીકારવી પડે કે, ઘર-પરિવાર, સમાજ, પ્રદેશ અને દેશના વિકાસના પાયામાં શિક્ષણની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ઊર્જાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પખવાડિયામાં વિવિધ સમાજના સ્નેહમિલનમાં ઉપસ્થિત રહીને દરેક સમાજને સંગઠિત અને શિક્ષિત બનાવવા માટે સહિયારા પ્રયાસની આવશ્યકતા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. મને વિશ્વાસ છે કે, પ્રસ્તુત અંકમાં રજૂ કરવામાં આવેલી રાજ્ય સરકારનાં જનહિતલક્ષી અનેક વિકાસકાર્યોની માહિતી તથા વૈવિધ્યસભર રસપ્રદ જાણકારી વાચકોને ઉપયોગી થશે.

જય જય ગરવી ગુજરાત...

- **આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક

### 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્ક્લેવ' સંપન્ન

# ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં ભારત અને ભારતીયોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ





21મી સદીના ભારતના વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા સમાન છે, જે દરેક ક્ષેત્રના વિકાસ અને દરેક રાજ્યના વિકાસને વેગ આપવાની શક્તિ ધરાવે છે, આજે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના વિજ્ઞાન અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં વહીવટ અને નીતિ નિર્માણમાં લોકોની જવાબદારી નોંધપાત્ર રીતે વધી જાય. તાજેતરમાં સેન્ટર સ્ટેટ સાયન્સ કોન્ક્લેવનું ઉદ્દઘાટન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કોન્ક્લેવનું આયોજન સબકા પ્રયાસનું સ્પષ્ટ ઉદાહરણ છે. વિજ્ઞાન એ ઉકેલો, ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર છે અને આ પ્રેરણાથી જ આજનું નવું ભારત જય જવાન જય કિસાન, જય વિજ્ઞાન તેમજ જય અનુસંધાન સાથે આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, જો આપણે છેલ્લી સદીના શરૂઆતના દાયકાઓને યાદ કરીએ, તો આપણને ખબર પડે છે કે વિશ્વ કેવી રીતે વિનાશ અને દુર્ઘટનાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું હતું. પરંતુ તે યુગમાં પણ પૂર્વ હોય કે પશ્ચિમ, દરેક જગ્યાએ વૈજ્ઞાનિકો તેમની મહાન શોધમાં વ્યસ્ત હતા. પશ્ચિમમાં આઈન્સ્ટાઈન, ફર્મી, મેક્સ પ્લાન્ક, નીલ્સ બોહર અને ટેસ્લા જેવા વૈજ્ઞાનિકો પોતાના પ્રયોગોથી દુનિયાને ચમકાવી રહ્યાં હતાં. તે જ સમયગાળામાં, સીવી રામન, જગદીશ ચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, મેઘનાદ સાહા અને એસ ચંદ્રશેખર સહિત ઘણા વૈજ્ઞાનિકો તેમની નવી શોધો સામે લાવી રહ્યા હતા.

**જ્યારે આપણે આપણા વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, ત્યારે વિજ્ઞાન આપણા સમાજ અને સંસ્કૃતિનો ભાગ બની જાય છે.**

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, જ્યારે આપણે આપણા વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, ત્યારે વિજ્ઞાન આપણા સમાજનો ભાગ બની જાય છે, તે સંસ્કૃતિનો ભાગ બની જાય છે. વડાપ્રધાન શ્રી મોદીએ દરેકને આપણા દેશના વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાને કહ્યું વૈજ્ઞાનિકો દેશને તેમની ઉજવણી કરવા માટે પૂરતા કારણો આપી રહ્યા છે, તેમણે કોરોના રસી વિકસાવવામાં અને વિશ્વના સૌથી મોટી રસીકરણ અભિયાનમાં યોગદાન આપવા માટે ભારતીય વૈજ્ઞાનિકોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાનએ પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર વિજ્ઞાન આધારિત વિકાસની વિચારસરણી સાથે કામ કરી રહી છે. "2014થી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારના પ્રયાસોને કારણે આજે ભારત વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં ૪૬મા ક્રમે છે, જ્યારે ૨૦૧૫માં ભારત ૮૧મા ક્રમે હતું." તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ધ્યાન દોર્યું હતું કે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતા તરફનો ઝોક આપણી યુવા પેઢીના DNAમાં છે. આપણે આ યુવા પેઢીને પૂરી તાકાતથી ટેકો આપવાની જરૂર છે. વડાપ્રધાનશ્રીએ યુવાનોની નવીન ભાવનાને ટેકો આપવા માટે સંશોધન અને નવીનતાના ક્ષેત્રમાં નવા ક્ષેત્રો અને મિશનોની યાદી આપી હતી. તેમણે સ્પેસ મિશન, નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન, સેમીકન્ડક્ટર મિશન મિશન હાઈડ્રોજન અને ડ્રોન ટેક્નોલોજીના ઉદાહરણો આપ્યા. તેવી જ રીતે NEP





માતૃભાષામાં વિજ્ઞાન અને તકનીકી શિક્ષણ આપીને આને પ્રોત્સાહન આપી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ અમૃતકાળમાં ભારતને સંશોધન અને નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે આપણે એકસાથે અનેક મોરચે કામ કરવું પડશે. તેમણે વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધિત શોધનને સ્થાનિક સ્તરે લઈ જવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યોને તેમની સ્થાનિક જરૂરિયાતો અનુસાર સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું. રાજ્યોએ રાષ્ટ્રીય સ્તરની ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓ અને રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની ક્ષમતા અને કુશળતાનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ .

વડાપ્રધાનશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે સ્ટેટ સેન્ટર સાયન્સ કોન્ક્લેવ દેશમાં વિજ્ઞાનની પ્રગતિ તરફ એક નવું પરિમાણ ઉમેરશે અને સંકલ્પ કરશે. વડાપ્રધાનશ્રીએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં કોઈ પણ તકને હાથમાંથી છૂટવા ન દેવા સૌને વિનંતી કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે, યુવા પેઢીને સાયન્સ ટેકનોલોજી તથા ઇનોવેશન અંગે નવીન તક આપવા જ્ઞાન આધારિત સાયન્સ ટેકનોલોજી ઇકોસિસ્ટમનું નિર્માણ સરકાર કરી રહી છે. ગુજરાત દેશભરના સ્ટાર્ટઅપ રેન્કીંગમાં સતત ત્રણ વર્ષથી પ્રથમ ક્રમે રહ્યું છે. સાયન્સ ટેકનોલોજી ક્ષેત્રે રોજગાર સર્જન અને ઇનોવેશનને પણ પ્રોત્સાહન ગુજરાત સરકાર આપે છે.

કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, દેશમાં ૩૫૦૦ સ્ટાર્ટઅપ્સ હતા જેનો આંકડો શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૭૫ હજારે પહોંચ્યો છે. અમૃતકાળમાં યુવાન વિજ્ઞાનીઓને પ્રોત્સાહન અપાશે, જેથી યુવાનો પૂરી ઊર્જા સાથે રાષ્ટ્રનિર્માણમાં સમર્પિત થઈ શકે.

આ પ્રસંગે મંત્રી શ્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, ભારતના દૂરંદેશી વડાપ્રધાનશ્રી એ હંમેશા વિજ્ઞાન, ટેકનોલોજી અને સંશોધન ને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાનશ્રીના ઐતિહાસિક નિર્ણયોના ભાગરૂપે આજે ટેક્નોલોજી ઘરે - ઘરે પહોંચી છે. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે યુવા વૈજ્ઞાનિકોને કેવી રીતે યોગ્ય પ્લેટફોર્મ આપવું એ વિચારણા પણ આ પ્રસંગે કરવામાં આવશે. અમૃતકાળમાં વર્ષ ૨૦૪૭ સુધી આવનારા ૨૫ વર્ષોમાં સાયન્સ અને ટેકનોલોજીના ઉત્તમ સમન્વય વડે દેશને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' બનાવવાના ધ્યેય સાથે આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવશે.

રાજ્યનાં શિક્ષણ વિજ્ઞાન - પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતે હંમેશા નવા ઈનીશિયેટિવ લીધા છે, જેનું અન્ય રાજ્યો અને દેશોમાં અનુકરણ થતું હોય છે. સાયન્સ સિટી એ વિશ્વનું સૌથી મોટું સાયન્સ સેન્ટર છે. લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

સાયન્સ કોન્ક્લેવમાં કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સેક્રેટરી ડૉ. એસ. ચંદ્રશેખર, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, સાયન્સ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, નીતિ આયોગના મેમ્બર ઓફ સાયન્સ શ્રી વી. કે. શ્રીવાસ્તવ, સાયન્સ સિટીના એક્ઝિટિવ ડાયરેક્ટર શ્રી જે. બી. વદર તેમજ આઠથી વધુ રાજ્યોના સાયન્સ - ટેકનોલોજી મંત્રીશ્રીઓ અને વિવિધ રાજ્યોના સાયન્સ- ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરતમાં વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે વડાપ્રધાનશ્રીનો વર્ચ્યુઅલ સંવાદ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને અનુલક્ષીને ઓલપાડના ધારાસભ્ય અને કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના વડપણ હેઠળ ઓલપાડ વિધાનસભા પરિવાર દ્વારા મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં હજારો જરૂરિયાતમંદોએ નિદાન, દવા અને સારવારનો લાભ મેળવ્યો હતો. મેગા મેડિકલ કેમ્પમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ જનહિતકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ સંવાદ કરતાં જણાવ્યું હતું કે, અમારા માટે દેશનો સામાન્ય નાગરિક ઈશ્વર સમાન છે. કેન્દ્રની અને રાજ્યની એમ ડબલ એન્જિનની સરકારના ડબલ લાભો જનતાને મળી રહ્યા છે. આવી જનહિતની યોજનાઓના કરોડો લાભાર્થીઓના આશીર્વાદ સરકારને બમણા વેગથી કામ કરવાની પ્રેરણા આપે છે.

વડાપ્રધાનશ્રીએ લાભાર્થીઓ સાથે સંવાદ કરી તેમણે મેળવેલા લાભો અને તેના થકી જીવનધોરણમાં આવેલા બદલાવની વિગતો જાણી હતી અને અન્ય જરૂરિયાતમંદ લોકોને પણ યોજનાના લાભો મેળવવામાં સહાયરૂપ બને એ માટે તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. લાભાર્થીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેક યોજનાઓના લાભો મળવા બદલ વડાપ્રધાનશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વર્ચ્યુઅલ સંબોધન કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, કોઈ એક જ સ્થળે હેલ્થ કેમ્પ યોજી હજારો નાગરિકોના આરોગ્યની કાળજી લેવી એ ઈશ્વરીય કાર્ય છે. કેમ્પના આગવા આયોજન માટે તેમણે મંત્રી શ્રી મુકેશભાઈ પટેલને અભિનંદન આપતાં કહ્યું કે, દેશની પ્રગતિમાં આરોગ્યમય નાગરિકો, સ્વસ્થ સમાજ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એટલે જ કેન્દ્ર સરકારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, અબાલવૃદ્ધ સૌના જીવનમાં ખુશહાલી આવે તે માટે તમામ યોજનાઓનાં ફળો છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું સરકારનું લક્ષ્ય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસના પાયા મજબૂત રીતે નાખ્યા હોવાથી આજે ગુજરાત સમગ્ર દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. આરોગ્ય, શિક્ષણ, માર્ગો, વીજળી અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ ગુજરાતના દરેક ખૂણામાં પહોંચી છે.

વડાપ્રધાનશ્રીની લોકહિતની કાર્યસંસ્કૃતિના ચીલે ચાલીને રાજ્ય સરકાર 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના નિર્માણ માટે સતત કર્તવ્યરત છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે, ગુજરાતનું વિકાસ મોડેલ દેશનું સર્વસ્વીકૃત મોડેલ બન્યું છે. કોરોનાકાળના વિકટ સમયનો ધીરજ, મક્કમતા અને આગવી સૂઝબૂઝથી સામનો કરીને દેશવાસીઓને સુરક્ષિત રાખવા અને સ્વદેશી રસી વિકસાવી દેશને આરોગ્ય કવચ પૂરું પાડ્યું છે. વિકાસની રાજનીતિ કરવી એ રાજ્ય અને કેન્દ્રની સરકારનો સ્વભાવ છે. વચનો આપીને નહીં, પણ કામ કરીને લોકોને સુખાકારીભર્યું જીવન પ્રદાન કરવું એ આ સરકારનું લક્ષ્ય છે.

આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, ધારાસભ્ય સર્વશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, મોહનભાઈ ઢોડિયા, અરવિંદભાઈ રાણા, કાન્તિભાઈ બલર, સંગીતાબહેન પાટિલ, પ્રવીણભાઈ ઘોઘારી, વિવેકભાઈ પટેલ, ઝંખનાબહેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, લાભાર્થીઓ, દર્દીઓ તથા વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કૃષિના પૂરક વ્યવસાયોને પ્રોત્સાહન આપવા સરકાર કટિબદ્ધ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંનિષ્ઠ પ્રયાસોથી સહકારી ક્ષેત્રનો નવો વિભાગ બનાવીને સહકાર ક્ષેત્રને વધુ સમૃદ્ધ બનાવવાની નવી દિશા ભારતે કંડારી છે. કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં તાજેતરમાં અમરેલી ખાતે અમર ડેરીના પટાંગણમાં વિવિધ ક્ષેત્રોની સાત સહકારી મંડળીઓની સંયુકત વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા સભ્યોને સંબોધન કરતા કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રના વિકાસ માટે સરકાર મધમાખી ઉછેર અને ગાય સંવર્ધન જેવા કૃષિના પૂરક વ્યવસાયને પ્રોત્સાહન આપવા સકારાત્મક પ્રયાસો કરી રહી છે. આ બાબતના સમર્થનમાં કેન્દ્રિય મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે કેન્દ્ર સરકારે મધમાખી ઉછેર માટે રૂ. ૫૫ કરોડની ફાળવણી કરી છે.

સહકારી મંડળીઓના પ્રોત્સાહન અંગે સરકારની નીતિઓનો ઉલ્લેખ કરતાં ગૃહ-સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આવનારા પાંચ વર્ષમાં ત્રણ લાખ મંડળીઓને બેંક સાથે જોડી તેમને બહુહેતુક બનાવવાની સરકારની નેમ છે. આ માટે દરેક પંચાયતમાં સહકારી મંડળીની સ્થાપના માટે રૂ. ૧૫૦૦ કરોડ અને તેના કમ્પ્યુટરાઈઝેશન માટે રૂ. ૧૦૦૦ કરોડ સહિત કુલ રૂ. ૨,૫૦૦ કરોડ સરકારે ફાળવ્યા છે. સહકાર યુનિવર્સિટીનું નિર્માણ કરી સહકારી ક્ષેત્રની તાલીમ આપવામાં આવશે. તેનો ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવશે. જેનાથી મંડળીની પ્રગતિ ઓનલાઈન જાણી શકાશે અને તેના વિકાસ માટે કામગીરી થઈ શકશે.

આ સંમેલનમાં કેન્દ્રીય પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ અને ડેરી મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી તેમજ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમર ડેરી સહિતના સહકારી સંસ્થાઓના પદાધિકારી શ્રીઓ તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

# પવિત્ર યાત્રાધામ સોમનાથમાં વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ

ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતિક સમા પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથધામમાં સમયાંતરે ભક્તોની સુવિધામાં વધારો કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં સોમનાથની મુલાકાતે આવેલા કેન્દ્રિય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સમુદ્ર દર્શન પથ પાસે હનુમાનજીની ૧૬ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ તેમજ સમુદ્ર દર્શન પથ પર ૨૦૨ મારૂતિ હાટની દુકાનોનું ઉદ્ઘાટન કર્યુ હતું.

ગૃહમંત્રી શ્રી શાહે મહાદેવ સમક્ષ ગંગાજળનો અભિષેક અર્પણ કર્યા બાદ પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ તેમણે મંદિરમાં સોમગંગા વિતરણ સુવિધાનો પ્રારંભ કરી શ્રી ચંડેશ્વર પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું. સોમનાથ મહાદેવને અર્પણ કરાતા ગંગાજળને રિફાઈન કરી ભાવિકોને પ્રસાદ રૂપે આપવાના પવિત્ર પ્રકલ્પનો પણ પ્રારંભ કરાવ્યો હતો. સોમગંગા જલ શ્રદ્ધાળુઓ પોતે લઈ જઈ શકે તે માટે ઈ.ટી.પી. વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગથી દેશ-વિદેશના શ્રદ્ધાળુઓને લાઈવ દર્શન કરવા માટે અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી નવીન વેબ પોર્ટલ મંત્રી શ્રી અમિતભાઇ શાહે લોંચ કર્યું. આ વેબ પોર્ટલ પર ભક્તોને ઉપયોગી એવી વિવિધ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



ભારત સરકારની પ્રસાદ યોજના અંતર્ગત સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી મળે તે માટે રૂ ૧.૮૦ કરોડના ખર્ચે શ્રી મારૂતિ હાટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૬૨ દુકાનો બનાવી સ્થાનિક હોકર્સને ફાળવવામાં આવી છે.

આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, નેશનલ કો ઓપરેટીવ એગ્રીકલ્ચર બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા, પૂર્વ મંત્રી શ્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમાર, રાજશીભાઈ જોટવા, શ્રી ઝવેરીભાઈ ઠકરાર, વેરાવળ-પાટણ નગરપાલિકા પ્રમુખ શ્રી પિયૂષભાઈ ફોફંડી, સોમનાથ મંદિર ટ્રસ્ટી શ્રી જે.ડી.પરમાર, શ્રી પી.કે લહેરી, સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ સહિતના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ●

### ત્રિ-દિવસીય છઠ્ઠી ઓલ ઇન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨ યોજાઈ

# દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે જેલ પ્રશાસન મહત્ત્વનું અંગ છે : શ્રી અમિતભાઈ શાહ




જેલ પ્રશાસન સમાજ વ્યવસ્થા જાળવવાનું મહત્વનું અંગ છે, ત્યારે જેલ સુધારણા અને તેના દ્વારા કેદીઓનું પુનર્વસન થાય તે પણ એટલું જ જરૂરી છે. વર્તમાન કેન્દ્ર સરકારે જેલ સુધારણાને અગ્રિમતા આપી છે. અમદાવાદમાં ત્રિ-દિવસીય છઠ્ઠી 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨'નો પ્રારંભ કરાવતાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અગાઉ અમલી એવા જેલ મેન્યુઅલના બદલે વર્ષ ૨૦૧૬માં મોડેલ જેલ મેન્યુઅલ કાર્યાન્વિત કર્યું છે. જોકે દેશનાં ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેને અપનાવ્યું છે. દેશના તમામ રાજ્યો આ મોડેલ જેલ મેન્યુઅલ અપનાવે તો સુધારાત્મક બાબતો પણ સમાવાયેલા આ મેન્યુઅલથી કેદીઓના પુનર્વસનનો પરિણામલક્ષી અમલ થઈ શકશે. ઉલ્લેખનીય છે કે, આ મીટમાં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૦૩૧ જેલ અધિકારીઓ-કર્મચારીઓ વિવિધ ૧૮ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે. આ મીટનું આયોજન ગુજરાત પોલીસના જેલ વિભાગ તથા બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ (BPR&D)ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર આગામી ૬ માસમાં મોડેલ ઍક્ટ લાવશે અને તેના પગલે દેશની તમામ જેલોમાં અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે. જેલો પ્રત્યે અલગ દૃષ્ટિકોણ અપનાવવાના અભિગમનો ઉલ્લેખ કરી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, દરેક રાજ્ય અને જિલ્લામાં કોર્ટ દ્વારા કેસોના નિકાલ માટે વીડિયો કોન્ફરન્સની સુવિધા હોવી જોઈએ એ સમયની માંગ છે. સાથે-સાથે નાર્કોટિક્સ તેમજ ગુનાહિત માનસિકતા ધરાવતા કેદીઓને અલગ રાખવા જોઈએ. જેલમાં વધુ પ્રમાણમાં કેદીઓ હોય તે સ્થિતિ યોગ્ય નથી, ત્યારે જેલ નિયંત્રણ માટે વૈજ્ઞાનિક અભિગમ સાથે આપણે આગળ વધી રહ્યા છીએ, તેમ એમણે જણાવ્યું હતું.

**દરેક રાજ્ય અને જિલ્લામાં કોર્ટ દ્વારા કેસોના નિકાલ માટે વીડિયો કોન્ફરન્સની સુવિધા હોવી જોઇએ એ સમયની માંગ છે.**

આ મીટને બિરદાવતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એકમ એ દેશની આંતરિક અને

બાહ્ય સુરક્ષા માટે મહત્ત્વનું એકમ છે, ત્યારે આ એકમ દ્વારા યોજાયેલી મીટ જેલોના અધિકારી-કર્મચારીઓની સકારાત્મક પ્રતિસ્પર્ધા અને ખેલ ભાવના વિકસાવવાનું માધ્યમ બનશે. જેલનો દરેક કેદી જન્મથી ગુનેગાર હોતો નથી, પરંતુ સંજોગવશાત્ આચરેલા ગુનાને કારણે જેલ ભોગવતો હોય છે. તેમની સાથેનો સદ્‌ભાવનાપૂર્ણ વ્યવહાર પણ જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં આ પ્રિઝન ડ્યુટી મીટ ગુજરાતમાં યોજાઈ રહી છે તે ગુજરાત માટે ગૌરવની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનનો એક નવો યુગ શરૂ થયો છે. એના જ પરિણામે દેશ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે અને છેલ્લાં આઠ વર્ષથી ગુડ ગવર્નન્સનો અનુભવ કરી રહ્યો છે, તેમ એમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જેલમાં રહેલા કેદીઓ તેમજ તેમની દેખરેખ રાખતા કર્મચારીઓ-અધિકારીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ અને શાંતિમય માહોલ થકી જેલ સુધારણા માટે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આગવી પહેલ કરી છે. એટલું જ નહીં, શ્રી અમિતભાઈ શાહે વિવિધ સંસ્થાઓ દ્વારા કેદીઓને તાલીમ અને ટેકનોલોજીના ઇનોવેટીવ ઉપયોગથી પ્રિઝન એડમિનિસ્ટ્રેશન માટેનો નવો રાહ દેશને ચીંધ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે રાજ્યની જેલોમાં અનેક પ્રભાવી સુધારા કરીને જેલોને સફળ તાલીમ કેન્દ્રોમાં રૂપાંતરિત કરી છે. કેદીઓ માટે ઈ-મુલાકાત, ઈ-કોર્ટ, ઓડિયો લાઇબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવી કેદીઓમાં સંસ્કાર પ્રસરાવવાની વિવિધ પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપ્યું છે.

પ્રિઝન ડ્યુટી મીટ જેવી ઈવેન્ટ જેલ-વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓમાં ખેલદિલી અને પરસ્પર સમન્વયની ભાવનાનો વિકાસ કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. જેલ-વ્યવસ્થાપનની કાર્યક્ષમતામાં વધારો કરતી સ્પર્ધાના આયોજન માટે ગુજરાત બીજી વાર યજમાની કરી રહ્યું છે તે બાબત ગૌરવરૂપ છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ૫૦ કારાગાર પ્રશિક્ષણ નિયમાવલી તથા જેલ કૉફી ટેબલ બુકનું વિમોચન કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ગુજરાત રાજ્યના ગૃહ અને મહેસૂલ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પૂર્વ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લા, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા સહિત વિવિધ રાજ્યોના જેલ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટમાં કુલ ૧૮ પ્રકારની સ્પર્ધાઓ જેવી કે, વૉલિબોલ, કબડ્ડી તેમજ ૧૦૦ મીટર, ૪૦૦ મીટર દોડ, લોંગ જમ્પ, હાઈ જમ્પ યોજાઇ હતી. ●

# ઓપન જેલ થકી કેદીઓને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરવા અનુરોધ



ઓલ ઇન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટના સમાપન સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, કેદીઓ માટે જેલ ખરા અર્થમાં સુધારાગૃહ બનવી જોઈએ. જેલ વહીવટી તંત્ર દ્વારા જેલમાં એવું વાતાવરણ નિર્માણ પામે કે અપરાધી સજા કાપ્યા બાદ અપરાધી ન રહે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે માનવીય અભિગમ સાથે જેલ સુધારણા પર ભાર મૂક્યો હતો. તેમણે વિજેતા ટીમને પુરસ્કાર, ટ્રોફી આપી ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી હતી.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશમાં જેલ સુધારણા માટે અનેકવિધ કાર્યો થઈ રહ્યાં છે. કેદીઓમાં કૌશલ્ય નિર્માણ કરવાથી સજા ભોગવ્યા બાદ કેદીઓ રોજગારી મેળવી શકશે. એટલું જ નહીં, તેમને સરળતાથી સામાજિક સ્વીકૃતિ પણ મળી શકશે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ઓપન જેલના વિચારને મહત્ત્વપૂર્ણ ગણાવી કેદીઓને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત કરવા પણ અનુરોધ કર્યો હતો, જેથી તેઓ દેશના અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાસ્રોત બની શકે. રાજ્યપાલશ્રીએ બે વખત ઓલ ઇન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટના સફળ આયોજન બદલ ગુજરાત સરકાર અને ગુજરાત જેલ પ્રશાસનને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સફળ ટીમ અને ખેલાડીઓના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ ત્રિદિવસીય પ્રિઝન મીટમાં આશરે ૯૩૪ ખેલાડીઓ સામેલ થયા હતા. કવીઝ, જેલ સ્વચ્છતા, કમ્પ્યુટર અને ટેકનોલોજી, વન મિનિટ ડ્રિલ, કબડ્ડી, સંગીત, વૉલીબોલ સહિતની વિવિધ ૧૮ સ્પર્ધાઓના વિજેતાઓને રાજ્યપાલશ્રીના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તે પૈકી કમ્પ્યુટર અને ટેક્નોલોજીની કેટેગરીમાં ગુજરાતની ટીમે બાજી મારી લીધી હતી. છઠ્ઠી અખિલ ભારતીય પ્રિઝન ડ્યુટી મીટના સમાપન સમારોહમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર તેમજ વિવિધ રાજ્યના જેલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## અમદાવાદમાં ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું લોકાર્પણ

# અનુપમ શાળાઓમાં બાળકોનો સર્વગ્રાહી વિકાસ થશે

રાજ્યનું દરેક બાળક આવનારા સમયમાં વૈશ્વિક સ્તરે કદમ મિલાવી શકે તથા દરેક ક્ષેત્રે આગળ વધી શકે તે માટે શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ આયામો અમલમાં મૂકવામાં આવ્યા છે. અનુપમ (સ્માર્ટ) શાળા આવું જ એક સોપાન છે. તે બાળકોને ભણતર ભારરૂપ ન લાગે તે રીતે અને રમતાં-રમતાં બાળકો ભણી શકે તેવા વિવિધ ડિજિટલ પ્રોજેક્ટ અને મોડલ સાથે અભ્યાસ પૂરો પાડીને બાળકોનો સર્વગ્રાહી વિકાસ સાધવા માટે સંકલ્પબદ્ધ છે. તાજેતરમાં અમદાવાદના નવા વાડજ ખાતેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા કુલ રૂ. ૯.૫૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી ચાર અનુપમ (સ્માર્ટ) શાળાઓનું ઈ-લોકાર્પણ કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

આ શાળાઓમાં ગાંધીનગર શાળા નંબર-૨, નારણપુરા ગુજરાતી શાળા નંબર-૬, ઘાટલોડિયા શાળા નંબર-૨ અને થલતેજ શાળા નંબર-૨નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે હાલ રાજ્યમાં કુલ ૨૨ જેટલી અનુપમ શાળાઓનું કામકાજ પૂર્ણ થયું છે, જેમાંથી ઉપરોક્ત ચાર શાળાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શાળાનો ફાયદો શહેરના ગરીબ અને મધ્યમ વર્ગનાં કુલ ૩૨૦૦ જેટલાં બાળકોને મળશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, બાળકોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુરૂપ અને આધુનિક પદ્ધતિ સાથેનું શિક્ષણ મળે તે માટે શરૂ કરાયેલી આ અનુપમ શાળાઓ ખરેખર રાજ્યમાં સ્થાપિત ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાની સાબિતી આપે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારની કલ્યાણ યોજનાઓ અને યોજનાકીય ભંડોળનું સુચારુ અમલીકરણ -એક્ઝિક્યુશન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં થાય છે, એમ શ્રી શાહે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લગભગ દરેક ક્ષેત્રે લોકકલ્યાણ અને જનસહાયની અનેકવિધ યોજનાઓના સુચારુ અમલીકરણ થકી આજે ગુજરાત દેશભરમાં વિકાસનું મોડલ બન્યું છે. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ૩ ટકાથી પણ નીચે પહોંચ્યો છે. પહેલાં ૧૦૦માંથી ૬૭ બાળકો જ શાળામાં દાખલ થતાં હતાં, એટલે કે ૪૦ ટકા બાળકોને જ પ્રાથમિક શિક્ષણ મળતું હતું, જે આજે ૯૫ ટકાથી પણ વધારે સુધી પહોંચ્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાક પ્રયત્નો અને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી, ટીચર્સ ટ્રેનિંગ જેવા નવતર અભિગમોના પરિણામ સ્વરૂપે આજે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે દેશભરમાં ઉદાહરણરૂપ છે. સાર્વજનિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણ બાબતે ગુજરાત આખા દેશમાં રોલ મોડેલ બન્યું છે. બાળકના શિક્ષણનું સ્તર કેવી રીતે ઉપર લાવવું એ કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર સુપેરે જાણે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધુરા સંભાળ્યા બાદ શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ઉદ્યોગ, સુરક્ષા, ઊર્જા સહિતનાં તમામ ક્ષેત્રે રાજ્યે અવિરત વિકાસ સાધ્યો છે. આજે ગામડાઓમાં ચોવીસ કલાક થ્રી ફેઝ વીજળી મળે છે. ગુજરાતની ૨૦ વર્ષથી ચાલતી વણથંભી વિકાસ યાત્રા હજુ પણ આમ જ ચાલતી રહેશે, તે રાજ્ય સરકારનો નિર્ધાર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું







કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ડબલ એન્જિન સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓના અમલીકરણ થકી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કુલ ૨૦ અનુપમ શાળાઓ તૈયાર થઈ ગઈ છે તેમજ વધુ ૬૩ શાળાઓ નવેમ્બર સુધીમાં શરૂ કરાશે. આવનારા દિવસોમાં અંદાજે ૧.૫૦ લાખ બાળકોને અનુપમ શાળાઓનો લાભ મળે એવું આયોજન કરવામાં આવ્યું છે. આમ, કુલ ૮૩ અનુપમ શાળાઓ થકી અમદાવાદ અને ગાંધીનગરનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં બાળકોને અત્યાધુનિક શિક્ષણ સુવિધાઓ થકી પાયાનું ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાનો સરકારનો લક્ષ્યાંક છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં સૌ પ્રથમ એવું વૈશ્વિક કક્ષાનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાત પાસે છે, જેના દ્વારા શિક્ષણ ક્ષેત્રે રીયલ ટાઈમ ઓનલાઈન મોનિટરિંગ દ્વારા શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો કરી શકાય છે. આ સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને શાળા સંબંધિત ડેટા, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના બીગ ડેટા એનાલિટીક્સના માધ્યમથી ૫૦૦ કરોડ જેટલા ડેટા સેટ્સનું મીનિંગફુલ એનાલિસિસ કરવામાં આવે છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારના શિક્ષણ ક્ષેત્રે સંનિષ્ઠ પ્રયાસોના પરિણામે આજે ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાં પ્રવેશ લેવાનો રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. આ વર્ષે અમદાવાદમાં ૫૯૦૦ બાળકોએ ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. જ્યારે છેલ્લાં આઠ વર્ષમાં ૪૧ હજારથી વધુ બાળકો ખાનગી શાળામાંથી અમદાવાદની સરકારી શાળામાં આવ્યાં છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નવા ભારતની સંકલ્પનાને સાકાર કરવા અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક અને પાયાના શિક્ષણ દ્વારા નવી પેઢીને તૈયાર કરવાની નેમ સાથે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન અને સ્કૂલ બોર્ડ દ્વારા આ અનુપમ(સ્માર્ટ) શાળાઓ બનાવવામાં આવી છે, જેમાં પ્રજ્ઞા અને જ્ઞાનકુંજ, અટલ ટિંકરિંગ જેવા નવતર અભિગમો આધારિત સ્માર્ટ શિક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અનુપમ(સ્માર્ટ) સ્કૂલો વિવિધ આધુનિકતા સભર શૈક્ષણિક ઉપકરણો, ગણિત - વિજ્ઞાનનાં વર્કિંગ મોડલ, થ્રી ડી ઈનોવેશન વૉલ સહિતની તમામ આધુનિક ટેક્નોલોજી અને ડિજિટલ શૈક્ષણિક સુવિધાઓથી સજ્જ છે. જેનાથી બાળક ડિજિટલ યુગને અનુરૂપ ખરું સ્માર્ટ એજ્યુકેશન મેળવીને પોતાનાં સપનાઓ સાકાર કરવા તરફ એક ડગલું આગળ વધે છે અને સર્વગ્રાહી વિકાસ સાધી શકે છે.

ઈ-લોકાર્પણ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, સાંસદ શ્રી નરહરિભાઈ અમીન અને સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વ શ્રી બાબુભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, કિશોરભાઈ ચૌહાણ, રાકેશભાઈ શાહ અને કૌશિકભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરેટરો તેમજ મોટી સંખ્યામાં શિક્ષણ જગત સાથે સંકળાયેલા તજજ્ઞો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



## અનુપમ (સ્માર્ટ) શાળાઓમાં ઉપલબ્ધ અત્યાધુનિક શૈક્ષણિક સુવિધાઓ

- *સ્માર્ટ ક્લાસ*
- *મેથ્સ અને સાયન્સ લેબ*
- *ફ્યુચર ક્લાસરૂમ*
- *3D એજ્યુકેશનલ ચાર્ટ્સ*
- *જોયફુલ લર્નિંગ ક્લાસ*
- *ફેન્સી બેન્ચિસ*
- *શૂ રેક*
- *ફ્યુચર ક્લાસરૂમ માટે લોકર્સ*
- *કલરફૂલ ઈન્ડોરમેટ*
- *મલ્ટિમિડીયા વ્હાઈટ બોર્ડ*
- *સ્પોર્ટ્સ કીટ*
- *ફાયર બેલ*
- *પ્લે ગ્રાઉન્ડ ઈક્વીટમેન્ટ્સ*
- *સ્માર્ટ લાઈબ્રેરી*
- *વિડિયો ઓન ડિમાન્ડ, પ્રજ્ઞા અભિગમ, જ્ઞાન કુંજ*
- *3D પેઈન્ટિંગ્સ*
- *સ્ટેમ એન્ડ રોબોટિક લેબ*
- *એલ. ઈ. ડી. ટીવી સહિતની તમામ પ્રકારની અત્યાધુનિક શૈક્ષણિક સુવિધાઓ*

### ખેલ મહાકુંભનું સમાપન અને ૩૬મી નેશનલ ગેમ્સનું કર્ટેન રેઇઝર પ્રસ્તુત કરાયું

# અમદાવાદ શહેર વિશ્વના સૌથી મોટા સ્પોર્ટ્સ સિટી તરીકે ઊભરી આવશે



અમદાવાદમાં ખેલ મહાકુંભની ૧૧મી શૃંખલાના સમાપન અને ૩૬મી નેશનલ ગેમ્સના કર્ટેન રેઇઝરના રંગારંગ સમારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આરંભેલા રમત-ગમત ક્ષેત્રના વિકાસની સુવાસના પરિણામે જ દસ વર્ષ પહેલાં ખેલમહાકુંભમાં ૧૧ લાખ ખેલાડીઓનું રજિસ્ટ્રેશન આ વર્ષે ૫૫ લાખે પહોંચ્યું છે. આ સાથે, તેમણે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સાથે અમદાવાદ શહેરમાં અન્ય સ્પોર્ટસ ફેસીલીટીના નિર્માણ બાદ અમદાવાદ વિશ્વના સૌથી મોટા સ્પોર્ટ્સ સિટી તરીકે ઊભરી આવશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતનાં ખેલાડીઓએ પોતાની પ્રતિભા અને પ્રદર્શનથી દેશ અને દુનિયાના નકશા પર અમિટ છાપ છોડી હોવાનું જણાવી, શ્રી શાહે નેશનલ ગેમ્સના આયોજનની સાથે ગુજરાત સ્પોર્ટ્સ ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપિત કરશે તેવો મત વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતાના પરિણામે ગુજરાતમાં સ્પોર્ટ્સની આંતરરાષ્ટ્રીય સ્તરની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બની છે જેના પરિણામે જ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ તૈયાર થઈ રહ્યાં છે, એમ તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ સ્પોર્ટસ ક્ષેત્રે ભારતને વૈશ્વિક ફલક પર પ્રસ્થાપિત કરવા ફિટ ઇન્ડિયા, ખેલો ઇન્ડિયા જેવા અભિયાન શરૂ કર્યા છે. તેમજ રાષ્ટ્રીય રમતોને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૪ના વિભાગના ૮૬૬ કરોડના બજેટમાં વધારો કરીને આજે ૨૦૦૦ કરોડની રકમની ફાળવણી કરીને રમતગમતને પ્રોત્સાહન આપ્યું છે. તેના પરિણામસ્વરૂપ, વર્ષ ૨૦૧૪ પહેલાં ઑલિમ્પિકમાં બે સુવર્ણ પદક જીતતા ખેલાડીઓની સંખ્યા વધીને આજે ૭ થઈ છે, તો પેરાઑલિમ્પિક તથા એશિયન ગેમ્સમાં સુવર્ણ પદક વિજેતાઓની સંખ્યા વધી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ૨૦ વર્ષમાં આર્થિક, ઔદ્યોગિક ક્ષેત્રમાં સર્વાંગીણ વિકાસ સાથે ૨૪ કલાક વીજળી, શ્રેષ્ઠ રોડ કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં હરણફાળ ભરીને દેશમાં પરિવર્તનનું સારથી બન્યું હોવાનું ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીના ભગીરથ પ્રયાસોથી જ નર્મદાનાં નીર લાંબી મજલ કાપીને કચ્છ સુધી પહોંચ્યાં છે, ત્યારે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનો દશકાઓથી વિરોધ કરનારાઓને રાજ્યની જનતાએ હંમેશા નકાર્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા ખેલ મહાકુંભ શ્રૃંખલાની ૧૧મી કડીના સમાપનની સાથે ૩૬મી નેશનલ ગેમ્સનું કર્ટેન રેઇઝર અને એપ લૉન્ચિંગ એ રાજ્યથી રાષ્ટ્રીય કક્ષાની ખેલયાત્રા સમાન પ્રસંગ છે. એક સમયે ગુજરાતીઓ માત્ર દાળ-ભાત ખાનારા છે કે વેપાર-બિઝનેસમાં જ રસ ધરાવે છે, એવી છાપ હતી, એ ગુજરાતીઓમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસ્યું છે તેનો શ્રેય આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. ખેલ મહાકુંભ તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. વર્ષ ૨૦૧૦માં શરૂ કરાયેલા ખેલ મહાકુંભના પગલે ગુજરાતમાં એક આખી સ્પોર્ટિંગ કમ્યુનિટી તૈયાર થઈ છે. ગુજરાતના યુવા ખેલાડીઓ હવે રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષા સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાનું કૌશલ્ય પુરવાર કરવા લાગ્યા છે.

આ વર્ષે ૧૧મી શ્રૃંખલામાં ગ્રામ્ય, તાલુકા, જિલ્લા કક્ષાએથી કુલ ૫૫ લાખ જેટલા રમતવીરોની રેકોર્ડબ્રેક સંખ્યામાં નોંધણી થઈ હતી. આ ખેલમહાકુંભના વિજેતાઓને રૂ.30 કરોડ જેટલી માતબર રકમના ઈનામો એનાયત કરવામાં આવ્યાં છે.

ગુજરાતના ખેલ-કૂદ પ્રત્યેના સ્પર્ધાત્મક અભિગમને કારણે દેશ અને દુનિયા ગુજરાતને ભારતના ભાવિ સ્પોર્ટિંગ હબ તરીકે જોવા લાગી છે. વિશ્વની આ અપેક્ષાને મૂર્તિમંત કરવા વિશ્વકક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમદાવાદમાં આકાર પામી રહ્યું છે. ગુજરાતે નવી સ્પોર્ટ્સ પૉલિસી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીથી એક આખી સ્પોર્ટ ઈકોસિસ્ટમ ઊભી કરી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું

હતું કે, ૨૦ હજાર રમતવીરોને આવકારવા ગુજરાત ઉત્સુક છે.

ખેલકૂદ ક્ષેત્ર મહત્ત્વનું પરિબળ હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતે માત્ર ત્રણ મહિનાના સમયગાળામાં આ ૩૬મી નેશનલ ગેમ્સના આયોજનની તમામ તૈયારીઓ કરી લીધી છે, એ પણ એક મોટી સિદ્ધિ છે. દેશભરના રમતવીરો ખેલ-કૂદની સાથે-સાથે ગુજરાતનાં ૬ મહાનગરોની રહેણી-કરણી, ખાન-પાન અને ભાતીગળ ગરબા-રાસની સંસ્કૃતિનો પણ પરિચય મેળવશે એમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રિય રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, ગુજરાત નેશનલ ગેમ્સની યજમાની કરવાનું છે અને ૮૦૦૦ ખેલાડીઓ સહિત રમતગમત સાથે સંકળાયેલા ૧૨,૦૦૦થી વધારે લોકો ગુજરાતમાં આવવાના છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, સાત વર્ષ પછી નેશનલ ગેમ્સનું આયોજન વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શક્ય બન્યું છે.

આ અવસરે રાજ્યના ગૃહ અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, માત્ર ૯૦ દિવસના ટૂંકા સમયગાળામાં ગુજરાતે નેશનલ ગેમ્સની તૈયારીઓ સંપૂર્ણપણે પૂર્ણ કરીને ગુજરાતની સક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ દેશ સમક્ષ રજૂ કર્યું છે. આ ૩૬મી નેશનલ ગેમ્સમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતે વિવિધ પ્રકારની ૩૬ રમતોની સ્પર્ધાઓ યોજાશે. ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૦,૦૦૦થી વધારે રમતવીરો, કોચ તથા રમતગમત ક્ષેત્રના અધિકારીઓ નેશનલ ગેમ્સ નિમિત્તે ગુજરાતના મહેમાનો બનવાના છે.

આ સમારંભમાં ગુજરાત રાજ્યમાં નેશનલ ગેમ્સના આયોજન માટે ઈન્ડિયન ઑલિમ્પિક એસોસિયેશન, ગુજરાત રાજ્ય ઓલિમ્પિક એસોસિયેશન અને ગુજરાત સરકાર વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરનારા ગુજરાતના ત્રણ પેરા-એથ્લેટ્સને ખેલ પ્રતિભા પુરસ્કાર કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

મહાનુભાવોના હસ્તે નેશનલ ગેમ્સની રજેરજની લાઈવ અપડેટ્સ લોકોને આંગળીના ટેરવે ઉપલબ્ધ બનાવવાના હેતુથી www.nationalgamesgujarat.in વેબસાઈટ અને NGGujarat એપ લૉન્ચ કરવામાં આવી હતી.

૧૧મા ખેલમહાકુંભના ૧ લાખથી વધુ વિજેતા ખેલાડીઓને ૨૯ કરોડના ઈનામની પ્રોત્સાહક રકમ DBT મારફતે ટ્રાન્સફર કરવામાં આવી હતી.

## નેશનલ ગેમ્સનું થીમ સોંગઃ
## जुड़ेगा इंडिया, जीतेगा इंडिया

*રાષ્ટ્રીય રમતોત્સવનું થીમ સોંગ જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપે છે. આ જ લાગણી રાષ્ટ્રીય રમતોના થીમ સોંગના પ્રેરણાદાયી ગીતોમાં બહાર લાવવામાં આવી છે.*

*રાષ્ટ્રીય રમતોત્સવના થીમ સોંગના શબ્દો દેશના યુવાનોને સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને સાબરમતી જેવા ઐતિહાસિક સ્થળોથી જોડાવા અને જીતવા માટે પ્રેરણા આપે છે. રમતગમતના પ્રભાવશાળી દ્રશ્યો દ્વારા સુશોભિત આ થીમ સોંગ દર્શાવે છે કે, કેવી રીતે મુશ્કેલીઓનો સામનો કરીને પણ ખેલાડીઓ જીત મેળવે છે.*

*આ થીમ સોંગ સંઘર્ષ, ગૌરવ, પ્રેરણા અને ખેલાડીઓની સિદ્ધિઓને વિશેષ રીતે વ્યક્ત કરે છે. તદઉપરાંત નેતૃત્વ, ટીમ વર્ક, સતત પ્રગતિ અને સૌથી અગત્યનું દેશના યુવાનો સહિત દરેકને એકતાની પ્રેરણા આપે છે.*

*રાષ્ટ્રીય રમતોનો મૂળ ઉદ્દેશ્ય છે:* ***એક થવું, સંગઠિત થવું અને દરેકને વિજેતા બનાવવું.***

આ સમારંભમાં કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, સર્વે શ્રી હસમુખભાઈ પટેલ, નરહરિભાઈ અમીન, કિરીટભાઈ સોલંકી, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ શ્રી અશ્વિની કુમાર, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના મહામંત્રી શ્રી રાજીવ મહેતા સહિતના અધિકારીઓ, રાષ્ટ્રીય સ્તરના રમતવીરો તથા રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



## ૩૬મી નેશનલ ગેઈમ્સમાં 'ગો ફોર ગોલ્ડ'

# ગુજરાતના ખેલાડીઓને મુખ્યમંત્રીએ આપ્યો જીતનો મંત્ર




ગુજરાતના ઘરઆંગણે યોજાઈ રહેલી ૩૬મી નેશનલ ગેમ્સમાં ભાગ લઈ રહેલાં ગુજરાતના ખેલાડીઓને જીતનો મંત્ર આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેલાડીઓની તૈયારી અને સરકારની જવાબદારીના સંગમથી ખેલકૂદક્ષેત્રે ધાર્યાં પરિણામ પ્રાપ્ત કરી શકાશે. સ્પોર્ટસમાં રસ ધરાવતા ગુજરાતના દરેક રમતવીરને ગુણવત્તાયુક્ત સુવિધાઓ પ્રાપ્ત કરાવવા માટે રાજ્ય સરકાર તેમની પડખે ઊભી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્તરની રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા જવા માટેનો દરવાજો એવી નેશનલ ગેમ્સ ગુજરાતમાં યોજવાની છે ત્યારે ગુજરાતનો દરેક ખેલાડી આ નેશનલ ગેમ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે જુસ્સા સાથે સજ્જ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ખેલકૂદ પ્રતિભા પહેલાંથી જ ભરપૂર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભની પરંપરા શરૂ કરાવતાં આ પ્રતિભાને પ્લેટફોર્મ મળ્યું છે.

૩૬મી નેશનલ ગેમ્સના સફળ આયોજનની પૂર્વ તૈયારીઓથી ગુજરાતમાં ભવિષ્યમાં ઑલિમ્પિક ગેમ્સના આયોજનની પીઠિકા તૈયાર થઈ રહી છે. નેશનલ ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતો માટે વધુ સજ્જ બનવાના છે.

મુખ્યમંત્રીશ્રીએ ૩૬મી નેશનલ ગેમ્સમાં ભાગ લેવા જઈ રહેલા ગુજરાતના રમતવીરોને 'ગો ફોર ગોલ્ડ'નો ખેલમંત્ર આપી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. તથા સૌને જ્વલંત સફળતાની શુભકામનાઓ પાઠવી હતી.

ભારતીય રાષ્ટ્રીય બેડમિન્ટન ટીમના કોચ શ્રી પુલેલા ગોપીચંદે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, ૭ વર્ષના અંતરાલ બાદ યોજાઈ રહેલી આ ૩૬મી નેશનલ ગેઈમ્સનું યજમાનપદ ગુજરાતને મળ્યું છે તે ગૌરવની વાત છે. દેશભરના ખેલાડીઓ માટે આ ગેઈમ્સ એક યાદગાર સંભારણું બની રહેશે તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઑલિમ્પિકમાં અંદાજે ૧૧ હજાર ખેલાડીઓ ભાગ લેતા હોય છે, જ્યારે નેશનલ ગેમ્સમાં ૨૦ હજાર ખેલાડી, કોચ વગેરે ભાગ લઈ રહ્યા છે, જેના પરિણામે ગુજરાત ઑલિમ્પિકના સફળ આયોજન માટે સક્ષમ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૮ વર્ષમાં ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા તેમજ પ્રોત્સાહક યોજનાઓ દ્વારા દેશમાં રમત-ગમત ક્ષેત્રે અકલ્પનીય વિકાસ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે ખેલાડીઓને ફાઈનલ ગેમ્સના અગાઉના ત્રણ દિવસોમાં ડાયટ, ઊંઘ અને સકારાત્મક અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરવાની શીખ આપી હતી.

રમત-ગમત અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, GO For Gold ઈવેન્ટનું આયોજન રમતવીરોનો ઉત્સાહ વધારવા માટે કરવામાં આવ્યું છે. ૩૬મી નેશનલ ગેમ્સમાં ગુજરાત ટોપ ફાઈવમાં સ્થાન મેળવે તે માટે સૌ રમતવીરોને સંકલ્પબદ્ધ થવા તેમણે અનુરોધ કર્યો હતો. ગો ફોર ગોલ્ડ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા રમતવીરો સહિત સ્પોર્ટસ ઑથોરિટી ઑફ ગુજરાત તથા ગુજરાત સ્ટેટ ઓલિમ્પિક એસોસિએશનના પ્રતિનિધિઓ સહભાગી બન્યાં હતાં. ●



### ‘ફાર્મર ફર્સ્ટ’ કેન્દ્ર તેમજ ગુજરાત સરકારની પ્રાથમિકતા

# નવી વિચારસરણી સાથે આગળ ધપી રહ્યું છે ગુજરાતનું સહકારી ક્ષેત્ર



ગુજરાતના ગ્રામ્ય વિસ્તારને આર્થિક રીતે પગભર બનાવવામાં અને અર્થતંત્રને મજબૂત બનાવવામાં સહકારી ક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. આઝાદી બાદ રાજ્યના સહકારી ક્ષેત્રે થયેલી પ્રગતિની નોંધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી રહી છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે રાજ્યોના સહકાર મંત્રીઓનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ગુજરાતના ઉદ્યોગ તથા સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

આ રાષ્ટ્રીય સંમેલનને સંબોધતા ઉદ્યોગ અને સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ સહકાર તથા ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના ભારતને સહકારની બ્રાન્ડ બનાવવાના લક્ષ્યને દોહરાવતા જણાવ્યું હતું કે, “સહકાર માત્ર કાયદાકીય કે બંધારણીય જોગવાઈ” નથી, પણ સહકાર એક સ્પિરિટ છે, એક સંસ્કાર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પણ કૃષિ તેમજ સહકારને સાથે લાવવા માટે પ્રયત્ન કરી રહ્યું છે, કેમ કે અમારી નીતિ હંમેશા ‘ફાર્મર ફર્સ્ટ’ની રહી છે.”

**કેન્દ્રીય ગૃહ-સહકારી મંત્રી શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં રાજ્યોના સહકાર મંત્રીઓનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું**

શ્રી વિશ્વકર્માએ સહકાર ક્ષેત્રે રાજ્યની સિદ્ધિઓ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં લગભગ 85,000 કરતા વધુ સહકારી સમિતિઓમાં 1.70 કરોડથી વધુ સભાસદો છે. ગુજરાતમાં ઉપલબ્ધ સહકારી માળખાને પરિણામે ગુજરાતના ખેડૂતોને શૂન્ય ટકા એટલે કે વગર વ્યાજે ટૂંકાગાળાની કૃષિ લોન મળી રહી છે. જેનો લાભ લાખો ખેડૂતોને મળી રહ્યો છે.

તેમણે ગુજરાતના દૂધ ક્ષેત્રે અમૂલના પ્રદાન વિશે જણાવ્યું હતું કે અમૂલનું વાર્ષિક ટર્નઓવર રૂ. 62,000 કરોડ છે અને ગુજરાતની લાખો મહિલા પશુપાલકો અમૂલનો પાયો છે. અમૂલની સફળતા એ સહકાર ક્ષેત્રે ‘નારી સશક્તિકરણ’નું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કરે છે. આજે અમૂલ સમગ્ર દેશ તેમજ વિશ્વ માટે રોલ મોડેલ છે.

મંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રે ગુજરાતની ભાવિ નીતિઓ વિશે કહ્યું હતું કે, આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલી સહકારીતા વિભાગની ચિંતન શિબિરમાં અધિકારીઓ સાથે વિચાર-વિમર્શ કરીને નવો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્રના પરંપરાગત માળખાથી ઉપર ઉઠીને નવા વિચારો સાથે આ ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ગુજરાતના સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર એશિયામાં સૌપ્રથમ રજિસ્ટર્ડ થયેલી ‘ઢુંઢી સોલાર ઊર્જા ઉત્પાદક સહકારી સમિતિ’ ગુજરાતના ખેડા જિલ્લામાં છે. ગોબર ઉત્પાદક સહકારી સમિતિ, ઘરગથ્થું ગૅસ સહકારી સમિતિ, ચાઈલ્ડ કૅર સહકારી સમિતિ, કોમ્પ્યુટર જૉબ વર્ક સહકારી સમિતિ જેવી અનેક ઇનોવેટિવ સહકારી સમિતિઓ ગુજરાતમાં સહકાર ક્ષેત્રને નવાં આયામો આપી રહી છે. ગુજરાતમાં દરેક ક્ષેત્ર સાથે સંકળાયેલા નાગરિકો માટે સહકાર એક મોટું પ્લેટફૉર્મ બન્યું છે કે જે તેમની શક્તિઓને ઓળખી તેમના વિકાસને વધુ પ્રોત્સાહન આપી રહ્યું છે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સંમેલનમાં સહકાર સચિવ શ્રી કે. એમ. ભીમજીયાણી સહભાગી થયા હતા. ●




'વિશ્વાસથી વિકાસ યાત્રા' અંતર્ગત ગાંધીનગરથી રૂ. ૧૧૭૯ કરોડના ખર્ચે ૫૧૯ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

# ૨૦ વર્ષની વિકાસ યાત્રા : જન - જનને વિશ્વાસ...

ગુજરાતનો ૨૦ વર્ષનો વિકાસ અને ગુજરાતની જનતાનો રાજ્ય સરકાર પર છેલ્લા ૨૦ વર્ષથી અવિરત વિશ્વાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને આભારી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નંખાયેલા વિકાસના મજબૂત પાયાને પરિણામે ગુજરાત રાજ્ય વિકાસનું રોલ મોડેલ બન્યું છે. વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલો સમારોહ સાચા અર્થમાં વિકાસનો ઉત્સવ દિવસ બની રહ્યો. આ પ્રસંગે એક દિવસે, એક સાથે રાજ્યનાં વિવિધ સ્થળોએ વિકાસના અસંખ્ય પ્રકલ્પોની જનતાને ભેટ આપવામાં આવી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કુલ રૂ. ૧૧૭૯ કરોડના ખર્ચે કુલ ૫૧૯ જનહિતલક્ષી વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતાં. પંચાયત, સામાન્ય વહીવટ, ગ્રામવિકાસ, બંદરો અને વાહન-વ્યવહાર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, જળસંપત્તિ, શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, પાણી પુરવઠા, શહેરી વિકાસ અને ગૃહનિર્માણ તથા માર્ગ અને મકાન વિભાગના રૂપિયા ૩૯૪ કરોડના ખર્ચે ૨૦૯ જેટલા વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા રૂપિયા ૭૮૫ કરોડના ખર્ચે ૩૧૦ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્તનો તેમાં સમાવેશ થાય છે.

ગાંધીનગર મત વિસ્તારને રૂ. ૩૪૬ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપવા બદલ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી શાહે ગુજરાતે છેલ્લા એક વર્ષમાં મેળવેલી સિદ્ધિઓ વિશે કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં નીતિ આયોગના હર ઘર જલ, PM-JAY અને ગ્રામીણ વિકાસ ઇન્ડેક્સમાં ગુજરાત પ્રથમ છે. વૈશ્વિક ટકાઉ સૂચકાંકમાં સ્વાસ્થ્ય અને ઉદ્યોગમાં પ્રથમ ક્રમે, જ્યારે ઊર્જા-



જળવાયુમાં વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં પ્રથમ ક્રમે રહ્યું છે. ભારતની કુલ નિકાસમાં ગુજરાત રાજ્ય ૩૦ ટકાના હિસ્સા સાથે પ્રથમ ક્રમે છે.

ગુજરાતે છેલ્લાં ૧૦ વર્ષમાં ૮.૨ ટકાના વિકાસદરથી વૃદ્ધિ કરી છે. કોરોના મહામારીમાંથી વિશ્વ ઊભું પણ થયું નહોતું તેવામાં ગુજરાતની શ્રી ભૂપેન્દ્રભાઈની સરકારે છેલ્લા એક વર્ષમાં આ વૃદ્ધિદરને જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દેશમાં છેલ્લાં ૮ વર્ષોમાં ૩૧.૩ લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું છે, જેમાંથી ૫૭ ટકા એટલે કે ૧૭.૭ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ માત્ર ગુજરાતમાંથી જ આવ્યું છે.

ગુજરાતમાં સેમીકંડક્ટરના નિર્માણ ક્ષેત્રે અંદાજે ૧.૪૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે, જેથી એક લાખથી વધુ યુવાનોને રોજગારી પ્રાપ્ત થશે. ગુજરાતમાં આજે ૯૮ ટકાથી વધારે ઘરોમાં નળથી જળ મળે છે, જે પૈકી ૧૨ જિલ્લાના ૧૨૩ તાલુકા અને ૧૪,૪૭૭ ગામોમાં સો ટકા ઘરોમાં નલ સે જલ યોજના અંતર્ગત નળથી જળ મળે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી શાહે રાજ્યની સલામતી અને શાંતિ માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને બિરદાવતાં કહ્યું હતું કે, ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જેણે નાર્કોટિક્સ વિરુદ્ધનું અભિયાન વધુ તેજ કર્યું છે અને લાખો-કરોડો રૂપિયાનું ડ્રગ ઝડપીને નશાનો કારોબાર અટકાવ્યો છે. સમગ્ર દેશમાં સૌથી વધુ નાર્કોટિક્સ ડ્રગ્સ પકડનારું રાજ્ય ગુજરાત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં કહ્યું હતું કે, ૨૦ વર્ષના સમયગાળામાં ગુજરાતનો જે વિકાસ થયો, લોકોનો ઉત્કર્ષ થયો તે અદ્વિતીય છે. આ ૨૦ વર્ષમાં ગુજરાતે અનેક સિદ્ધિઓ મેળવી છે, અપાર ઉપલબ્ધિઓ મેળવી, ખૂબ વિકાસ કર્યો છે તો સરકારે જનતાનો અતૂટ વિશ્વાસ પણ સંપાદિત કર્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતનાં આ ૨૦ વર્ષ પ્રાયોરિટી, પૉલિસી અને પર્ફોર્મન્સનાં રહ્યાં છે. ગુજરાત સરકારે જનકલ્યાણ અને વિકાસનાં કામોને હંમેશાં પ્રાથમિકતા આપી છે, ગુજરાતને એક પૉલિસી ડ્રીવન સ્ટેટ બનાવ્યું છે, તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક માનાંક અને સૂચકાંકોમાં ગુજરાત પ્રથમ ક્રમે આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતના પાછલા બે દાયકા એડવાન્સમેન્ટ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટને વરેલા રહ્યા છે. સરકારે મહિલા, બાળકો, વિદ્યાર્થી, ખેડૂત, ગરીબ, વંચિત, આદિવાસી એવા તમામ વર્ગને વિકાસનો આધાર આપી સશક્ત બનાવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના મહામારી દરમિયાન દેશને આગવું નેતૃત્વ પૂરું પાડી વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક રસીકરણ અભિયાન ચલાવી ગરીબો માટે ભોજન-રાશનની વ્યવસ્થા કરી અને અર્થતંત્રને ગતિમાન પણ રાખ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલી ગુજરાતની વિકાસ યાત્રાને વધુ તેજ ગતિએ આગળ લઈ જવા ટીમ ગુજરાત અવિરત કાર્યરત છે.

આ સંદર્ભે તેમણે કહ્યું કે, કોરોના મહામારીની માઠી અસરોને પહોંચી વળીને આ વર્ષે સરકારે ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું રૂ. ૨.૪૪ લાખ કરોડનું બજેટ આપ્યું છે. મહિલાઓ માટેના ઉત્કર્ષ અને તે માટેની યોજનાઓ માટેની નાણાકીય જોગવાઈમાં ૪૨%નો માતબર વધારો કર્યો છે. સગર્ભા માતા અને બાળકના સ્વાસ્થ્યની ૧ હજાર દિવસ સુધી સંપૂર્ણ દરકાર કરતી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અમલી બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે રાજ્ય સરકારે જનહિતલક્ષી અભિગમ અપનાવી આવકના દાખલાની સમયાવધિ ૩ વર્ષ કરવી, નિયત સેવાઓમાંથી એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવી, તેમજ દિવ્યાંગતા પ્રમાણપત્ર અને એસ.ટી. બસ પાસની સમયાવધિ આજીવન કરી આપવા જેવાં પગલાં લીધાં છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી, અંતરિયાળ વિસ્તારોમાં નહેરોથી સિંચાઈનાં પાણી, જલજીવન મિશન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ઇલેક્ટ્રોનિક એફ.આઇ.આર. સુવિધા વગેરે યોજનાઓ અને વિકાસ પ્રકલ્પોની સફળતાની માહિતી આપી હતી.

તેમણે વધુમાં કહ્યું કે, આદિવાસી વિસ્તારોમાં સરકાર બે વર્ષમાં ૫૦૦ જેટલાં નવાં મોબાઇલ ટાવર ઊભાં કરવા જઈ રહી છે. આદિવાસીઓને આજીવિકા મળી રહે તે માટે વાંસ-વિતરણ પણ સરકારે કર્યું છે. આ



વિસ્તારોમાં વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ગણવેશ આપવામાં આવે છે તેમજ આદિવાસી વિદ્યાર્થીઓને મળતી Ph.D. સ્કોલરશીપમાં વધારો કરીને રૂ. ૧ લાખ કરવામાં આવી છે.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦ વર્ષમાં રાજ્યમાં ધાન્ય પાકનું ઉત્પાદન ૨૩.૪૮ લાખ મેટ્રીક ટનથી વધીને ૮૩.૨૫ લાખ મેટ્રીક ટન પર પહોંચ્યું છે, બાગાયતી પાકનું ઉત્પાદન ૬૨.૦૧ લાખ મેટ્રીક ટનથી વધી ૨૫૦.૫૨ લાખ મેટ્રીક ટન પર પહોંચ્યું છે. ચેકડેમની સંખ્યા ૩૫૦૦થી વધીને ૧.૬૫ લાખ પર પહોંચી છે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની સંખ્યા ૨.૭૪ લાખથી વધી ૮.૬૬ લાખ થઈ છે તેમજ ઔદ્યોગિક ઉત્પાદન ૧.૨૭ લાખ કરોડથી વધી ૧૬.૧૯ લાખ કરોડ પર પહોંચ્યું છે. ટીમ ગુજરાતની અથાક મહેનત થકી ગુડ ગવર્નન્સમાં સમગ્ર દેશમાં રાજ્યને ૨૦૨૧માં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. તેની સાથે સામાજિક ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર કાર્ય કરીને દેશમાં આરોગ્ય ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શિક્ષણ ક્ષેત્રે રાજ્યનું વિદ્યાસમીક્ષા કેન્દ્ર આજે દેશનું પ્રેરણામૂર્તિ બની ગયું છે.




## રાજ્યભરમાં કુલ રૂ. 3500 કરોડથી વધુના ખર્ચે 30 હજારથી વધુ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય સર્વશ્રી શંભુજી ઠાકોર અને બલરાજસિંહ ચૌહાણ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશ સહિત ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા.

***મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં વિકાસના ઉત્સવરૂપે વિશ્વાસથી વિકાસ યાત્રા શરૂ કરાઈ છે, જેમાં વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત થકી વિકાસને વેગ આપવામાં આવી રહ્યો છે. ગાંધીનગર ઉપરાંત, જિલ્લાકક્ષાએ યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે ૩૦,૦૦૦થી વધુ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયા.***

**કચ્છ:** કચ્છના ભુજમાં યોજાએલા વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમમાં વિધાનસભાનાં અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતું કે, "વિશ્વાસથી વિકાસ યાત્રા" કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં કુલ રૂ. ૧૮.૩૭ કરોડનાં કુલ ૯૪૯ લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કામો પ્રજાર્પણ કરાયાં છે. ભુજ પ્રાંતકક્ષાના કાર્યક્રમ અન્વયે રૂ. ૭૮ લાખનાં ૧૧૫ કામોનાં ઈ-ખાતમુહૂર્ત તેમજ રૂ. ૪૩ લાખનાં ૧૨ વિકાસકામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમણે આ કાર્યક્રમના ભાગરૂપે કુલ રૂ.૬૧ કરોડથી વધુનાં વિકાસકામો કચ્છ જિલ્લામાં કરાશે, તેમ ઉમેર્યું હતું.





**વડોદરા:** "વિશ્વાસથી વિકાસ યાત્રા"ના ભાગરૂપે વડોદરાના સાવલીમાં કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઇનામદારની ઉપસ્થિતિમાં જનકલ્યાણ અને જનસુખાકારીનાં અંદાજે રૂ.૮ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ કહ્યું કે, ચાલુ વર્ષે રાજ્ય સરકારે રૂ. ૨ લાખ ૪૪ હજાર કરોડનું બજેટ વિકાસ કાર્યો અર્થે ફાળવ્યું છે. છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન ગુજરાત સરકાર અનેકવિધ યોજનાઓ થકી આમ જનતાની મુશ્કેલીઓનું નિરાકરણ લાવી પ્રજાને સહાયરૂપ બની છે. કરજણમાં પણ રૂ.૩૪ કરોડના ૯૨ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું હતું.

**સુરત:** વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ સુરત જિલ્લા કક્ષાની 'વિશ્વાસથી વિકાસ યાત્રા'નો કામરેજથી પ્રારંભ કરાવી કામરેજ અને પલસાણા તાલુકાનાં રૂ.૧૧.૫૭ કરોડનાં કુલ ૯૭ જનહિતલક્ષી કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, નવા ભારતના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના



આત્મનિર્ભરતા અને વિકાસના મંત્રને અનુસરી 'વિશ્વાસથી વિકાસ યાત્રા'થી નાગરિકો માટે રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ સહિતનાં વિવિધ જનકલ્યાણનાં કામોની ભેટ મળવાની છે. કામરેજ અને પલસાણા તાલુકાને મળેલી ૧૧ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટથી સ્થાનિક નાગરિકોની પ્રાથમિક સુવિધાઓમાં વધારો થશે.

**જામનગર :** કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર અને કાલાવડ વિસ્તારોમાં રૂ ૮ કરોડનાં વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણ અને ઈ- ખાતમુહૂર્ત કર્યાં હતાં. તેમાં રૂ.૭.૦૯ કરોડની રકમનાં ૨૭૨ વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને રૂ.૬૬ લાખની રકમનાં ૫૭ વિકાસકાર્યોનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર




દ્વારા જનતાની સુખાકારી માટે વિકાસનાં અવિરત કાર્યો કરવામાં આવી રહ્યાં છે. દેશના વિકસિત અર્થતંત્રને વધુ વેગવંતું બનાવવા માટે ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. જામનગર અને કાલાવડ તાલુકાના લોકોને વિવિધ વિકાસ કાર્યોની ભેટ મળતાં જનતાની સુખાકારીમાં ઉમેરો થશે.

**સુરેન્દ્રનગર :** સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી ખાતે વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં કુલ રૂ.૪ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતાં વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી ગુજરાતને ડબલ એન્જિનની સરકારનો લાભ



મળી રહ્યો છે, જેના પરિણામે આજે ગુજરાત આરોગ્ય, શિક્ષણ, ઊર્જા એમ બધાં ક્ષેત્રે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. તેના કારણે રાજ્યમાં અનેક મોટા પ્રોજેક્ટસ આવી રહ્યા છે.

**નવસારી :** નવસારીમાં જિલ્લાકક્ષાનો વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર પ્રજાકીય



સુખાકારીના વિકાસ કામોમાં અવિરત આગળ વધી રહી છે. રાજ્યમાં તથા જિલ્લામાં વિવિધ વિકાસના કામોની હેલી વરસી રહી છે. નવસારી જિલ્લામાં રૂ ૧૯.૩૨ કરોડના ખર્ચે કુલ ૭ કામોનું લોકાર્પણ તથા ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ. .

**બોટાદ :** સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના અધ્યક્ષસ્થાને બોટાદ જિલ્લાના બરવાળા તાલુકા ખાતે "વિશ્વાસથી વિકાસ યાત્રા" અંતર્ગત રૂ. ૭.૯૧ કરોડના ખર્ચે કુલ-૨૮૮ વિકાસકાર્યોનું ઇ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું, જેમાં રૂ.૫.૭૮ કરોડના



ખર્ચે ૧૯૩ કામોનું ખાતમુહૂર્ત અને રૂ.૨.૧૩ કરોડના ખર્ચે ૯૫ કામોનું લોકાર્પણ કરાયું હતું. આગામી સમયમાં વિકાસલક્ષી કામો થકી નાગરિકોની જન-સુખાકારીમાં વધારો થશે તેવો દ્રઢ વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

**પાટણ :** પાટણના રાધનપુરમાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે રૂ.૫ કરોડનાં ૨૪૦ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. મંત્રીશ્રીએ જણાવ્યું



હતું કે દરેકના સાથ સહકારથી ગુજરાતની વિકાસ યાત્રા અવિરત ચાલી રહી છે. ગુજરાતમાં ડબલ એન્જિનની સરકાર વિકાસનાં કામોને વધુ વેગ આપી વિકાસને વેગવંતો બનાવી રહી છે.

**સાબરકાંઠા :** સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે પ્રાંતકક્ષાના વિશ્વાસથી વિકાસ કાર્યક્રમમાં સહકાર, વન-પર્યાવરણ અને માર્ગ મકાન રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે રૂ. ૪૯૭ લાખનાં ૨૪૩ કામોનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયાં હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારે ૨૦ વર્ષ અગાઉ



ગુજરાત રાજ્યની શાસનધુરા સંભાળી ત્યારથી વિકાસની પરિભાષા બદલાઈ ગઈ છે. વિકાસ યાત્રા ગુજરાત પૂરતી જ સીમિત રહી નથી, પરંતુ ગુજરાતે આજે વૈશ્વિક નામના હાંસલ કરી છે. વડાપ્રધાનશ્રીએ દેશના નેતા તરીકે જ નહિ પરંતુ વૈશ્વિક સર્વસ્વીકૃત નેતાની છાપ ઊભી કરી છે.

**મોરબી :** શ્રમ રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના અધ્યક્ષસ્થાને વાંકાનેરમાં વિશ્વાસથી વિકાસ યાત્રા અન્વયે કુલ ૧૦૫ લાખનાં ૩૨ કામોનું ખાતમુહૂર્ત તથા કુલ ૨૧.૭૬ લાખનાં ૯ કામોનું લોકાર્પણ મળી કુલ ૧૨૭ લાખનાં ૪૧ વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ



જણાવ્યું હતું કે, જન કલ્યાણની વિવિધ યોજનાઓ થકી આ વિસ્તારની કાયાપલટ-કાયાકલ્પ કરવાનો સરકારનો ઉદ્દેશ છે.

**છોટાઉદેપુર :** છોટાઉદેપુરમાં બોડેલી પ્રાંત કક્ષાના વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, સગર્ભા બહેનોને પૂરતું પોષણ મળી રહે એ માટે રૂપિયા ૮૧૧ કરોડની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના



સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, છેવાડાના માનવીને પણ તમામ સુવિધાઓ ઉપલબ્ધ થાય એની ચિંતા સરકાર દ્વારા કરવામાં આવે છે. મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા બોડેલી પ્રાંત વિસ્તારમાં આગામી સમય દરમિયાન કરવામાં આવનાર વિવિધ વિભાગનાં ૧૦.૫૨ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત તેમજ વિવિધ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલાં ૪.૮૩ કરોડનાં વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

**મહીસાગર :** સંતરામપુરમાં આદિજાતિ



વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારના અધ્યક્ષસ્થાને વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીના હસ્તે વિવિધ વિભાગોનાં રૂ.૪૫૮ લાખનાં ૩૯ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું. તેમાં રૂ.૧૫૫ લાખનાં કુલ ૧૬ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

**રાજકોટ :** રાજકોટ જિલ્લામાં ''વિશ્વાસથી વિકાસ યાત્રા'' અંતર્ગત વાહન-વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે લોધિકા અને પડધરી તાલુકાનાં આશરે રૂપિયા




૩.૫૦ કરોડથી વધુનાં વિકાસકામોનાં ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં. મેટોડા જી.આઈ.ડી.સી. ખાતે યોજાયેલા પ્રાંત કક્ષાના કાર્યક્રમમાં લોધિકા તાલુકાનાં રૂ. ૨૩૭ લાખનાં કામોનું ઈ-લોકાર્પણ તેમજ રૂ. ૫૨.૮૦ લાખનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત, તેમજ પડધરી તાલુકાનાં રૂ. ૨૦ લાખનાં કામોનું ઈ-લોકાર્પણ તેમજ રૂ. ૪૦ લાખનાં વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાહન-વ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકામાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે.

**દાહોદ :** ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત ઝાલોદમાં પ્રાંત કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મંત્રીશ્રીના હસ્તે ઝાલોદ, ફતેપુરા અને સંજેલી તાલુકાનાં રૂ. ૩.૫૯ કરોડના ખર્ચે પૂર્ણ થનાર ૧૨૮ વિકાસકાર્યોનો પ્રારંભ તથા રૂ. ૩.૦૩ કરોડના ખર્ચે સંપન્ન ૧૪૫ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ



જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા ગરીબ-સામાન્ય માણસના કલ્યાણને કેન્દ્રમાં રાખીને વિવિધ યોજનાઓ અને વિકાસકાર્યોનો લાભ તેમના સુધી પહોંચતો કર્યો છે. તેમણે બંધારણનાં મૂળ લક્ષ્યોને ધ્યાને રાખીને તેની યોગ્ય અમલવારી થકી સામાન્ય માણસોનું હિત સાધ્યું છે. ઉપેક્ષિત, પીડિત લોકો સુધી હવે વિકાસનાં ફળ પહોંચ્યાં છે.

**બનાસકાંઠા :** જગાણામાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત પાલનપુર પ્રાંત કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં



મંત્રીશ્રીના હસ્તે પાલનપુર પ્રાંતમાં સમાવિષ્ટ પાલનપુર અને વડગામ તાલુકામાં કુલ રૂ. ૫૨૩.૩૭ લાખના ૧૨૩ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની પ્રજાનો ૨૦ વર્ષનો વિશ્વાસ અને રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં ૨૦ વર્ષમાં કરવામાં આવેલી અભૂતપૂર્વ કામગીરીને પ્રજા સમક્ષ મૂકવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ''વિશ્વાસથી વિકાસ યાત્રા'' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે.

**અમરેલી :** વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત અમરેલીમાં સામાજિક ન્યાય અધિકારિતા રાજ્ય મંત્રી શ્રી આર.સી. મકવાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં રૂ.૫૧ કરોડના ખર્ચે જિલ્લાનાં ૩૫ કામોનું ખાતમુહૂર્ત અને



લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદાનાં નીર ભરવાનું કામ થઈ રહ્યું છે, જેના લીધે દુષ્કાળ હવે ભૂતકાળ બનશે. જરૂરિયાતને ધ્યાને લઈ રજૂઆત હતી તે ગ્રાહ્ય રાખી સરકારે સૌરાષ્ટ્ર વિસ્તારના બીજા ડેમોનો સમાવેશ કર્યો.

**જૂનાગઢ :** વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત જૂનાગઢના કેશોદ અને માંગરોળ વિસ્તાર માટે જનસુખાકારીનાં રૂપિયા ૨.૧૫ કરોડનાં કુલ ૧૦૬ વિકાસકામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત પશુપાલન અને રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસલક્ષી કામો કરતી અમારી સરકાર પ્રત્યે લોકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી આજે ગુજરાતની વિકાસ યાત્રા ઊંચા શિખર પર પહોંચી છે. વિશ્વાસથી વિકાસ એ અમારી સરકારની નેમ છે, જે પૂર્ણ થઈ છે. ●



# ગુજરાતની પ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પૉલિસી'




ગુજરાતની સૌપ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પૉલિસી'નું લૉન્ચિંગ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અભિનેતા અજય દેવગણ, રાજ્ય સરકારના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી અને શ્રી અરવિંદભાઈ રૈયાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સિનેમેટિક ટુરિઝમ પૉલિસી ગુજરાતમાં ફિલ્મ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ડેવલપમેન્ટમાં મહત્ત્વપૂર્ણ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ક્હ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને ગુજરાત એમના જ માર્ગદર્શનમાં દેશનું વિકાસ મોડલ બન્યું છે. ગુજરાત પૉલિસી ડ્રીવન સ્ટેટ છે અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થાન બની ગયું છે. આત્મનિર્ભર ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર ભારત માટે આ પૉલિસી ઉપયુક્ત બનશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પૉલિસી ફિલ્મ મેકીંગ ક્ષેત્રના સર્વિસ પ્રોવાઇડર્સને એક મંચ પર લાવી પ્રવાસન વિકાસને પણ અપ્રતિમ વેગ આપશે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, આ નવી પૉલિસી ગુજરાતમાં ફિલ્મ-નિર્માણ માટે સક્ષમ તકો ઊભી કરશે તેમજ સ્થાનિક લોકોને રોજગારીની તકો પણ આપશે.

પ્રસિદ્ધ અભિનેતા અજય દેવગણે જણાવ્યું હતું કે, આ સિનેમેટિક

## સિનેમેટિક ટુરિઝમ પૉલિસીની મહત્ત્વની બાબતો

- ફિલ્મ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ
- ફિલ્મ સિટી
- ફિલ્મ અને ટીવી સ્ટુડિયો
- ફિલ્મ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ
- પોસ્ટપ્રોડક્શન સુવિધાઓ
- ફિલ્મ મેકિંગ પ્રોજેક્ટ્સ
- ફિલ્મ શૂટિંગ
- ટીવી અને વેબ સીરીઝ
- ડોક્યુમેન્ટરી
- બ્રાન્ડ એફિલિયેશન
- બિગ બજેટ મુવીઝ અને મેગા ફિલ્મ ઈવેન્ટ્સ
- બિગ બજેટ મુવીઝ
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની મેગા ફિલ્મ અને મ્યૂઝિક ઈવેન્ટ્સ અને ફિલ્મ એવોર્ડ્સ
- રાજ્યમાં ફિલ્મ મેકર્સને આવકારવા માટે આ પૉલિસી ફિલ્મ મેકર્સને વિવિધ સુવિધાઓ આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે, જેમકે, રાજ્યમાં સર્વિસ પ્રોવાઇડરોનું લિસ્ટિંગ કરવું, TCGL (ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ.)ની હોટલોમાં રહેવા માટે ડિસ્કાઉન્ટ ઓફર કરવું અને અન્ય એડમિનિસ્ટ્રેટીવ સપોર્ટ પ્રદાન કરવો વગેરે.
- એકોમોડેશન (આવાસની સુવિધા) બુકિંગ માટે સહયોગ
- TCGLની પ્રોપર્ટીઓમાં રહેવા માટે ડિસ્કાઉન્ટ
- ફિલ્મના નિર્માણ માટે સિક્યોરિટી પ્રદાન કરવી
- આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકર્સ સાથે લાયઝનિંગ
- જાણીતા ટ્રાન્સપોર્ટેશન સર્વિસ પ્રોવાઇડરો સાથે જોડાણ
- રાજયના સપ્લાયર્સ અને સર્વિસ પ્રોવાઇડરોનું લિસ્ટિંગ
- ફીડબેક સિસ્ટમ મારફતે સતત એન્ગેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત.

ટુરિઝમ પૉલિસીના લૉન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ છે. આ પ્રસંગે પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ એ ગુજરાતમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ સિનેમેટિક ટુરિઝમ પૉલિસી ગુજરાતના પર્યટનને આગળ વધારવામાં ખૂબ મહત્ત્વની બની રહેશે. તથા આ પૉલિસીથી ગુજરાતમાં રોજગારી ઉત્પન્ન થશે. ગુજરાત આગામી દિવસોમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

ટુરિઝમ વિભાગના સચિવ શ્રી હારિત શુક્લાએ જણાવ્યું હતું કે, સિનેમાના પડદે દર્શાવતું સ્થળ લોકોને યાદ રહી જાય છે અને બાદમાં તે ટુરિઝમ સ્પોટ બની જાય છે. દેશ-વિદેશનાં આવાં અનેક સ્થળોનો પરિચય આપણને મુવીમાંથી મળે છે.

આ પૉલિસી લૉન્ચિંગ સાથે મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાતમાં ફિલ્મ મેકીંગ, સ્ટુડિયો ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એક્ટીંગ સ્કૂલ સહિતના વિવિધ વિષયોમાં રોકાણો માટેના કુલ રૂ.૧૦૨૨ કરોડના ચાર એમ.ઓ.યુ. પ્રવાસન વિભાગ સાથે કેટલાક રોકાણકારો દ્વારા કરવામાં આવ્યા હતા. અભિનેતા અજય દેવગણે પણ રાજ્યમાં ફિલ્મ મેકીંગ અને સ્ટુડિયો ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય સુવિધાઓ માટેના એમ.ઓ.યુ. કર્યા હતા.

રાજ્યની સૌપ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પૉલિસી ૨૦૨૨-૨૦૨૭' એ ફિલ્મો દ્વારા પ્રવાસનને પ્રોત્સાહન આપવા અને ગુજરાતનાં પ્રવાસન સ્થળોને એક્સપ્લોર કરવા માટે ફિલ્મ નિર્માતાઓને આકર્ષવા તરફ રાજ્ય દ્વારા લેવાયેલું એક મુખ્ય પગલું છે. આ યોજના સિનેમેટિક પ્રવૃત્તિઓ માટે આકર્ષક પ્રોત્સાહનો આપે છે જે સિનેમેટિક ટુરિઝમમાં રોજગારીની નવી તકો ઊભી કરશે. આ પૉલિસી રાજ્યની જનતા માટે આર્થિક તકો ઊભી કરવામાં અને પ્રાદેશિક, બોલીવુડ, હોલીવુડ, ટીવી અને ઓટીટી ઉદ્યોગ સહિતના ફિલ્મ નિર્માતાઓ માટે ગુજરાતને પસંદગીનું પ્રવાસન સ્થળ બનાવવામાં યોગદાન આપશે.

આ અવસરે સિનેમેટિક ટુરિઝમ પૉલિસીની જાણકારી આપતી શોર્ટફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. ટુરિઝમ વિભાગના કમિશનર અને MD શ્રી આલોક કુમાર પાંડેએ ઉપસ્થિત મહાનુભાવો, ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા લોકોનો કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ●




# મુખ્યમંત્રીશ્રીએ 'ગુજરાતી જાગરણ' ન્યૂઝ પોર્ટલ લોન્ચ કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાગરણ ગ્રુપના 'ગુજરાતી જાગરણ' ન્યૂઝ પોર્ટલના પ્રારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, ઓફલાઇન અને ઓનલાઇન બંને માધ્યમ પર અગ્રેસર રહેલા અખબારી ગ્રુપનો ગુજરાતમાં પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે સમગ્ર રાજ્ય વતી જાગરણ ગ્રુપને શુભકામના પાઠવું છું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પત્રકારત્વ એ લોકશાહીનો ચોથો સ્તંભ છે ત્યારે આજે ડિજિટલ માધ્યમો આધુનિક પત્રકારો માટે મહત્ત્વનાં બની ગયાં છે. જાગરણ ગ્રુપ નવ જેટલાં વિવિધ પ્લેટફોર્મ દ્વારા દર્શકોને માહિતી અને મનોરંજન પૂરું પાડે છે. એટલું જ નહીં, જાગરણ ગ્રુપ દર્શકોને જાગૃત રાખવાનું દાયિત્વ પણ નિભાવે છે.

ગુજરાતના વિકાસની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઇબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતમાં નવો અધ્યાય શરૂ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઈએ વિકાસના એવા પાયા નાખ્યા કે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આ વિકાસ યાત્રાને મક્કમ ગતિથી આગળ વધારવા અમારી ટીમ ગુજરાત પ્રતિબદ્ધ છે.

ગુજરાતની આ વિકાસગાથાને વિશ્વભરમાં પ્રસરાવવામાં જાગરણ મીડિયા ગ્રુપનું આ નવું ન્યૂઝ પોર્ટલ અને વેબસાઇટ સંવાહક બનશે તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

આ અવસરે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે કહ્યું હતું કે, આ પોર્ટલના માધ્યમથી સમગ્ર ગુજરાતના છેવાડાના લોકો સુધી તટસ્થ માહિતી પહોંચે તેવી આશા રાખીએ છીએ.

રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, જાગરણ ગ્રુપ વર્ષોથી સમાચારોમાં આગળ રહેલું છે ત્યારે ગુજરાતમાં જાગરણ ગુજરાતીના લૉન્ચિંગ પ્રસંગે સૌને અભિનંદન પાઠવું છું. આ પ્રસંગે મહાનુભાવો, સંતો, વરિષ્ઠ પત્રકારો સહિતના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



### શિક્ષક દિને શિક્ષકોની વંદનાઃ રાજ્યના ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન

# સમાજ અને દેશની સમસ્યાનું સમાધાન શિક્ષણથી શક્ય બનશે



"શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં."

ચાણક્યનું આ જાણીતું સુવાક્ય જીવનમાં શિક્ષકનું મહત્ત્વ સમજાવી જાય છે. શિક્ષક એ વ્યક્તિ છે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપનાં ફૂલોથી સજાવે છે, જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. શિક્ષક માટે બધા વિદ્યાર્થીઓ સમાન હોય છે અને તે બધાનું કલ્યાણ ઇચ્છે છે. દેશમાં પાંચમી સપ્ટેમ્બરના દિવસને શિક્ષક દિન તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસ આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને એક આદર્શ શિક્ષક એવા ડૉ.સર્વપલ્લી રાધકૃષ્ણનની યાદમાં ઊજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષક દિન અવસરે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા ૪૪ ગુરુવર્યોનું સન્માન કરતાં જણાવ્યું હતું કે, સૌ સમસ્યાનું સમાધાન શિક્ષણ જ છે. રાજ્ય અને સમાજના સર્વગ્રાહી વિકાસ માટે શિક્ષણ આવશ્યક પરિબળ છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ અને વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં શિક્ષક દિનના અવસરે યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય પારિતોષિક વિજેતા ૪૪ શિક્ષકોને શાલ, પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. તેમણે ૬ વિદ્યાર્થીઓનું પણ તેમની શ્રેષ્ઠતા માટે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં સન્માન કર્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શિક્ષક દિનના પવિત્ર અવસરે રાજ્યના શિક્ષકોને વિદ્યાર્થીઓને શારીરિક રીતે બળવાન, વૈચારિક રીતે પ્રબુદ્ધ અને શૈક્ષણિક રીતે યોગ્ય બનાવવાની દિશામાં સતત જવાબદારીપૂર્ણ રીતે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકારના શૈક્ષણિક ક્ષેત્રના પ્રયાસોને બિરદાવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લાં સાડા છ વર્ષમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. ગુજરાત શિક્ષણ વ્યવસ્થા ક્ષેત્રે આ પ્રશંસનીય સિદ્ધિ છે. તે દર્શાવે છે કે, રાજ્ય શિક્ષણ વ્યવસ્થા અને ખાસ કરીને શિક્ષકોની મહેનત, વ્યક્તિત્વ અને પરિશ્રમે વાલીઓનાં દિલ અને વિશ્વાસ બંને જીત્યાં છે.

આજીવન શિક્ષક રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં મનાવવામાં આવતા શિક્ષક દિને રાજ્યપાલશ્રીએ પોતાના ૩૫ વર્ષના પ્રધાનાચાર્ય તરીકેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પારિતોષિક વિજેતા શિક્ષકો અન્ય સૌ માટે પ્રેરણારૂપ બન્યા છે એવો મત વ્યક્ત કરતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવીને અમૃતકાળમાં પ્રવેશી રહ્યો છે. આ અમૃતકાળ માટે વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને પાંચ સંકલ્પો આપ્યા છે, તેમાં વિકસિત ભારતનું નિર્માણ, વિરાસત પર ગર્વ કરવું, ગુલામીની માનસિકતાનો જડમૂળથી નાશ અને એકતા વધારવા સાથે નાગરિક ધર્મના પાલનનો સમાવેશ થાય છે. સમગ્ર દેશમાં ગુજરાત જ એકમાત્ર રાજ્ય છે જ્યાં પ્રાથમિક શિક્ષણ આપતી સ્કૂલોનું ટેક્નોલોજી આધારિત મૂલ્યાંકન થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાના પરિણામે હજારોની સંખ્યામાં વિદ્યાર્થી અને તેમના વાલીઓનો સરકારી શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યવસ્થાઓ પર વિશ્વાસ વધ્યો છે અને ખાનગી શાળા છોડીને તેઓ સરકારી શાળા તરફ વળ્યા છે.શાળા પ્રવેશોત્સવ તથા ગુણોત્સવથી રાજ્યની શાળામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, શિક્ષણ વેતન નહીં, પરંતુ વતન માટેનું નોબેલ પ્રોફેશન છે. શિક્ષકો કર્તવ્યનિષ્ઠાપૂર્ણ ફરજ દ્વારા રાષ્ટ્રનિર્માણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યા છે.

**શિક્ષક ધરતી પર વિદ્યમાન દેવ છે, શ્રેષ્ઠ સમાજના નિર્માણ અને ઉત્થાનમાં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની હોય છે. શિક્ષક દિને શિક્ષણની સર્વોત્તમ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવનાર શ્રેષ્ઠ શિક્ષકોનું જિલ્લાકક્ષાએ સન્માન મંત્રીમંડળના સદસ્યોના હસ્તે**

**કરવામાં આવ્યું હતું. સાથેસાથે પ્રતિભાવાન વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરાયા હતા.**

કચ્છ જિલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લાકક્ષાના ચાર અને તાલુકા કક્ષાના ૨૦ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષક દિવસ નિમિત્તે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૨૪૦ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું.

વડોદરા ખાતે યોજાયેલા 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ'માં જિલ્લા કક્ષાના બે અને તાલુકા કક્ષાના ત્રણ - એમ કુલ પાંચ શ્રેષ્ઠ શિક્ષકોને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ નવી શિક્ષણ નીતિના અમલીકરણમાં શિક્ષકોની ભાગીદારીનું આહવાન કરીને દિશાદર્શક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાળા પ્રવેશોત્સવ શરૂ કરવાના અભિયાનની પ્રશંસા કરી હતી.

મહેસાણામાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં જિલ્લાના 13 શિક્ષકો અને 15 પ્રતિભાશાળી બાળોકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીની અધ્યક્ષતામાં સુરત ખાતે 'શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ' યોજાયો હતો. આ અવસરે જિલ્લા-તાલુકાના કુલ ૧૨ શિક્ષકો ઉપરાંત સરકારી શાળાઓના ૭ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

વલસાડનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં જિલ્લા કક્ષાના ૪ શિક્ષકો અને તેમની શાળાના આચાર્યો, ૮ ગ્રાન્ટેડ શાળાના આચાર્ય અને ટ્રસ્ટીઓ તેમજ ૧૫ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

સુરેન્દ્રનગરના વઢવાણમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન સમારોહમાં જિલ્લા કક્ષાના ૨ અને તાલુકા કક્ષાના ૩ શિક્ષકોને તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

નવસારીના ખારેલ ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમ આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતુ.

સાબરકાંઠાનો શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના અધ્યક્ષસ્થાને હિંમતનગર ખાતે યોજાયો હતો, જેમાં તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ ૯ શિક્ષકોનું સન્માન કરાયું હતું.

ભાવનગરમાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકા કક્ષાના ૮ શ્રેષ્ઠ શિક્ષકોને તેમજ ૨૧૪ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોરબી ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, બાળકોમાં જ્ઞાનનું સિંચન કરતા શિક્ષકો બાળકોને શિસ્ત, સંસ્કાર તથા શિક્ષણનું ભાથું આપે છે. મોરબીના જિલ્લા તથા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ડાંગના આહવામાં શિક્ષક દિનની ઉજવણીના પ્રંસગે પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં શિક્ષણની દિશા બદલાઈ છે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા અને તાલુકાકક્ષાના શિક્ષકો તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

છોટાઉદેપુર ખાતે ૧૩ શિક્ષકો તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તબીબી શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે જણાવ્યું હતું કે, શિક્ષકો એવા વિદ્યાર્થીઓનું સર્જન કરે છે જે આગળ જતાં ઉત્કૃષ્ટ સમાજનું નિર્માણ કરે છે.

મહીસાગર જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ સમારોહ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકો અને ૧૫ પ્રતિભાશાળી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠાના પાલનપુરમાં અન્ન-નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા બાબતોના રાજય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે ૨૬ શિક્ષકોને તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

શહેરી વિકાસ રાજય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાના અધ્યક્ષસ્થાને પાટણમાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં તાલુકા તેમજ જિલ્લાકક્ષાનાં ૧૨ શ્રેષ્ઠ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષક દિન નિમિત્તે જૂનાગઢ જિલ્લાના આઠ શ્રેષ્ઠ શિક્ષકો તેમજ ૧૫ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ પશુપાલન રાજ્ય મંત્રીશ્રી દેવાભાઈ માલમના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ●



## ઠાસરા અને ગળતેશ્વર તાલુકાને
# રૂ.૬૨ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં CM



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સપનાને સાકાર કરવામાં ગુજરાતે આગેવાની લીધી છે. ગુજરાતને છેલ્લાં આઠ વર્ષથી ડબલ એન્જિન સરકારનો લાભ મળી રહ્યો છે. ગુજરાત રાજ્યમાં દરેક ક્ષેત્ર અને દરેક વર્ગના વિકાસ માટેની પ્રતિબદ્ધતા જોવા મળી રહી છે. આ જ ક્રમમાં તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના પ્રજાજનોની જનસુખાકારી અને જનસુવિધાના રૂ. ૬૨.૮૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનાં ઈ-ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યાં હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ડિજિટલ ઇન્ડિયાને દરેક ગામ સુધી પહોંચતું કરવાની નેમ વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સપનાને સાકાર કરવામાં ગુજરાતે આગેવાની લીધી છે. ત્યારે ડિજિટલ ઇન્ડિયા અભિયાન અંતર્ગત રાજ્યનાં ૪૦૦૦ ગામમાં ફ્રી વાઇ- ફાઈની સુવિધા પહોંચતી કરવામાં આવશે. આ હેતુસર રાજ્યના આ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ગુજરાતના વિકાસની યાત્રાને રાજ્ય સરકારે છેવાડાના સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને આગળ વધારી છે. ગુજરાતને છેલ્લાં આઠ વર્ષથી ડબલ એન્જિન સરકારનો લાભ મળી રહ્યો છે, જેને પરિણામે ગુજરાત બમણી ગતિએ આગળ વધી રહ્યું છે.

ખેડા જિલ્લામાં સંવત્સરી અને ગણેશ ચતુર્થીના પાવન પર્વે વિકાસનો યજ્ઞ આરંભાયો છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સારાં કાર્યો માટે હંમેશા પહેલાં ગણપતિને યાદ કરવા પડે છે, તેવી રીતે ગણેશ ચતુર્થીના પવિત્ર દિને ખેડા જિલ્લામાં લોકોપયોગી વિકાસનાં અનેકવિધ કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો છે.

છેવાડાના માનવી સુધી યોજનાના લાભોની સાથે વિકાસનું કાર્ય પહોંચે તેનો સંનિષ્ઠ પ્રયાસ સરકાર કરી રહી છે. સરકારે છેવાડાના તેમજ અંતરિયાળ વિસ્તારો સુધી રસ્તા, વીજળી, પાણી સહિતની અનેકવિધ પ્રાથમિક અને આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે.

દરેક તાલુકા અને છેવાડાના ગામ સુધી વિકાસ પહોંચ્યો હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બે દાયકા પૂર્વે રાજ્યમાં રસ્તા, વીજળી, પાણી જેવી પાયાની સુવિધાના અભાવે ઉદ્યોગ - ધંધા તાલુકા - ગ્રામકક્ષાએ પહોંચ્યા નહોતા અને ઉદ્યોગોનો વિકાસ રૂંધાયો હતો. તે આ સરકારે ખૂટતી કડીઓ જોડીને દૂર કર્યો છે.

કોવિડના કપરા સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશબાંધવોએ અસરકારક સામનો કર્યો હતો, તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોવિડ મહામારી બાદ ગુજરાત રાજ્યે સૌથી મોટું બજેટ આપ્યું છે. નીતિ આયોગ પ્રમાણે દેશભરમાં નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે અને તીવ્ર ગતિથી આગળ ધપી રહ્યું છે.

કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે કહ્યું હતું કે, આ વિકાસકાર્યોથી ખેડાની ધરતી ઉપર સોનાનો સૂરજ ઊગ્યો છે. જિલ્લામાં જનસુખાકારીનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગુજરાતની જનતાની પરિપક્વતાની સાથે સરકારની વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે આજે ગુજરાતમાં વિકાસનાં અનેકવિધ કાર્યો થઈ રહ્યાં છે.

ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સૌના સાથ, સૌના વિકાસના મંત્રને વરેલી સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ નીચે ગુજરાતને વિકાસની નવી દિશા બતાવી છે. રાજ્યમાં લોકકલ્યાણકારી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા છેવાડાના માનવી સુધી તેના લાભો પહોંચાડ્યા છે. આ કાર્યક્રમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની એન.આર.એલ.એમ. યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, માતૃશક્તિ યોજના, આંબેડકર આવાસ યોજના અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય ચેક તેમજ કિટ્સનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી કાન્તિભાઈ પરમાર, કલેક્ટર શ્રી કે. એલ. બચાણી, ઠાસરા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાનજીભાઈ પરમાર, ગળતેશ્વર તાલુકા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી નમ્રતાબહેન પટેલ, ઠાસરા નગરપાલિકાના પ્રમુખ શ્રી હેમેન્દ્રભાઈ પટેલ, ડાકોર નગરપાલિકાના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કઠલાલ અને કપડવંજને મળ્યા રૂ. ૯૪ કરોડના વિકાસ પ્રકલ્પો




કોવિડ પછીની વિશ્વવ્યાપી આર્થિક પરિસ્થિતિમાં પણ રાજ્ય સરકારે ચાલુ નાણાંકીય વર્ષે સૌથી મોટા કદનું બજેટ આપી રાજ્યની વિકાસ યાત્રાને અવિરત જાળવી રાખી છે. ગુજરાતનો સર્વાંગી-ચોમેર વિકાસ કરવાની અમે કાર્યશૈલી વિકસાવી છે. આપેલાં વચનોને પૂરાં કરીને ગુજરાતને વિકાસની ઊંચાઈ પર પહોંચાડ્યું છે, તેમ કપડવંજ અને કઠલાલમાં રૂ. ૯૪.૫૬ કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપવા કપડવંજ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં અંદાજે રૂ. ૨૦.૨૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલાં બે વિકાસકામોનું લોકાર્પણ તથા આ બંને તાલુકામાં માર્ગ અને મકાન, રાજ્ય અને પંચાયત વિભાગ દ્વારા રૂ. ૭૦.૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ રસ્તાઓનાં ૬૮ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આમ, મુખ્યમંત્રીશ્રીના હસ્તે જનસુવિધા અને જનસુખાકારીના કુલ રૂ. ૯૪.૫૬ કરોડના ૭૦ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીના હસ્તે મિશન મંગલમ, પીએમ- જય, પ્રધાનમંત્રી આવાસ યોજના, ડૉ. આંબેડકર આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના તેમજ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ કર્યો છે. ગુજરાતમાં તેમના કાર્યકાળ દરમિયાન થયેલાં વિકાસને અમે સતત આગળ વધારી રહ્યા છીએ. તેના પરિણામે ગુજરાત આજે સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. રાજ્યમાં થયેલા વિકાસની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે દરેક ક્ષેત્રમાં વિકાસની હરણફાળ ભરી ગામડાંઓ અને છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડ્યાં છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશનું ગૌરવ વધી રહ્યું છે. આર્થિક રીતે પણ આપણો દેશ સક્ષમ બની રહ્યો છે. આર્થિક મહાસત્તાના આંકમાં દેશનું અર્થતંત્ર પાંચમા સ્થાને પહોંચ્યું છે.

નાગરિકો, ખેડૂતો સહિત ગામડાઓની તમામ પ્રકારની સમસ્યાઓનું સકારાત્મક નિરાકરણ કરવા માટે અમારી ટીમ સતત પ્રયત્નશીલ છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, હજુ પણ કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો અમે તેનો નિકાલ લાવીશું. ગામડાઓમાં રસ્તા, વીજળી, સિંચાઈ, પીવાનું પાણી, આરોગ્ય જેવી પાયાની અને માળખાગત સુવિધાઓ પહોંચાડી છે, જેના કારણે નાગરિકોના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે.

વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સૌના સાથ અને સૌના સહકારથી આગળ વધી રહ્યું છે, આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને સાકાર કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. અમે જે વિકાસકામોનું ખાતમુહૂર્ત કરીએ છીએ, એ વિકાસકામોનું અમે જ લોકાર્પણ કરીએ છીએ, એવી કાર્યસંસ્કૃતિ અમે વિકસાવી છે.

કેન્દ્રીય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, કઠલાલ અને કપડવંજ તાલુકામાં એક સમયે ખેડૂતોને સિંચાઈ અને પીવાના પાણીની તકલીફ હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સમસ્યાના નિવારણ માટે આ વિસ્તારનાં તળાવો ભરવા માટે રૂ.૨૦૦ કરોડની ફાળવણી કરી છે, જેથી ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુચારુ નેતૃત્વમાં દેશ આર્થિક રીતે પણ પ્રગતિ કરી રહ્યો છે.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીની સતત ચિંતા કરવામાં આવે છે. આ વિસ્તારમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં આવી છે. માર્ગોનું નવીનીકરણ થતાં નાગરિકોને સરળતા ઊભી થશે.

આ પ્રસંગે મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી કેસરીસિંહ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નયનાબહેન પટેલ, પૂર્વ મંત્રી શ્રી મણિભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભી, અગ્રણીઓ, જિલ્લા તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# મહુધા, મહેમદાવાદ અને ખેડા તાલુકાના રૂ. ૨૧ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહુધા ખાતે અંદાજિત રૂ.૨૧.૪૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, મજબૂત નાણાંકીય વ્યવસ્થાપન વિકાસને વેગ આપે છે, વિકાસમાં નાણાંકીય વ્યવસ્થાપનનો મજબૂત પાયો ગુજરાતમાં છે. નીતિ આયોગના માપદંડોમાં નાણાંકીય વ્યવસ્થાપનમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે. વિકાસની રાજનીતિના વિઝનરી લીડર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં નાનાં-નાનાં ગામો હોય, શહેરો હોય કે વિસ્તારો હોય, તમામ ક્ષેત્રો સુધી વિકાસ પહોંચ્યો છે. વિકાસના મજબૂત પાયા ઉપર ગુજરાત સર્વગ્રાહી વિકાસ ક્ષેત્રે અગ્રેસર બની રહે તે દિશામાં કાર્ય થઈ રહ્યું છે. રાજ્યમાં થયેલા છેલ્લા બે દાયકાના વિકાસને આલેખતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રસ્તા, વીજળી, પાણી, કૃષિ, શિક્ષણ સહિતનાં તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. બે દાયકા પહેલાં ગુજરાતમાં ધાન્ય પાકોનું ઉત્પાદન ૨૩.૪૮ લાખ મેટ્રિક ટન હતું, જે આજે ૮૩.૨૫ લાખ મેટ્રિક ટને પહોંચ્યું છે. તેવી જ રીતે બાગાયતી પાકોનું ઉત્પાદન ૬૨ લાખ મેટ્રિક ટનમાંથી આજે ૨૫૦ લાખ મેટ્રિક ટન થયું છે. શિક્ષણમાં ડ્રોપઆઉટ રેટ ઘટીને આજે ત્રણ ટકા થયો છે. ઔદ્યોગિક ઉત્પાદન વધીને આજે ૧૬ લાખ કરોડે પહોંચ્યું છે. ગુજરાતમાં વિકાસની આ પરિભાષા રહી છે. વડાપ્રધાનશ્રીએ આપેલી

- **મજબૂત નાણાંકીય વ્યવસ્થાપન વિકાસને વેગ આપે છે**
- **ગુજરાતમાં નાના-નાના ગામો હોય, શહેરો હોય કે વિસ્તારો હોય તમામ ક્ષેત્રો સુધી વિકાસ પહોંચ્યો છે**
- **ગુજરાત સર્વગ્રાહી વિકાસ ક્ષેત્રે અગ્રેસર બની રહે તે દિશામાં કાર્ય થઇ રહ્યું છે**
- **ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે**
- **વડાપ્રધાનશ્રીએ આપેલી વિકાસની પરિભાષા અને આત્મનિર્ભર ગુજરાતના માધ્યમથી આત્મનિર્ભર ભારતના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાત પ્રતિબધ્ધ**

વિકાસની પરિભાષાને આત્મનિર્ભર ગુજરાતના માધ્યમથી આત્મનિર્ભર ભારતના મંત્રને ચરિતાર્થ કરવા સરકાર પ્રતિબદ્ધ છે, એમ તેમણે જણાવ્યું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ભારત એક વિકસિત રાષ્ટ્ર તરીકે ઊભરી રહ્યું છે, તેમ જણાવતાં કેન્દ્રિય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન નીચે ભારત બ્રિટનને પણ પાછળ રાખી, સમગ્ર વિશ્વમાં ભારત પાંચમા ક્રમની અર્થવ્યવસ્થા બન્યું છે. વિશ્વગુરુ બનવા તરફની દિશામાં ભારત આગળ વધી રહ્યું છે.

ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે "સૌના સાથ, સૌના વિકાસ"ના મંત્રને ચરિતાર્થ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર કાર્ય કરી રહી છે, તેમ જણાવ્યું.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ ઈ-તકતી અનાવરણ દ્વારા મહુધા, મહેમદાવાદ અને ખેડા તાલુકાનાં અંદાજિત રૂપિયા ૨૧.૪૭ કરોડનાં નવ વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ તથા પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી, ડૉ. આંબેડકર આવાસ યોજના, દૂધઘર બાંધકામ સહાય યોજના, એન.આર.એલ. એમ. (સી.આઇ.એફ.) અને જી.યુ.એલ.એમ. સહિતની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી હુકમ, પ્રમાણપત્ર, આવાસની ચાવી તેમજ સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી નયનાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી કેસરીસિંહ સોલંકી, અગ્રણીઓ, તાલુકા - જિલ્લા પંચાયતના સદસ્યો, યોજનાના લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# તરણેતરના ભાતીગળ મેળામાં સહભાગી થતાં CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં સુરેન્દ્રનગરના તરણેતર મેળાની મુલાકાત લીધી હતી. લોકોના આકર્ષણના કેન્દ્ર સમાન ગ્રામીણ ઑલિમ્પિક સ્પર્ધાઓને નિહાળી હતી. આ સાથે આ સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવીને તેમનો જુસ્સો વધાર્યો હતો.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના વિશ્વ વિખ્યાત તરણેતરના મેળામાં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તરણેતરના મેળામાં મુખ્ય દિવસ ગણાતા ઋષિ પાંચમના પવિત્ર દિવસે મુખ્યમંત્રીશ્રીએ ભોળાનાથનું ભાવપૂર્વક પૂજન-અર્ચન કરતાં પ્રજાજનોની જનસુખાકારીની પ્રાર્થના કરી હતી.

આ સાથે, તેમણે મેળાના મેદાનમાં ચાલી રહેલા માહિતી વિભાગના પ્રદર્શનને પણ રસપૂર્વક નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ 'ડબલ એન્જિન સરકાર, સપના સાકાર' થીમ પર બનેલા આ પ્રદર્શનમાં પ્રદર્શિત માહિતી અને વિષયવસ્તુનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. પ્રદર્શિત યોજનાઓના સુરેન્દ્રનગર જિલ્લાના લાભાર્થીઓ વિશે પૃચ્છા કરતાં તેમણે આ પ્રકારે યોજનાઓનો પ્રસાર કરી અન્ય સંભવિત લાભાર્થીઓ સુધી યોજનાકીય માહિતી પહોંચાડવાના પ્રયાસને બિરદાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી તેમજ મંત્રીમંડળના સદસ્યશ્રીઓએ ગ્રામીણ ઑલિમ્પિકના વિજયી ટીમના ખેલાડીઓ સાથે મુલાકાત કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા તેમજ ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સ્પર્ધાઓમાં ભાગ લેવા બદલ ખેલાડીને બિરદાવ્યા હતા અને ગ્રામસ્તરે સ્થાનિક ખેલાડીઓને માટે સુંદર પ્લેટફોર્મ નીવડેલા ગ્રામીણ ઑલિમ્પિકના વિચારને વધાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા ગ્રામીણ ઑલિમ્પિકની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્ષે સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત અને રમત પ્રશિક્ષણ કેન્દ્ર, લીંબડી દ્વારા ગ્રામીણ ઑલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતું. બે વર્ષના અંતરાલ બાદ આ સ્પર્ધાઓ યોજાતાં લોકોનો ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. ગ્રામીણ ઑલિમ્પિકમાં માટલાદોડ, લાડુ ખાવાની સ્પર્ધા, રસ્સાખેંચ, સ્લો સાયકલિંગ, નાળિયેર ફેંક, સાતોડી જેવી દેશી અને ભુલાતી જતી રમતો તેમજ દોડ, કૂદ, વૉલીબોલ, કુસ્તી સહિતની જાણીતી રમતોની સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે પણ આ સ્પર્ધાઓના વિજેતાઓને વિવિધ કેટેગરીમાં ૨ લાખથી વધુનાં ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ તકે કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, મંત્રી શ્રી દેવાભાઈ માલમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## નર્મદા જિલ્લાના 11 હજાર ખેડૂતોએ અપનાવી પ્રાકૃતિક ખેતી

નર્મદા જિલ્લાના પોઇચા ગામે નીલકંઠધામમાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિ....પ્રકૃતિના શરણે પરિસંવાદમાં નર્મદા જિલ્લાના ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વ્યાપક પ્રમાણમાં અપનાવીને પ્રકૃતિ-પર્યાવરણ અને જમીનના સંરક્ષણમાં યોગદાન આપવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અનુરોધ કર્યો હતો.

પર્યાવરણની સમતુલા ખોરવવામાં અને જમીનને સત્ત્વહીન બનાવવામાં સૌથી મોટી ભૂમિકા રાસાયણિક ખાતર અને જંતુનાશકોના બેફામ વપરાશથી થતી રાસાયણિક ખેતીની છે, આ ભૂલને સુધારવાનો અસરકારક અને એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે, તેવી લાગણી વ્યક્ત કરતાં તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તાલીમ શિબિરમાં જિલ્લાના ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગુજરાતના તમામ જિલ્લાઓમાં પ્રવાસ કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપી રહ્યા છે.

નર્મદા જિલ્લાના અંદાજે ૧૧ હજાર જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન લઈને આશરે ૩૩૭૧ એકર જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતી શરૂ કરી હોવાનું જાણી તેમણે નર્મદા જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસોને બિરદાવી ટીમ નર્મદાને અભિનંદન પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે જિલ્લાના ૭૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોની સાફલ્યગાથા પુસ્તિકાનું વિમોચન કરાયું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલની મુલાકાત લઈને પ્રદર્શિત કરાયેલી વિવિધ કૃષિ પેદાશોનું નિરીક્ષણ કર્યું હતું. ●

# સુરતમાં કૃભકોના બાયો-ઈથેનોલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત




ગુજરાતના પનોતાપુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોની આવકમાં વધારો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ લક્ષ્યાંકને પૂર્ણ કરવા ગુજરાત સરકાર દેશમાં અગ્રેસર રહી કાર્ય કરી રહી છે. ખેડૂતોના પાકોનું મૂલ્યવર્ધન થાય તે માટે વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે. તે દિશામાં આગળ વધતા તાજેતરમાં સુરતના હજીરા સ્થિત કૃભકો(કૃષક ભારતી કો-ઓપ.લિ.) ના રૂ.૩૫૦ કરોડના ખર્ચે પ્રતિદિન ૨.૫૦ લાખ લિટર ક્ષમતાના બાયો-ઈથેનોલ પ્રોજેક્ટનું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કર્યુ હતુ.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈથેનોલ મિશ્રણના કારણે ક્રુડ ઓઈલની આયાતમાં રૂ. ૪૬૦૦૦ કરોડની બચત થઈ છે, જેનો સીધો અર્થ એ છે કે શેરડી, મકાઈ, ડાંગર જેવા પાકોનું ઉત્પાદન કરતા ખેડૂતોના પરિશ્રમના પરિપાકરૂપે આ રૂ.૪૬૦૦૦ કરોડની રકમ તેમના સુધી પહોંચી છે. સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન અને ઓર્ગેનિક ઉત્પાદનોની નિકાસ માટે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીનું નિર્માણ કરાશે એવી પણ ગૃહમંત્રીશ્રીએ આ પ્રસંગે જાહેરાત કરી હતી.

વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ સંમિશ્રિત કરવાનો લક્ષ્યાંક સેવ્યો છે અને પાંચ માસ પહેલાં જ અડધો લક્ષ્યાંક એટલે કે ૧૦ ટકા ઈથેનોલ મિશ્રણનો લક્ષ્યાંક સિદ્ધ થઈ ગયો છે એમ જણાવતાં ગૃહમંત્રીશ્રીએ પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણથી દેશની તિજોરીને વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧ લાખ કરોડનો ફાયદો થશે એમ સ્પષ્ટપણે ઉમેર્યું હતું.

બાયોફ્યુઅલમાં ભારત વિશ્વમાં મહત્વનું સ્થાન પામી રહ્યું છે એનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય સહકાર મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સ્વચ્છતા અને આત્મનિર્ભરતાની સાથે વેસ્ટ એટલે કે કચરાનો પણ મહત્વપૂર્ણ ઉપયોગ થઈ રહ્યો છે. આજે દેશમાં રિસાઈકલિંગને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. આવા જ પ્રયાસોમાં બાયો ઈથેનોલનું પણ નામ જોડાયું છે. તેનાથી અનેક સામાન્ય ખેડૂત પરિવારોને આર્થિક ફાયદો થવા સાથે ફ્યુઅલ સેકટરમાં અન્ય દેશો પર નિર્ભર રહેવું નહીં પડે અને દેશના અર્થતંત્રમાં નવી ઊર્જા, નવી ગતિનો સંચાર થશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફ્યુઅલના વધુ પડતા વપરાશથી ક્રુડ ઓઈલની આયાત થકી મોટું વિદેશી હુંડિયામણ ચુકવવું પડે છે અને અર્થતંત્ર પર પણ અસર પડે છે, સાથોસાથ ઔદ્યોગિક વિકાસના કારણે સતત વધતા ઈંધણના ઉપયોગથી પર્યાવરણ પર પણ વિપરીત અસર થઈ રહી છે. કૃભકોના હજીરા પ્લાન્ટમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોજેક્ટ ઈંધણમાં આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ બનશે એવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદ્રષ્ટિયુક્ત વિઝન બદલ કૃભકો પરિવારને અભિનંદન આપતા વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાંથી ઈથેનોલ મેળવ્યા બાદ વાર્ષિક આશરે ૩૬ હજાર મેટ્રિક ટન જેટલો પૂરક પશુઆહાર પણ મળશે, જે પશુઓ, માછલી અને મરઘાના ખોરાકની માંગને પૂરી કરશે અને ગ્રામીણ અર્થતંત્રને પણ મજબૂતી આપશે. હજીરામાં આ પ્લાન્ટ શરૂ થતા દક્ષિણ ગુજરાતના શેરડી અને ખાંડ સાથે જોડાયેલા સહકારી એકમો માટે લાભદાયી થશે.

આ પ્રસંગે કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી, કૃભકો અને આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન એશિયા પેસેફિકના અધ્યક્ષ ડો.ચંદ્રપાલ સિંહ સહિત કેન્દ્ર-રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## સુરતમાં 'હિન્દી દિવસ સમારોહ-૨૦૨૨' યોજાયો

ભારત સરકારના રાજભાષા વિભાગ, ગૃહ મંત્રાલય દ્વારા કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સુરત ખાતે 'હિન્દી દિવસ સમારોહ-૨૦૨૨' અને 'દ્વિતીય અખિલ ભારતીય રાજભાષા સંમેલન' યોજાયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ હિન્દી દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યુ કે, સુરતની પાવન ભૂમિ પરથી દેશમાં સર્વ પ્રથમ વીર નર્મદે ભાષાઓના મહત્વને ઉજાગર કર્યું હતું. તેમણે ગરવી ગુજરાતનું સ્વપ્ન આપીને અંગ્રેજોને દેશનો વ્યવહાર હિન્દીમાં ચલાવવાનો આગ્રહ કર્યો હતો. સુરત એ ઉત્સાહ અને મનોરથોને સિધ્ધ કરનારી ભૂમિ છે.

# બાગાયતી પાકોની વેલ્યુ ચેઈન ઊભી કરી ખેડૂતોની આવક વધારવાનો નિર્ધાર



ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર ૬.૯૨ લાખ હેક્ટરથી વધીને ૧૯.૭૭ લાખ હેક્ટર અને ઉત્પાદન ૬૨.૦૧ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૫૦.૫૨ લાખ મેટ્રિક ટન થયું છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં ૨૦ વર્ષમાં ૩૫ લાખથી વધુ બાગાયતકારોને વિવિધ બાગાયતી યોજનાઓથી લાભાન્વિત કરાયા છે.

રાજ્યમાં બાગાયતી પાકોની વેલ્યુચેઈન ઊભી કરી ખેડૂતોની આવક વધારવાના આશયથી રાજ્યમાં ત્રણ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર તથા ચાર પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર શરૂ કરાશે. આ સેન્ટરનાં ઈ- ખાતમુહૂર્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરના ધ્રોલ ખાતેથી કર્યાં હતાં.

આ અંતર્ગત અમદાવાદ, જામનગર અને ખેડામાં સેન્ટર ઓફ એક્સલન્સ ફોર હોર્ટીકલ્ચર બનશે અને બનાસકાંઠા, કચ્છ, જામનગર, નવસારી અને પંચમહાલ જિલ્લામાં પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર બનશે. આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ કમલમ ફળનું વાવેતર કરવા માટે સહાય કાર્યક્રમ, કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ અને મિશન મધમાખી કાર્યક્રમ એમ કુલ 3 નવી યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ પણ કરાવ્યો હતો.

ગુજરાતના ખેડૂત સામૂહિક બહુવર્ષાયુ ફળ-પાકોના વ્યાપારિક ધોરણે વાવેતર કરે તેમજ આવા ખેડૂતોને શરૂઆતના ઊંચા રોકાણ સામે જરૂરી સહાય પૂરી પાડવા કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ રાજયના તમામ ખેડૂત, ખેતીલાયક જમીન ધારણ કરેલા રજિસ્ટર્ડ ટ્રસ્ટ, FPO, FPC, સહકારી મંડળીના સભાસદોને લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ બાગાયત ક્ષેત્રના વિકાસ માટે સીમાચિન્હરૂપ છે. નવા બનનારા ૪ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર સહિત રાજ્યભરમાં કુલ ૯ સેન્ટરો કાર્યરત થશે, જેનાથી બાગાયતી ખેતી નફાકારક બનશે અને બાગાયત ક્ષેત્રે વધુ માળખાકીય સુવિધાઓ ખેડૂતોને ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયની બાગાયતી કૃષિની પરિસ્થિતિનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે, રાજયની કેસર કેરીને જી. આઇ. ટેગ મળ્યું છે, ગુજરાત રાજ્ય ભીંડા અને ચીકુના પાક ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે, તે ગુજરાતના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે ગૌરવ લેવા જેવી બાબત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અત્રે ઊભા કરવામાં આવેલાં કૃષિ ઉત્પાદનોના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી અને બાગાયત કૃષિકારોને પ્રોત્સાહિત કર્યા હતા તથા જામનગર જિલ્લાના બાગાયતી વિભાગના લાભાર્થીઓ તથા અન્ય લાભાર્થીઓને રાજ્ય સરકારની યોજનાકીય સહાયનું તથા પ્રમાણપત્રનું વિતરણ કર્યું હતું.

રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા બાગાયત પાક પરિસંવાદ, સેન્ટર ઓફ એક્સેલન્સ તથા પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરના ખાતમુહૂર્તનો મુખ્ય કાર્યક્રમ ધ્રોલ ખાતે યોજાયો હતો, જેમાં અમદાવાદ જિલ્લાના મીરોલી, ખેડા જિલ્લાના મહેમદપુરા, ભુજ, જાંબુઘોડા અને બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં હજારો પ્રગતિશીલ નાગરિકો સહભાગી થયા હતા.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે નવીન પ્રકલ્પો અંગે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ખેડૂત થકી ગામડું અને ગામડા થકી સમગ્ર દેશને આત્મનિર્ભર બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર કામગીરી કરી રહી છે. ખેડૂત સમૃદ્ધ બને તેમજ ખેડૂતની આવક બમણી થાય તે માટે રાજ્ય સરકાર સૌની યોજના, કૃષિ સાધન સહાય, ખાતર તથા વીજ સબસિડી, ફ્રૂટ પ્રોસેસિંગ યુનિટ, મહત્તમ ટેકાના ભાવે જણસની ખરીદી, વિનામૂલ્યે લોન વગેરે જેવી અનેક કૃષિ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી ખેડૂત, ખેતી અને ગામડાને સમૃદ્ધ બનાવવાની દિશામાં સતત આગળ વધી રહી છે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી તથા મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

**રાજ્યમાં 3 સેન્ટર ઓફ એક્સલન્સ ફોર હોર્ટીકલ્ચર તથા ૪ પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનાં ખાતમુહૂર્ત**

## ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ’

# રાજ્યની પ્રગતિમાં સર્વ સમાજનું યોગદાન



દેશના વિકાસમાં દરેક નાગરિક પોતાનું યોગદાન આપે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોને હાકલ કરી છે. વડાપ્રધાનશ્રીના સર્વ સમાવેશક વિકાસના મંત્રને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ સમાજના સ્નેહમિલન કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ’ના મંત્રને ચરિતાર્થ કરવા તમામ સમાજના રાજ્યની પ્રગતિમાં રહેલા યોગદાનને બિરદાવ્યું હતું.

**શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ :** ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના સુશાસનમાં કોઈ પણ સમાજનાં કામ અટક્યાં નથી અને અટકવાનાં પણ નથી.

**પ્રજાપતિ સમાજ :** પ્રજાપતિ સમાજના ગાંધીનગરમાં યોજાયેલા સ્નેહમિલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખેલા વિકાસના મજબૂત વિકાસના પાયા ઉપર ઊભું છે. ગુજરાત અને ભારતનું અર્થતંત્ર પૂરપાટ ગતિએ આગળ વધી રહ્યું છે.

**સગર સમાજ :** ગાંધીનગરમાં સગર સમાજના સ્નેહમિલન કાર્યક્રમને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વંચિત, જરૂરિયાતમંદ અને નિઃસહાયને સહાય કરી રાજ્ય સરકાર તેમની પડખે ઊભી રહે છે.

**નાઈ વાળંદ સમાજ :** અખિલ ગુજરાત નાઈ-વાળંદ સમાજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત દેશના વિકાસનું રોલ મોડેલ છે અને અન્ય રાજ્યોની તુલનાએ દરેક ક્ષેત્રે નંબર વન રાજ્ય છે તેમ જણાવ્યું હતું.

**માળી સમાજ :** ગાંધીનગરમાં ગુજરાતના માળી સમાજે મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના વિવિધ વર્ગો-સમાજોની લાગણી-માગણીને સમજીને તેમને સાથે રાખી રાજ્ય સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત છે.

**મોચી સમાજ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં મોચી સમાજનું સ્નેહમિલન યોજાયું હતું. મોચી સમાજના સ્નેહને ઝીલતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રે જે વિકાસ થયો છે, તેણે ગુજરાતને દેશનું મોડલ સ્ટેટ બનાવ્યું છે.

**નાયક સમાજ :** ગાંધીનગરમાં આયોજિત નાયક-ભોજક સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે સમયાનુકૂળ પરિવર્તનો લાવીને વિદ્યાર્થીઓ-યુવાપેઢીને અદ્યતન શિક્ષણ આપવાના તમામ પ્રયાસો કર્યા છે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ રૂ.૫૧ હજારનો સ્વૈચ્છિક ફાળો મુખ્યમંત્રીશ્રી રાહતનિધિ માટે અર્પણ કર્યો હતો.

**મોદી સમાજ :** ગાંધીનગરમાં સમગ્ર ગુજરાતના મોદી સમાજ દ્વારા યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની રાજનીતિના પરિણામે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવી સરકારે દરેક યોજનાના કેન્દ્રમાં ગરીબ, વંચિત, છેવાડાના માનવીને રાખ્યા છે, એમ ઉમેર્યું હતું.

**ધોબી સમાજ :** ધોબી સમાજના ગાંધીનગરમાં યોજાયેલા સ્નેહમિલનમાં વિશાળ જનસમૂહને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જરૂરતમંદોને સહાય-મદદ કરવામાં, ગરીબ-મધ્યમ વર્ગના લોકોના કલ્યાણ માટે સરકારે ક્યારેય પાછીપાની કરી નથી અને કરશે પણ નહીં. ગુજરાત સરકાર તમામ સમાજ-વર્ગોના સામૂહિક ઉત્કર્ષ માટે કર્તવ્યરત છે.

**ડબગર સમાજ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડબગર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે સૌ સમાજને સાથે લઈ ચાલવાની નીતિ-રીતિ અપનાવી છે.

**ગઢવી સમાજ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગઢવી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતમાં વિકાસનાં કામો-યોજનાના લાભ છેવાડાનાં ગામો સુધી પહોંચતાં થયાં છે. રસ્તા, પાણી, ઊર્જા, સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા સાર્વત્રિક બની છે.

**દેવીપૂજક સમાજ :** ગાંધીનગરમાં દેવીપૂજક સમાજ આયોજિત સ્નેહમિલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વડાપ્રધાનશ્રીએ સૌને વિકાસની તકો પૂરી પાડી છે. ●

### ગાંધીનગરમાં એગ્રી એશિયા પ્રદર્શન યોજાયું

# ખેતીમાં ટેક્નોલોજીનો ઉપયોગ એટલે ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો



ખેડૂતોની આવક બમણી કરી કૃષિ અર્થતંત્રને મજબૂત બનાવવા વડાપ્રધાનશ્રીએ જે કિસાન હિતકારી યોજનાઓ દેશને આપી છે તેનો સુચારૂ અમલ ગુજરાતમાં થઇ રહ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગાંધીનગરમાં ૧૧મા એગ્રી એશિયા પ્રદર્શનને ખુલ્લું મુકતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ખેતીમાં સમયાનુકુલ અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી પાકવૃદ્ધિ અને કિસાન સમૃદ્ધિની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની નેમ સાકાર કરવામાં ગુજરાત ખેતીને પ્રાથમિકતા આપીને અગ્રેસર રહ્યું છે.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં ખેતી, ગામડુ, છેવાડાના માનવીના સર્વગ્રાહી વિકાસ માટેનો મજબૂત પાયો નાંખ્યો છે. ગુજરાત આજે કૃષિ, ઉદ્યોગ, એક્સપોર્ટ, નાણાંકીય વ્યવસ્થાપન, કોવિડ મેનેજમેન્ટ સહિત સર્વાંગી ક્ષેત્રે દેશમાં રોલ મોડેલ બન્યું છે તેના મૂળમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલી વિકાસની રાજનીતિ અને સૌના કલ્યાણનો મંત્ર છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ખેતી ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ થાય તે સાથે પોષણયુકત ખેતી માટે નેચરલ ફાર્મીંગ-પ્રાકૃતિક ખેતીનો પણ વ્યૂહ સરકારે અપનાવ્યો છે. રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ઉપરાંત ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી ખેતી ક્ષેત્રના સમ્યક વિકાસ માટે ખેતીને પ્રાથમિકતા આપે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજ્યના ખેડૂતોને વિશ્વના પ્રવાહ અનુરૂપ પાક પદ્ધતિ અને કૃષિ જ્ઞાન-વિજ્ઞાન ઘર આંગણે પૂરા પાડવામાં આવા પ્રદર્શનો ઉપકારી બનશે.

મત્સ્યોદ્યોગ પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઇ રૂપાલાએ જણાવ્યું હતું કે, ભારતમાં કૃષિ અને પશુપાલન વર્ષોથી એકબીજાના પૂરક રહ્યા છે ત્યારે આ ત્રિદિવસીય એગ્રી એશિયા અને પશુપાલન-ડેરી ટેકનોલોજી પ્રદર્શન તેમાં વધુ પ્રોત્સાહક બળ પૂરું પાડશે.

મંત્રીશ્રી રૂપાલાએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સૌપ્રથમ ગુજરાતમાં પશુપાલન સાથે જોડાયેલી કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના અને કૃષિ મહોત્સવ થકી દેશને પશુપાલન અને કૃષિ સંશોધન ક્ષેત્રે નવી દિશા આપી છે.

આ એક્ઝિબિશનના પ્રારંભ પ્રસંગે GCMMFના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, GPDFAના ચેરમેન ડૉ. ભરતભાઈ પટેલ, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, મહારાષ્ટ્રના સાંસદ ડૉ. અનિલજી, શ્રી બાબુભાઈ જેબલિયા, પ્રદર્શનમાં પાર્ટનર કન્ટ્રી જર્મનીના શ્રીયુત્ત સ્ટિફન, ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મૂકેશ પુરી, ઉચ્ચ અધિકારીઓ, કૃષિ-પશુપાલન સાથે જોડાયેલાં ઉદ્યોગપતિઓ, પ્રગતિશીલ ખેડૂત ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## રૂ. ૧.૫૪ લાખ કરોડના મૂડીરોકાણ સાથે
# ગુજરાતમાં સેમી કન્ડક્ટર અને ડિસ્પ્લે નિર્માણ માટે MOU




ગુજરાતના પનોતાપુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. આ દિશામાં આગળ વધતાં તાજેતરમાં ગાંધીનગર ખાતે સેમીકન્ડક્ટર અને ડિસ્પ્લે નિર્માણ માટે રૂ. ૧.૫૪ લાખ કરોડના મૂડીરોકાણ માટેના એમ.ઓ.યુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રિય સાયન્સ ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીની ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા. ભારતના કોઈ એક રાજ્યમાં કરવામાં આવેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું મૂડીરોકાણ છે. આ એમ.ઓ.યુ. અંતર્ગત ફોક્સકોન અને વેદાંતા ગ્રુપ દ્વારા ગુજરાતમાં રોકાણ કરવામાં આવશે.

ગુજરાત સરકારે તાજેતરમાં ઘડેલી સેમીકન્ડક્ટર પૉલિસીને પરિણામે સેમીકન્ડક્ટર અને ડિસ્પ્લે નિર્માણ ક્ષેત્રની અગ્રણી કંપનીઓ ગુજરાત તરફ આકર્ષાઈ છે. આ એમ.ઓ.યુ.થી આગામી દિવસોમાં રાજ્યના ૧ લાખ જેટલા યુવાઓને રોજગારી મળવાની દિશા ખૂલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, "વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત પૉલિસી ડ્રીવન સ્ટેટ બન્યું છે." તેને વધુ ગતિ આપતી ડેડિકેટેડ સેમીકન્ડક્ટર પૉલિસી સાથે 'સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશન' પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં કાર્યરત કરાયું છે. આ મિશન પણ પ્રોજેક્ટની સફળતા માટે સહાયતા પૂરી પાડશે. ગુજરાત દેશમાં વિકાસનું રોલ મોડલ છે તથા દેશ-વિદેશના રોકાણકારો માટે પસંદગીનું શ્રેષ્ઠ સ્થળ બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રોજેક્ટને રાજ્ય સરકારના સહયોગની ખાતરી આપી હતી.

કેન્દ્રીય IT મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને તેમની સરકારના સફળતાના એક વર્ષ નિમિત્તે અભિનંદન આપતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ વર્ષ પહેલાં ડિજિટલ ઇન્ડિયા અભિયાન લૉન્ચ કરીને ટેક્નોલોજી ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાનો નવો રાહ ચીંધ્યો હતો. સ્ટાર્ટઅપ, મેક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા થકી ભારત આજે વિશ્વમાં બીજો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક દેશ બન્યો છે.

શ્રી વૈષ્ણવે કહ્યું હતું કે કોઈ પણ ઇલેક્ટ્રીક સાધન જેમ કે મોબાઇલ, ટીવી, લેપટોપ, કાર વગેરેમાં 'સેમી કન્ડક્ટર' મગજની ભૂમિકા ભજવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડિસેમ્બર-૨૦૨૧માં સેમી કન્ડકટર નીતિને મંજૂરી અપાઈ છે. આ નીતિનું જાન્યુઆરી-૨૦૨૨માં ખૂબ જ ટૂંકા સમયમાં અમલીકરણ કરીને ભારતે વિશ્વમાં નવી મિસાલ રજૂ કરી છે. ગુજરાત સરકાર અને વેદાંતા-ફોક્સકોન ગ્રુપ વચ્ચે સેમી કન્ડક્ટરના ઉત્પાદન માટે થયેલા MOUના પરિણામે નવી ૧ લાખ રોજગારી ઉપલબ્ધ થશે. આ તો માત્ર એક શરૂઆત છે. આગામી સમયમાં વધુ ૧૦ કંપનીઓ રોકાણ માટે આવશે, જેનાથી લાખો યુવાનોને રોજગારી ઉપલબ્ધ થશે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આગામી સમયમાં વધુ હજારોની સંખ્યામાં વિવિધ યુનિવર્સિટીના માધ્યમથી સેમી કન્ડક્ટર પ્રોફેશનલ્સ તૈયાર કરવામાં આવનાર છે.

રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સેમી કન્ડક્ટર નિર્માણ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં નક્કર આયોજનો સાથે આ ક્ષેત્રમાં ડેડીકેટેડ પૉલિસી તૈયાર કરવામાં આવી છે, ત્યારે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આ વિઝનને સફળ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ કરી ગુજરાતે બાજી મારી છે. આ MOU પ્રસંગે મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, વેદાંતા ગ્રુપના ચેરમેન શ્રી અનિલ અગ્રવાલ, તાઈવાન સ્થિત ફોક્સકોન ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી બ્રાયન હોપ, વેદાંતા ગ્રુપના શ્રી આકાશ હેબર સહિત સાયન્સ એન્ડ ટેક્નોલોજી તેમજ GILના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ગુજરાતને ૬ એવોર્ડ

ગુજરાતે ક્લાઈમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઊર્જા સંદર્ભે અનેકવિધ નવતર આયામો હાથ ધરીને નવી નીતિઓ પણ બનાવી છે, જેના પરિણામે ગુજરાતે હરિત ઊર્જા નિર્માણમાં હરણફાળ ભરી છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને ૬ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ એવોર્ડ કેરળના કોચીન ખાતે કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્યમંત્રી શ્રી ભગવંત ખુબાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના ઊર્જા અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના અધિકારીશ્રીઓ અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)ના નિયામકશ્રી દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યા હતા.



તેમણે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ઊર્જા વિભાગે અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરી છે તેના ફળસ્વરૂપે આ એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયા છે. મુખ્યમંત્રીશ્રી અને ઊર્જામંત્રીશ્રીએ આ વિશેષ સિદ્ધિ બદલ ઊર્જા વિભાગને અભિનંદન પાઠવ્યાં છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ક્લાઈમેટ ચેન્જ વિભાગ તથા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સરકારે પ્રજાલક્ષી સકારાત્મક ગ્રીન ઊર્જા નીતિ દ્વારા કરેલી ઉત્તમ કામગીરીને પરિણામે ગુજરાત હાલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૯,૫૩૪ મેગા વોટ સાથે દેશભરમાં બીજા સ્થાને, સોલાર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૭,૯૭૩ મેગા વોટ સાથે બીજા ક્રમે જ્યારે સોલાર રૂફટોપની સ્થાપિત ક્ષમતા ૧,૯૨૫ મેગા વોટ સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

ગુજરાતને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે એસોસિયેશન ઓફ રિન્યુએબલ એનર્જી ઑફ સ્ટેટ (AREAS) દ્વારા છ એવોર્ડ એનાયત થયા છે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઊર્જાની 'સ્થાપિત ક્ષમતા' માટે, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય પવન ઊર્જા સ્થાપિત ક્ષમતા માટે, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન માટે, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જા કેપેસિટી એડીશન (ક્ષમતા વધારા) માટે, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા ક્ષમતા વધારવા માટે, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રથમ ક્રમની સૌથી વધારે પવન ઊર્જા વધારાની ક્ષમતા માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી હતી. ●

# પપૈયાના વાવેતરમાં દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે જોયેલા સપનાંઓની દિશામાં રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્ન રહી છે. મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યના બાગાયત વિભાગ દ્વારા ગુણકારી ફળપાક એવા પપૈયાની ખેતી માટે વિવિધ સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, જેથી રાજ્યના ખેડૂતો ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાકની ખેતી દ્વારા સારી આવક ઊભી કરી પોતાની આવક બમણી કરી શકે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પપૈયાના પાકનો વાવેતર વિસ્તાર ૧૮ હજાર હેક્ટર કરતાં વધુ છે તથા ઉત્પાદન ૧૧ લાખ મેટ્રિક ટન કરતાં વધુ છે અને ઉત્પાદકતા ૬૧.૦૭ મેટ્રિક ટન પ્રતિ હેક્ટર છે. જે વાવેતરની દૃષ્ટિએ દેશના તમામ રાજ્યોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે અને ઉત્પાદનમાં બીજા ક્રમે છે. પપૈયાની ખેતી મુખ્યત્વે તાપી, વડોદરા, છોટાઉદેપુર, અરવલ્લી, કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં થાય છે.



ખેડૂતોને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના બાગાયત ખાતા દ્વારા વિવિધ સહાય આપવામાં આવે છે. જેમાં લાભાર્થી દીઠ ખર્ચના ૫૦ ટકા કે મહત્તમ રૂ. ૩૦ હજાર પ્રતિ હેક્ટર સહાય મળવાપાત્ર છે. આ સિવાય રાજ્ય સરકારની વધારાની પૂરક સહાય પેટે સામાન્ય ખેડૂતને ૧૫ ટકા જ્યારે અનુ. જનજાતિ તથા અનુ. જાતિના ખેડૂતને ૨૫ ટકા સહાય ફક્ત વાવેતર માટે જ આપવામાં આવે છે. લાભાર્થી દીઠ આજીવન મહત્તમ ૪ હેક્ટરની મર્યાદામાં પપૈયાની ખેતી માટે સહાય આપવામાં આવે છે.

ફળપાકોમાં પપૈયા અગત્યનો ટૂંકાગાળાનો રોકડીયો ફળપાક છે. ખેડૂતોને પપૈયાની ખેતી દ્વારા પોતાની આવક વધારવાની સાથે સાથે રાષ્ટ્રની પ્રગતિમાં પણ યોગદાન આપવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે. ●

## ગુજરાતને ૪૭ હજાર મેટ્રિક ટન યુરિયા ખાતર ફાળવવામાં આવ્યું

રાજ્યમાં સારા વરસાદના પરિણામે ૮૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થયું છે અને હજુ આગામી સમયમાં વધુ ૫ લાખ હેક્ટરમાં દિવેલા-ઘાસચારાના પાકોનું વાવેતર થનાર છે. ખરીફ પાકોમાં યુરિયાની જરૂરિયાતને ધ્યાને લઈ તેમજ રાજ્યના ખેડૂતોને સમયસર પૂરતું ખાતર મળી રહે તે અમારી સરકારની પ્રાથમિકતા છે, તેમ ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું



કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કૃષિ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને કરાયેલી રજૂઆતના ફળસ્વરૂપે ઈફકો કંપની દ્વારા આયાતી યુરિયા ખાતરનું ૪૭ હજાર મેટ્રિક ટનનું આખેઆખું વેસલ-જહાજ ગુજરાતના ખેડૂતોના હિતમાં ફાળવી આપવામાં આવ્યું છે. તેના પગલે આગામી સમયમાં પૂરતી માત્રામાં યુરિયા ખાતર રાજ્યમાં ઉપલબ્ધ થશે. હાલ રાજ્યમાં યુરિયા ખાતરના ૨.૫૦ લાખ મેટ્રિક ટન કરતાં વધુ જથ્થા સહિત અન્ય ખાતરો પણ પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આગામી રવી અને ઉનાળુ ઋતુમાં પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર ઉપલબ્ધ થઈ શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૧૨.૫૦ લાખ મેટ્રિક ટન યુરિયા, ૨.૫૦ લાખ મેટ્રિક ટન ડીએપી, ૨.૮૫ લાખ મેટ્રિક ટન એનપીકે, ૦.૬૦ લાખ મેટ્રિક ટન એમઓપી અને ૧.૫૦ લાખ મેટ્રિક ટન એસએસપીનો જથ્થો મંજૂર કરવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, હાલ દેશમાં તમામ રાસાયણિક ખાતર કંપનીઓ દ્વારા ઉત્પાદિત ખાતરોનું જુદી જુદી ડિઝાઈનવાળી બૅગોમાં વેચાણ કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા રાસાયણિક ખાતર પર મોટા પ્રમાણમાં સબસિડી પણ આપવામાં આવે છે, જેથી ભારત સરકારના નામે જ રાસાયણિક ખાતરોનું વેચાણ થાય તે જરૂરી હતું. કેન્દ્ર સરકાર દ્વારા આગામી ગાંધી જયંતી એટલે કે તા.૨ ઓક્ટોબર- ૨૦૨૨થી તમામ રાસાયણિક ખાતર બનાવતી કંપનીઓને પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના હેઠળ એક જ સમાન પ્રકારની બૅગમાં રાસાયણિક ખાતરો વેચવાનું ફરજિયાત કરાયું છે, જેમાં હવે સમગ્ર દેશમાં ભારત યુરિયા, ભારત ડીએપી, ભારત એમઓપી અને ભારત એનપીકે તરીકે એક જ સમાન પ્રકારની બૅગમાં ખાતરોનું વિતરણ શરૂ કરવામાં આવશે. આ પ્રકારની કામગીરીથી રાસાયણિક ખાતરના ભાવોમાં કે તેની વેચાણ પદ્ધતિમાં કોઈ ફેરફાર થનાર નથી. માત્ર એકસમાન પ્રકારની બૅગમાં જ રાસાયણિક ખાતર વેચાય તે હેતુસર આ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. ●

## રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સોલાર પાવર યુનિટ ખરીદી માટે સહાય

ખેડૂતોના હિત માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય લીધો છે. ખેતી પાકના રક્ષણ માટે ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા સોલાર પાવર યુનિટ/કિટની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સહાય અપાશે. ખેડૂતોનો સર્વાંગી વિકાસ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે, તેમ જણાવતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, સોલાર પાવર યુનિટ/કિટમાં ગુણવત્તાયુક્ત ENERGIZER, સોલાર પેનલ, બેટરી, EARTHING SYSTEM, HOOTER (એલાર્મ), MODULE STANDની ખરીદી માટે ખેડૂતને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૧૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે મુજબ ખાતા દીઠ સહાય અપાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વન્ય કે રખડતાં પ્રાણીઓથી થતાં પાકના નુકસાનને અટકાવવા માટે લોખંડની કાંટાળી વાડની યોજના રાજ્યભરમાં અમલી છે. આ યોજનામાં ક્લસ્ટરના ધોરણે ખેડૂતોને લાભ મળે છે, પરંતુ તેના સ્થાને રાજયના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે કે જે ખેડૂતોએ કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો નથી તેમને આ સહાય આપવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે કૃષિમાં અનેકવિધ નવા નિર્ણયો અમલી બનાવ્યા છે. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને સાકાર કરવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સોલાર પાવર યુનિટ/કિટની ખરીદી સંદર્ભેની નવી યોજના માટે કુલ રૂ. ૨૦૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તેના ભાગરૂપે ચાલુ વર્ષે કુલ ૧૩,૦૭૦ ખેડૂત ખાતેદારને સહાયરૂપ થવા આ મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ માટે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ખેડૂત અરજદાર ઓનલાઈન અરજી કરી શકશે. તેમજ વહેલા તે પહેલાના ધોરણે ફાળવેલા લક્ષ્યાંકની મર્યાદામાં જ અરજીઓ પોર્ટલ પર સ્વીકારવામાં આવશે. ખેડૂતો ખેતર પર રહી પાકની રખેવાળી કરવાને બદલે ખેતર ફરતે સોલાર ફેન્સીંગ થકી ઊભા પાકનું રક્ષણ કરી શકે તેવા ઉદ્દેશ સાથે શરૂ કરાયેલી આ યોજનાનો વધુને વધુ ખેડૂતોને લાભ લેવા કૃષિમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. ●



## રાજ્યમાં રખડતા-બિનવારસી પશુઓના યોગ્ય નિયંત્રણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

રાજ્યમાં રખડતા ઢોરોના યોગ્ય નિયંત્રણ માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં રખડતા-બિનવારસી ગૌવંશના પશુઓને યોગ્ય રહેઠાણ અને માવજતની વ્યવસ્થા મળશે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આ નિર્ણય વિશે જણાવ્યુ હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં રખડતા બિનવારસી ગૌવંશના પશુઓની સમસ્યાના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ મારફત વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ સાથે નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં બિનવારસી રખડતા ગૌવંશના પશુઓ માટે આશ્રયસ્થાન પુરૂ પાડવાનો અને આ આશ્રયસ્થાનોમાં પશુઓના નિભાવ, આરોગ્ય અને સારસંભાળની યોગ્ય વ્યવસ્થાઓ પૂરી પાડવાનો આ યોજનાનો હેતુ છે. આ યોજનાથી રાજ્યની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી બિનવારસી પશુઓના નિયંત્રણની કામગીરીને વેગ મળશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, આ યોજના અંતર્ગત તા. ૦૧-૦૪-૨૦૨૨ પહેલાં પબ્લિક ચેરીટી એક્ટ હેઠળ નોંધાયેલ રાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત ગૌશાળા, પાંજરાપોળ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે જે બિનવારસી ગૌવંશના પશુઓને સ્વીકારે તેમજ કાયમી ધોરણે તેનો નિભાવ કરે તે સંસ્થાઓ કલેકટર તથા મામલતદારની ભલામણ મુજબ સહાય માટે પાત્ર ગણાશે. આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા બિનવારસી ગૌવંશના પશુઓને પાત્રતા ધરાવતી ગૌશાળા, પાંજરાપોળ, સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ખાતે મૂકવામાં આવે તો આવા પશુઓના નિભાવ માટે પશુ દીઠ રૂ. ૩૦ પ્રતિ દિનના ધોરણે સંસ્થાઓને સહાય આપવામાં આવશે. આ પશુઓના નિભાવ, આરોગ્ય અને સારસંભાળની વ્યવસ્થા જે તે સંસ્થાએ રાજ્ય સરકારના પશુપાલન ખાતા દ્વારા અમલમાં મૂકાયેલ યોજનામાં આપવામાં આવતી સહાયમાંથી કરવાની રહેશે.

રાજ્ય સરકારની આ વ્યવસ્થાને કારણે રખડતા-બિનવારસી પશુઓને લીધે ગ્રામ્ય વિસ્તારમાં ખેતી પાકને થતું નુકશાન અટકશે તેમજ આવા પશુઓને કારણે થતા અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થશે. ●

## અમદાવાદ અને સુરત મહાનગરની વધુ પાંચ TP સ્કીમ મંજૂર



શહેરી વિસ્તારોના વિકાસને વેગવંતો બનાવવા અમદાવાદ અને સુરતની પાંચ ટાઉન પ્લાનીંગ સ્કીમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. તેમણે અમદાવાદ અને સુરત મહાનગરની કુલ ૩ પ્રિલીમીનરી ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરી છે. આ ઉપરાંત, તેમણે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)ની ડ્રાફ્ટ સ્કીમ ૪૧૩-એણાસણ-મુઠિયા-બિલાસિયાને મંજૂરી આપી છે તથા અમદાવાદ મ્યુનિ. કોર્પો.ની ફાઇનલ ટી.પી સ્કીમ નં.૫૪ ઓગણજ મંજૂર કરી છે. આ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં કુલ ૩૫.૦૩ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થવાની છે. તેમાંથી ૬.૯૧ હેક્ટર્સમાં ૬૨૦૦ જેટલા EWS આવાસો બની શકશે. બાગ-બગીચા તથા રમત-ગમતનાં મેદાન અને ખુલ્લી જગ્યા માટે ૫.૯૫ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૬.૧૯ હેક્ટર્સ તથા વેચાણ હેતુસર ૧૫.૯૭ હેક્ટર્સ જમીન મળશે. ●

## તલાટી-કમ-મંત્રીઓના ભથ્થામાં વધારો



પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ હસ્તકના તલાટી-કમ-મંત્રીઓને અપાતા ભથ્થામાં નોંધપાત્ર વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. હવેથી તેમને અપાતા માસિક ખાસ ભથ્થા રૂ.૯૦૦ના બદલે રૂ.૩૦૦૦નું ખાસ ભથ્થું અપાશે. આ અંગે માહિતી આપતા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, કર્મચારીઓના હિતને વરેલી રાજ્ય સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ કક્ષાએ વિવિધ વિકાસ યોજનાઓના અમલીકરણ અધિકારી તરીકે કામગીરી સંભાળતા તલાટી-કમ-મંત્રીઓના કામમાં વર્ષ ૨૦૧૨ પછી ગ્રામ કક્ષાએ રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓના અમલીકરણ અધિકારી તરીકેની કામગીરીમાં વધારો થયો હોઈ આ મહત્વનો નિર્ણય કરાયો છે. તેમણે ઉમેર્યું હતું કે,ગુજરાત રાજ્ય પંચાયત તલાટી મહામંડળની રજૂઆત પરત્વે હકારાત્મક અભિગમ દાખવીને તલાટી-કમ-મંત્રીઓને હાલમાં આપતા માસિક ખાસ ભથ્થું રૂ.૯૦૦ના બદલે રૂ.૩૦૦૦નું ખાસ ભથ્થું અપાશે. આ ખાસ ભથ્થાની ગણતરી પેન્શનના હેતુ માટે કરવામાં આવશે નહિ. આ નિર્ણયનો અમલ તા.૧૩-૯-૨૦૨૨થી કરવામાં આવશે. રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ફરજ બજાવતા તમામ તલાટી-કમ-મંત્રીઓને આ નિર્ણય લાગુ પડશે. ●

### કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકની ફલશ્રુતિ

## નળકાંઠાનાં ૧૩૨ ગામોના ખેડૂતોની સિંચાઈની સમસ્યાનું નિવારણ



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે નળકાંઠાનાં ૩૨ જેટલાં 'નો સોર્સ વિલેજ'ની સિંચાઈ માટેના પાણીની સમસ્યાની ગંભીરતાને ધ્યાને લઈ તાજેતરમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમારની ઉપસ્થિતિમાં જળસંપત્તિ વિભાગ અને નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ નળકાંઠાનાં ગામોના ખેડૂતોની લાંબા સમયની રજૂઆત પ્રત્યે સકારાત્મક અને સંવેદનાત્મક અભિગમ દાખવી આ સમસ્યાના ત્વરિત નિવારણ માટે રાજ્ય સરકારને યોગ્ય વ્યવસ્થા કરવા ભલામણ કરી હતી.

તદનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીની આ બેઠક અને તેમની ભલામણની ફલશ્રુતિને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નળકાંઠાનાં આ બધાં જ 'નો સોર્સ વિલેજ' ગામોને નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો નિર્ણય કર્યો છે.

આ કિસાન - હિતલક્ષી નિર્ણયના પરિણામ સ્વરૂપે હવે નળકાંઠાનાં સિંચાઈ - વંચિત ૧૧ ગામોના ૧૭૦૦ ખેડૂતોના ૯૪૧૫ હેક્ટર જમીન વિસ્તારને પણ સિંચાઈ માટે નર્મદા જળ મળતાં થશે.

રાજ્ય સરકારે તાજેતરમાં જ ફતેવાડી-ખારીકટ યોજનાઓના પિયત વિસ્તારનાં ૧૧૧ ગામોને નર્મદા યોજના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો નિર્ણય કરેલો છે.

આ ૧૧૧ ગામોમાં નળકાંઠાનાં ૨૧ ગામોનો પણ સમાવેશ થઈ ગયો છે. નળકાંઠાનાં કુલ ૩૨ ગામોમાંથી પિયત વિસ્તારથી બાકાત રહી ગયેલાં ૧૧ ગામોને પણ હવે નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની અધ્યક્ષતામાં તાજેતરના ભૂતકાળમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં વ્યક્ત થયેલી લાગણીની ફલશ્રુતિરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો છે કે, હવે નળકાંઠાનાં તમામ એટલે કે ૩૨ 'નો સોર્સ વિલેજ'ને નર્મદા યોજનાના પિયત ખેડૂતોને જે ધોરણે પાણી મળે છે તે ધોરણે સિંચાઈ માટે નર્મદા જળ મળતું થશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઈ શાહે ધરતીપુત્રોની સિંચાઈ માટે પાણીની સમસ્યાઓનો સુચારુ ઉકેલ લાવ્યા બાદ હવે, નળકાંઠા સહિતના ખારીકટ-ફતેવાડી પિયત વિસ્તારના ગામોને નર્મદાનું જળ ખેતીવાડી અને સિંચાઈ માટે ઉપલબ્ધ બનાવવાનો ખેડૂત હિતકારી ઉદાત્ત અભિગમ દર્શાવ્યો છે. ●

## વડોદરાની SSG હૉસ્પિટલમાં અદ્યતન સારવાર ઉપલબ્ધ થશે

વડોદરાની એસ.એસ.જી. હૉસ્પિટલ માત્ર મધ્ય ગુજરાત જ નહીં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના દર્દીઓ માટે પણ વરદાનરૂપ સાબિત થઇ છે, ત્યારે તેમાં નવી આરોગ્ય સારવાર સુવિધા વધારવામાં આવશે. શરૂ થનાર નવી સુવિધાઓ વિશે માહિતી આપતા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ આ અંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં કાર્યરત યુ.એન.મહેતા હૉસ્પિટલ જેવી જ સારવાર અને સુવિધાઓ મધ્ય ગુજરાતના નાગરિકોને હવે એસ.એસ.જી. હૉસ્પિટલ, વડોદરા ખાતે ઉપલબ્ધ થશે. વડોદરા ખાતે રૂ. ૨૩૨ કરોડના ખર્ચે ૬૦૦ બેડના અદ્યતન મધર એન્ડ ચાઇલ્ડ (MCH) યુનિટનું ભૂમિપૂજન આગામી સમયમાં કરવામાં આવશે. આ ઉપરાંત મેડિકલ કૉલેજના ૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ રહી શકે તે માટેના નવા હૉસ્ટેલ બિલ્ડીંગની કામગીરી પ્રગતિમાં છે, જેનું તાજેતરમાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર દ્વારા સ્થળ નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો કરાયાં હતાં. ●

## ટૂરિઝમ ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસન માહિતી કેન્દ્ર શરૂ કરાશે

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વધુ વેગવાન બનાવવા, પ્રવાસીઓને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં તથા રાજય બહાર પ્રવાસન નિગમ હસ્તક 'ટુરિસ્ટ ઇન્ફર્મેશન બ્યુરો'-પ્રવાસી માહિતી કેન્દ્રો શરૂ કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો હોવાનું મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે કુલ ૩૪ જગ્યાએ આ પ્રવાસી માહિતી કેન્દ્રો શરૂ કરવામાં આવશે, તેમ પણ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ મહત્ત્વનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત પ્રવાસન નિગમ દ્વારા રાજ્યમાં અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, ખેડા, મહીસાગર, મહેસાણા, મોરબી, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ ખાતે પ્રવાસી માહિતી કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત રાજ્ય બહાર અયોધ્યા, વારાણસી, દેહરાદુન, ચંદીગઢ, નાગપુર, ઇન્દોર અને ભુવનેશ્વર ખાતે પણ રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા સાત પ્રવાસી માહિતી કેન્દ્રો શરૂ કરવામાં આવશે ●

## રાજ્યમાં માર્ગોની સુધારણા અને નવીનીકરણની કામગીરી સત્વરે પૂર્ણ કરાશે



રાજ્યની મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓ વિસ્તારમાં રોડ-રસ્તાની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના વિસ્તારોમાં પ્રવર્તમાન ચોમાસાને કારણે માર્ગો-રસ્તાઓને જે અસર પહોંચી છે, તે રિસર્ફેસિંગ, રિપેરિંગ અને માર્ગોનાં નવાં કામો દ્વારા સત્વરે દૂર કરી સ્થિતિ પૂર્વવત્ કરવા સ્પષ્ટ તાકીદ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજીને રાજ્યમાં હાલના ચોમાસાની સ્થિતિને કારણે માર્ગોની મરામત માટેની જે જરૂરિયાત ઊભી થઈ છે, તેની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુણવત્તાયુક્ત માર્ગો બને તથા ત્રણ વર્ષની ડિફેક્ટ લાયેબલિટીની મર્યાદામાં આવતા માર્ગોનું રિસર્ફેસિંગ, રિપેરિંગ સંબંધિત ઈજારદાર (કોન્ટ્રાક્ટર) દ્વારા સત્વરે હાથ ધરાય તે માટે અધિકારીઓ આવી કામગીરી પર સતત જાત-નિરીક્ષણ કરે અને ગુણવત્તાયુક્ત કામ થાય તે સુનિશ્ચિત કરે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, નાણાંના અભાવે જનતા જનાર્દનનાં આવાં પાયાની સુવિધાનાં કામો અટકે નહીં તે માટે રાજ્ય સરકાર સ્થાનિક સત્તા તંત્રોની પડખે છે. તેમણે સ્ટેટ હાઇ-વે, નેશનલ હાઇ-વે, મુખ્ય જિલ્લા માર્ગો તથા પ્લાન વિલેજ માર્ગોની સ્થિતિની પણ માર્ગ મકાન વિભાગના સચિવશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી. ●


## ખારીકટ-ફતેવાડી યોજનાથી ૧૧૧ ગામોને સિંચાઇ મળશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં ૧૧૧ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તેવા ઉદાત્ત અભિગમથી વધુ એક ક્રાન્તિકારી કૃષિ હિતલક્ષી નિર્ણય કર્યો છે. તે અંતર્ગત ખારીકટ-ફતેવાડી યોજનાના અંદાજે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તારને સરદાર સરોવર નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાશે. આ નિર્ણય પહેલાં આશરે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તાર નિયમિત પાણીના અભાવે છેલ્લાં ઘણાં વર્ષોથી સિંચાઈના પાણીની તકલીફ ભોગવતો હતો. એટલું જ નહીં, અત્યાર સુધી સરદાર સરોવર યોજનામાંથી જેટલું શક્ય બને એટલું પાણી આ પિયત વિસ્તારને આપીને ખેતી બચાવવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧૧ ગામોના અંદાજે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તારને સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો ત્વરિત નિર્ણય કરીને આ લાંબા સમયથી પડતર પ્રશ્નનો ઉકેલ લાવી દીધો છે. ●

### 'વન ગુજરાત, વન ડાયાલિસીસ' કાર્યક્રમ અંતર્ગત

## ૨૫૨ તાલુકામાં નિઃશુલ્ક ડાયાલિસીસ સુવિધા અપાશે

કિડનીના રોગથી પીડાતા દર્દીઓ માટે જીવાદોરી સમાન 'વન ગુજરાત, વન ડાયાલિસીસ' કાર્યક્રમ અંતર્ગત હાલમાં ૮૨ નિઃશુલ્ક ડાયાલિસીસ કેન્દ્રો કાર્યરત છે. ગુજરાત સરકાર કિડનીના રોગથી પીડાતા દર્દીઓ માટે આ સુવિધાનો વિસ્તાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. ગાંધીનગર ખાતે મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા-નિર્દેશ હેઠળ નવાં ૧૬૨ ડાયાલિસીસ કેન્દ્રો કાર્યાન્વિત કરવાની દિશામાં સરકાર સતત કાર્યરત છે. આ ઉપરાંત રાજ્યના તમામ ૨૫૨ તાલુકામાં નિ:શુલ્ક ડાયાલિસીસ સુવિધા આગામી સમયમાં ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત મોબાઈલ ડાયાલિસીસ વાન પણ રાજ્યમાં શરૂ કરવામાં આવી છે. કાર્યરત થનાર તમામ કેન્દ્રો પર ડાયાલિસીસની વૈશ્વિક કક્ષાની અને એકસમાન સુવિધા ઉપલબ્ધ થશે.



મંત્રીશ્રીએ 'વન ગુજરાત, વન ડાયાલિસીસ' કાર્યક્રમની વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, કિડનીના દર્દીઓને ડાયાલિસીસ સુવિધાઓ પૂરી પાડવા માટે 'One Gujarat, One Dialysis'ના અભિગમ સાથે દેશનું સૌથી મોટું ડાયાલિસીસ નેટવર્ક રાજ્યમાં કાર્યરત છે. આ પ્રકારનો આરોગ્ય કાર્યક્રમ ભારતમાં પ્રથમ વખત સાકાર થવા જઈ રહ્યો છે, જે દેશનો સૌથી મોટો ડાયાલિસીસ ચેઈન પ્રોજેક્ટ છે. રાજ્યના દરેક તાલુકામાં ડાયાલિસીસ સુવિધાઓ મળી રહે તેવા પ્રકારનું આયોજન રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થઇ રહ્યું છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૩માં ૩૦થી ૪૦ કિલોમીટર ત્રિજ્યા વિસ્તારમાં એક ડાયાલિસીસ કેન્દ્ર ઉપલબ્ધ કરાવવા 'ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ'ની શરૂઆત કરી હતી.

નિ:શુલ્ક ડાયાલિસીસની સુવિધા સાથે ડાયાલિસીસ કેન્દ્ર સુધી જવા માટે પીએમ-જનઆરોગ્ય યોજના હેઠળ ભાડા પેટે રૂ. ૩૦૦ આર્થિક સહાય પણ આપવામાં આવે છે, એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. ●

# નારી વંદન ઉત્સવ
# મહિલા સશક્તીકરણની દિશામાં ગુજરાતનું આગેકદમ




✎ **શ્રીમતી મનીષાબહેન વકીલ**

શિક્ષિત અને સશક્ત નારી ઉન્નત રાષ્ટ્રનો પાયો છે. જ્યારે એક નારી શિક્ષિત અને સક્ષમ બને છે ત્યારે તે રાજ્ય અને રાષ્ટ્રનું ઉત્થાન સહજ રીતે જ થાય છે. સક્ષમ મહિલા ઘર, પરિવાર અને સમાજમાં અન્યની તાકાત બની શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સહિત ગુજરાત સરકાર માતૃશક્તિ અને બાળકોના વિકાસ તથા 'સક્ષમ નારી, સશક્ત ગુજરાત'નો ધ્યેયમંત્ર લઈને ચાલે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં મહિલાઓનો સમગ્રતયા વિકાસ થાય તે માટે 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'કન્યા કેળવણી' જેવા મહત્ત્વપૂર્ણ અભિયાનોનો શુભારંભ કર્યો હતો. આજે આ લોકચેતના નારીશક્તિનું મોટું વટવૃક્ષ બની મહોરી ઊઠી છે.

વડાપ્રધાનશ્રીના આ પગલાને સુપેરે આગળ વધારતાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમોનો પરિણામલક્ષી અમલ કર્યો છે. મહિલા ઉત્કર્ષલક્ષી યોજનાઓનો વ્યાપ વધે અને વધુમાં વધુ બહેનો સુધી એ પહોંચી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને નારી વંદન ઉત્સવ અને વિશ્વ સ્તનપાન સપ્તાહ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ઉજવણી અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસ એમ સાત અલગ અલગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ દરેક દિવસની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા મહિલાઓને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ અને યોજનાઓ વિશે મહિલાઓને ઉપયોગી જાણકારી આપવાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. નારી વંદન ઉત્સવના યોજાયેલા કાર્યક્રમમાં અમદાવાદના સોલા ખાતે સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મહિલા સુરક્ષા માટેની 'સંકટ સખી' એપ્લીકેશનનું ઇ-લૉન્ચિંગ અને 'ઘરેલુ હિંસા સામે ચુપ્પી તોડો' ફિલ્મના નિદર્શનનો અનેક મહિલાઓએ લાભ લીધો અને તેમનામાં નવતર ઊર્જાના સંચારના દર્શન કરાવ્યાં હતાં. આ ઉપરાંત ૩થી ૬ વર્ષના બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય તે માટે સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ અંતર્ગત તૈયાર કરાયેલી 'અર્લી રીડર્સ બુક'નું વિમોચન કરવામાં આવ્યું હતું. 'મુખ્યમંત્રી શ્રી માતૃશક્તિ યોજના'ના લાભાર્થીઓને કિટનું વિતરણ અને વિવિધ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ મેળવનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલાઓ માટે ઘડાયેલા કાયદાઓ વિશે તેમજ સાયબર ગુના પ્રત્યે મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે નારી વંદન ઉત્સવની ઉજવણી અંતર્ગત 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી. મહિલા સુરક્ષા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. મહિલા સુરક્ષા દિવસ અંતર્ગત રાજ્યના ૩૨ જિલ્લાઓ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે કુલ-૩૭ જેટલા સેમિનારો દ્વારા ઉપયોગી માહિતી બહેનોને આપવાનો નવતર અભિગમ રાજ્ય સરકારે અપનાવ્યો હતો.

સમાજમાં દીકરીઓ પ્રત્યેની માનસિકતા બદલાય, તેઓના જન્મનો સહર્ષ સ્વીકાર થાય અને દીકરીઓના શિક્ષણને મહત્ત્વ આપવામાં આવે, સાથે સાથે દીકરીઓની સલામતી અને સુરક્ષા તથા પોષણના સ્તરમાં સુધારો થાય તે હેતુથી નારી વંદન ઉત્સવ અંતર્ગત 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમની રાજ્યકક્ષાની ઉજવણી રાજકોટ ખાતે કરવામાં આવી તેમજ જિલ્લાકક્ષાની ઉજવણી અંતર્ગત રાજ્યના ૩૨ જિલ્લાઓમાં ૨૦૫૬ કાર્યક્રમો કરવામાં આવ્યા, જેમાં ૫૫૫૪૯ લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બની પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખે તે માટે મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. આ સાથે જ મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૨૭૪૯ બહેનોને રોજગારી પૂરી પાડવામાં આવી. મહિલા સ્વાવલંબન દિવસની રાજ્યકક્ષાની ઉજવણી પંચમહાલ



ખાતે કરવામાં આવી, જ્યારે રાજ્યના ૩૨ જિલ્લાઓમાં કુલ ૩૩ કાર્યક્રમોમાં ૧૬૫૬૯ લોકો સહભાગી થયા હતા.

દેશની મહિલાઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તથા તેઓમાં રહેલા નેતૃત્વના ગુણો વિકસે તે માટે તેમને પ્રેરિત કરવાના હેતુથી નારી વંદન ઉત્સવ નિમિતે મહિલા નેતૃત્વ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે કરવામાં આવી, જ્યારે જિલ્લાકક્ષાની ઉજવણીની વાત કરીએ તો રાજ્યના ૩૨ જિલ્લાઓમાં કુલ ૪૬ સ્થળો પર આ કાર્યક્રમની ઉજવણી થઈ હતી.

મહિલાઓ કામકાજના સ્થળે આવતી મુશ્કેલીઓનું નિવારણ કેવી રીતે લાવી શકે તે અંગે માર્ગદર્શન આપવા માટે, મહિલાઓ કામકાજ તથા પરિવાર વચ્ચે સંતુલન રાખી પોતાનો વિકાસ કેવી રીતે કરી શકે તે માટે તેમજ મહિલાઓ કોઈ પણ વ્યક્તિની છેતરપિંડી કે પ્રપંચમાં ન આવી જાય તે માટે તેમને માનસિક રીતે સ્વસ્થ રહેવા અને પોતાની સુરક્ષા માટે જાગૃતિ વધારવા માટે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી. મહિલા કર્મયોગી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કચ્છ ખાતે તેમજ જિલ્લાકક્ષાની ઉજવણી ૩૨ જિલ્લાઓમાં ૩૩ સ્થળોએ કરવામાં આવી.

નારી વંદન ઉત્સવ નિમિત્તે મહિલા કલ્યાણ દિવસે મહિલા અને કિશોરીઓની કેન્દ્ર તથા રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા કન્યા શિક્ષણને લગતા તમામ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મહિલા કલ્યાણ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી ૩૨ જિલ્લાઓમાં ૫૦ જગ્યાઓએ કરવામાં આવી હતી, જેમાં ૬૯૭૮ મહિલાઓ સહભાગી થઇ હતી. આ ઉપરાંત રાજ્યના ૧૮ જિલ્લાઓમાંથી મહિલા કલ્યાણ દિવસ નિમિત્તે ૧૭૭ મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી.

ગ્રામીણ ક્ષેત્રોની મહિલાઓ અને કિશોરીઓમાં આરોગ્ય અને પોષણ અંગે જાગૃતિ કેળવાય તે માટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણી અંતર્ગત સ્ત્રી રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું તેમજ પૌષ્ટિક વાનગીઓ તથા ટેક હોમ રાશનના ઉપયોગથી વિવિધ વાનગીઓ બનાવડાવીને પોતાનું પોષણ સ્તર સુધારે તે માટે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી ધરાવતાં ૭ જિલ્લાઓમાંથી ૭૦૬ બહેનોને સન્માનિત કરવામાં આવી હતી. મહિલા અને બાળ આરોગ્ય દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ભાવનગર ખાતે તેમજ જિલ્લા કક્ષાની ઉજવણી ૩૨ જિલ્લાઓમાં ૨૧૪૦ જગ્યાઓએ પર કરવામાં આવી હતી.



મહિલાઓના શિક્ષણથી લઈને સ્વાસ્થ્ય અને રોજગારીથી લઈને નેતૃત્વ કરવા સુધી તેમને તમામ ક્ષેત્રે વિવિધ તકો મળી રહે તે માટે ગુજરાત સરકારનો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કટિબદ્ધ છે. સરકાર તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના પ્રયત્નોની ફલશ્રુતિ એ છે કે આજે મહિલાઓ દરેક ક્ષેત્રે પોતાની આગવી ઓળખ પ્રાપ્ત કરી રહી છે. મહિલાઓને મળતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સવલતો પરત્વે મહિલાઓ વધુ જાગૃત બની એનો લાભ પોતે લે તેમજ બીજી બહેનોને એનાથી અવગત કરે એ ઉમદા આશય નારી વંદન ઉત્સવની ઉજવણી દ્વારા સાચા અર્થમાં સાર્થક થયો છે.

***(લેખક ગુજરાત સરકારમાં મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી છે.)***

# વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ



પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા 'હમેં આઝાદી કિસને દિલાયી' વિષય પર યોજાયેલી રાજ્યસ્તરીય પરીક્ષામાં સર્વાધિક ગુણ મેળવનારા 78 વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવાનો સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વિચારની શક્તિ અમાપ હોય છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજના માધ્યમથી વૈદિક જ્ઞાનની પુન:સ્થાપના, નારી ઉત્કર્ષ, કુરીતિઓનું નિવારણ અને રાષ્ટ્રવાદી વિચારધારાથી સમાજમાં નવજાગરણ કર્યું.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આર્ય સમાજની વિચારધારાથી પ્રેરિત થઈને સરદાર ભગતસિંહ, રામપ્રસાદ બિસ્મિલ, ભાઈ પરમાનંદ, લાલા લજપતરાય, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા અનેક ક્રાન્તિકારીઓએ દેશની આઝાદી માટે સ્વાર્પણ કર્યું. આજે પણ આર્ય સમાજની વિચારધારા એટલી જ પ્રસ્તુત છે. તેમણે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સૌ સંકલ્પબદ્ધ બને તેવો અનુરોધ પણ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પાંચ પ્રાણબિંદુઓને દોહરાવી રાષ્ટ્ર સર્વોપરિના ભાવ સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પૂર્ણરૂપે ગુલામીની માનસિકતાથી મુક્ત થવા સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનેબિલિટી દ્વારા પ્રાકૃતિક કૃષિમાં પીએચ.ડી.નો અભ્યાસક્રમ શરૂ થઈ રહ્યો છે જે અંતર્ગત રાજ્યપાલશ્રીના હસ્તે આ અભ્યાસક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# 'શક્તિ સત્કાર સમારોહ'માં ૭૫ આદિવાસી દીકરીઓને દત્તક લેવાઇ

આઝાદીના અમૃત મહોત્સવના અવસરે યુનિટી ઈન્ડિયા ચેરિટેબલ ટ્રસ્ટ અને પરમાર્થ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'શક્તિ સત્કાર સમારોહ' તેમજ માતૃત્વ વંદના અને દીકરી દત્તક કાર્યક્રમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ અવસરે રાજ્યપાલશ્રીએ માતાનો મહિમા વર્ણવતા કહ્યું હતું કે, સૃષ્ટિનું સર્જન બ્રહ્માએ કર્યુ પરંતુ ઈશ્વર બાદ સૃષ્ટિના સંચાલનનું કાર્ય માતાઓએ કર્યું છે. ભારતીય સંસ્કૃતિમાં માતા માટે જે સન્માન દર્શાવવામાં આવ્યું છે તે જગતમાં બીજી કોઈ જગ્યા પર જોવા મળતું નથી. જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે તેમ જણાવતા તેમણે કહ્યું કે, માતાની તોલે કોઈ આવી શકે નહીં. રાજયપાલશ્રીએ કહ્યું કે, શાસ્ત્રોમાં દર્શાવ્યું છે કે, પુત્ર કુપાત્ર થઈ શકે પરંતુ માતા કુમાતા ન થઈ શકે. માતાનું સ્થાન બાળ ઉછેરમાં અજોડ અને શ્રેષ્ઠ છે. બાળકોમાં સંસ્કાર સિંચન કરવામાં માતાનો ફાળો અમૂલ્ય છે. બાળકના જન્મથી લઈને તેના લાલન, પાલનની સંપૂર્ણ જવાબદારી માતા અદા કરે છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિડીયો સંદેશ આપતા યુનિટી ઈન્ડીયા ચેરિટેબલ ટ્રસ્ટ અને પરમાર્થ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ ઉપરાંત સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ મોટી સંખ્યામાં દીકરીઓના ખાતાઓ ખોલવા બદલ મુખ્યમંત્રીશ્રીએ ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે સમાજહિતમાં યોગદાન આપનાર ૧૧ સમાજસેવકોએ પોતાની માતાઓનું પુજન અર્ચન કર્યું હતું. સાથોસાથ સમાજના ભામાશાઓ દ્વારા ડાંગના આદિવાસી સમાજની ૭૫ જેટલી દીકરીઓને દત્તક લેવામાં આવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે અને ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, ધારાસભ્ય શ્રી કુમારભાઇ કાનાણી, ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, સંતો, પ્રમુખો અને આગેવાનો તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત સુરતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં અખિલ ભારતીય અગ્રવાલ સંગઠન દ્વારા રાષ્ટ્રીય કાર્યકારિણી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતભરમાં વસતા પાંચ કરોડ અગ્રવાલોનું દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ સમાજમાં ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે. આજે પણ આ સમાજના સેંકડો પરિવારો પોતાની આવકનો એક હિસ્સો સમાજના હિતમાં તેમજ જરૂરિયાતમંદ ગરીબ અને પીડિત વર્ગના ઉત્થાન માટે વાપરે છે.

## "ટી.બી. મુક્ત ભારત અભિયાન"નો પ્રારંભ

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવન ખાતેથી વર્ષ 2025 સુધીમાં ભારત દેશને ટી.બી. મુક્ત કરવાના સંકલ્પ સાથે "પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન"નો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ અભિયાનનો પ્રારંભ કરતા જણાવ્યું હતું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં ટી.બી. મુક્ત વિશ્વ માટે અનુરોધ કર્યો છે, ત્યારે ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ નેતૃત્વમાં પાંચ વર્ષ પહેલાં એટલે કે વર્ષ 2025 સુધીમાં ભારત દેશને ટી.બી.થી મુક્ત કરવા સંકલ્પ કર્યો છે. તેમણે જણાવ્યું હતુ કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના ઘનિષ્ઠ પ્રયાસ અને જનશક્તિના સામર્થ્યથી વર્ષ 2025 સુધીમાં ટી.બી. મુક્ત ભારતનો સંકલ્પ સાકાર કરીએ. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વના 25 ટકા ટી.બી.ના દર્દીઓ ભારત દેશમાં છે, ત્યારે ટી.બી. મુક્ત ભારત અભિયાનને જન-આંદોલનનું રૂપ આપવું પ્રત્યેક નાગરિકની ફરજ છે.

રાષ્ટ્રપતિશ્રીએ "પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન"ની સાથે નિ-ક્ષય 2.0 પોર્ટલનો પણ પ્રારંભ કરાવ્યો હતો

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ તંદુરસ્ત સમાજ માટે ટી.બી.ના રોગને જોખમકારક ગણાવી જણાવ્યુ હતુ કે, વર્ષ 2025 સુધીમાં ટી.બી. મુક્ત ભારતના પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પને સાકાર કરવા સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ દ્વારા પરીણામલક્ષી કાર્ય કરવા સૌ કટિબદ્ધ બને.

આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં દેશના જુદાં-જુદાં રાજ્યોના રાજ્યપાલશ્રીઓ, આરોગ્ય વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ભારતી પ્રવિણ પવાર, રાજ્યોના આરોગ્ય મંત્રીશ્રીઓ તેમજ કેન્દ્ર અને રાજ્યોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ

સાબરકાંઠામાં પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ખેડૂતો સાથે સીધો સંવાદ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાના સંકલ્પ સાથે જનઅભિયાન ઉપાડ્યું છે. તેમણે દેશના ખેડૂતો અને ખેતીને આત્મનિર્ભર બનાવવા તેમજ જળ, જમીન અને પર્યાવરણની રક્ષા તથા સ્વાસ્થ્યપ્રદ આહાર માટે વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રત્યેક જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જિલ્લામાં ૪૦૦ તાલીમો યોજી ૧૦ હજાર જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સમજ આપવામાં આવી છે. આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ કરતા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોની સાફલ્યગાથા પુસ્તકનું વિમોચન રાજ્યપાલશ્રીએ કર્યું. આ પ્રસંગે રાજ્યમંત્રી સર્વશ્રી કુબેરભાઈ ડીંડોર, ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ સર્વશ્રી દીપસિંહ રાઠોડ, રમિલાબહેન બારા, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા તથા ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત શહેરના પાલ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ

સતત વિકાસની હરણફાળ ભરી રહેલા સુરત શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તેમજ લોકોને ઝડપી ન્યાય મળી રહે તે માટે ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે નવીન પાલ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું. મંત્રીશ્રીના હસ્તે ટ્રાફિક એપ્લિકેશનનું પણ લોન્ચિંગ તેમજ 'ગુડ મોર્નિંગ સુરત' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. અડાજણ પોલીસ સ્ટેશનમાં ચાર લાખની વસ્તી હતી. જેમાંથી પાલ પો.સ્ટેશન અલગ થવાથી ૧.૭૫ લાખ જેટલી પાલ વિસ્તારની જનતાને નવા પોલીસ સ્ટેશનનો લાભ મળશે. આ પાલ પો.સ્ટેશનમાં ઉમરા બ્રિજથી પાલગામ વોકવેથી પાલનપુર નહેરથી સાંતવન સર્કલ, ગૌરવપથ રોડથી ભેસાણ સુએજ પ્લાન્ટ સુધીના પશ્ચિમ તરફના હજીરા સાયણ હાઈવે તથા દક્ષિણ તરફ ભાઠા ગામ ખાડી અને ભાઠા ગામનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશન બનવાથી પાલ વિસ્તારના લોકોને ત્વરિત અને સરળ-સુગમ પોલીસ સેવાઓ અને ન્યાય મળશે. શહેરમાં એક લાખ ગણેશજીની પ્રતિમાઓનું કોઈ વાદ કે વિવાદ વિના, ટ્રાફિકની સુદ્રઢ વ્યવસ્થા કરીને શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન શક્ય બનાવવા બદલ પોલીસની કામગીરીને બિરદાવી હતી.



આ પ્રસંગે સાંસદ શ્રીમતી દર્શનાબહેન જરદોશ, કૃષિ અને ઉર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબહેન પટેલ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, જોઈન્ટ પો.કમિશનરશ્રી શરદ સિંઘલ, પોલીસના જવાનો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પોલિટેક્નિકના સ્કાઉટ ગાઈડને પુરસ્કાર



અમદાવાદ સરકારી પોલિટેક્નિકના ૧૫ રોવર રેન્જર સ્કાઉટ વર્ષ ૨૦૨૦-૨૧ના રાજ્ય પુરસ્કાર અંતર્ગત પસંદગી પામ્યાં છે. રોવર રેન્જર વિદ્યાર્થીઓના પ્રતિનિધિ સ્વરૂપે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ નાગરિક બનવું જોઈએ તથા રાષ્ટ્રભાવના સાથે પોતાની ફરજો અદા કરવી જોઈએ. આ સાથે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, કૉલેજ તેમજ યુનિવર્સિટીમાં, ખાસ કરીને ટેકનિકલ શિક્ષણ વિભાગમાં આ પ્રકારના કાર્યક્રમોથી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિને વેગ મળશે. વિદ્યાર્થીઓને આ એવોર્ડ ઉત્સાહ પૂરો પાડશે. સમગ્ર ગુજરાતમાં ગુજરાત સ્કાઉટગાઈડ અંતર્ગત ટેકનિકલ શિક્ષણ વિભાગની એકમાત્ર સંસ્થા સરકારી પોલિટેક્નિકના અમદાવાદ આંબાવાડી ખાતે રોવર અને રેંજર સ્કાઉટગાઈડ યુનિટ કાર્યરત છે. ગુજરાત રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ વિભાગમાં સરકારી પોલિટેકનિક અમદાવાદ સંસ્થાએ સમગ્ર ગુજરાતમાં એકમાત્ર સંસ્થા છે જે સ્કાઉટગાઈડનું રોવર રેંજર યુનિટ ચલાવે છે.

## પોરબંદરમાં વિકાસ કામોની હેલી

પોરબંદર જિલ્લાનાં વિકાસકાર્યોની સમીક્ષા અને ભાવિ આયોજન અંગે યોજાયેલી બેઠકમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષપદે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ તળેની વિવિધ જોગવાઈઓ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના વિકાસનાં ૪૪૮ કામો માટે રૂ.૧૦ કરોડથી વધુનાં કામોને પ્રાથમિક મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત સંસદ સભ્યશ્રીના સ્થાનિક વિસ્તાર વિકાસ માટેની જોગવાઇઓ હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩નાં કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી. મંત્રીશ્રી દ્વારા કામોને સમયાંતરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. મંત્રીશ્રીએ અધિકારીઓને વિકાસલક્ષી કામો સમયસર શરૂ કરી દેવા અને પાછલા વર્ષનાં કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ તકે સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, પોરબંદરના ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરિયા તથા તાલુકા પંચાયત પ્રમુખ સહિત પદાધિકારીઓ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## માહિતી ખાતાના કર્મયોગીઓ માટે 'પોષણ અભિયાન' અંગે કાર્યશાળા યોજાઈ

માહિતી ખાતાના કર્મયોગીઓને પ્રવર્તમાન યુગમાં આધુનિક ટેકનોલૉજીના ઉપયોગથી પ્રચાર-પ્રસારની પદ્ધતિઓથી વધુ માહિતગાર કરવા માટે ગાંધીનગર ખાતે "કોમ્યુનિકેટ ટુ એડવોકેટ ઑન પોષણ અભિયાન" વિષયક તાલીમશાળા યોજાઇ હતી. માહિતી નિયામક શ્રી આર. કે મહેતાએ આ કાર્યશાળામાં ઉદબોધન કર્યું હતું. માહિતી નિયામકશ્રીએ જણાવ્યું હતું કે, માહિતી ખાતાની દરેક કચેરીઓમાં આજે તમામ પેઢીના અધિકારીઓ કર્મચારીઓ છે, જેની પાસે પ્રત્યાયનનો સારો એવો અનુભવ છે.



આ કાર્યશાળાના હેતુઓ સ્પષ્ટ કરતાં માહિતી નિયામકશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જનકલ્યાણની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓને નાગરિકો સુધી પહોંચાડવામાં માહિતી ખાતાની વિશેષ ભૂમિકા છે. રાજ્યની મહિલાઓ અને બાળકોના આરોગ્ય-પોષણની કાળજી લેવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' જેવી મહત્ત્વપૂર્ણ યોજના જનતા-જનાર્દન સુધી પહોંચે તે જરૂરી છે.

યુનિસેફના વડા પ્રશાંત દાસે પોષણ અભિયાન અંતર્ગત દર સપ્ટેમ્બરમાં યોજાતા 'પોષણ માસ' વિશે સંબોધનમાં જણાવ્યું હતું કે, હકારાત્મક સાફલ્યગાથાઓ સમુદાયોને વિશેષ પ્રેરણા પૂરી પાડે છે, આથી માહિતી ખાતાની ભૂમિકા વધી જાય છે. આ કાર્યશાળામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી કે.કે.નિરાલાએ જણાવ્યું હતું કે, પ્રેઝન્ટેશનનું સશક્ત માધ્યમ મીડિયા છે. સમાજમાં બદલાવ માટે મીડિયા મહત્વનું અંગ છે. સરકારના વિવિધ વિભાગોના સંકલન-સમન્વયથી જ પોષણ અભિયાનને સાર્થક કરી શકાશે. આ તાલીમ શાળામાં અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઇ પટેલે ઉપસ્થિત રહીને અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું. ઉપરાંત, માહિતી ખાતાની વડી કચેરી સહિત પ્રાદેશિક કચેરીઓ અને વિવિધ જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતાં અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.

### મહેસાણામાં આરોગ્યલક્ષી ઈ-લોકાર્પણો

# આયુષ્માન કાર્ડ થકી નાગરિકોને મળી નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ



ગુજરાત રાજ્યમાં મા યોજનાના ૧૧મા વર્ષમાં મંગલ પ્રવેશની ઉજવણીના ભાગરૂપે વિવિધ ઈ-લોકાર્પણ કાર્યક્રમ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આરોગ્યલક્ષી સેવાઓ વધુ સુદૃઢ, ઝડપી અને પ્રજાલક્ષી બનાવવાના સરકારના દૃઢ નિર્ણય સાથે લાભાર્થીઓના હિતાર્થે વિવિધ લાભોનું પણ તેમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આજનો આ દિવસ ગુજરાત માટે ગૌરવનો દિવસ છે, કારણ કે 'મા યોજના'નો ૧૧મો જન્મ દિવસ છે. આજે શહેરો જેવી સ્વાસ્થ્ય સુવિધાઓ નાનાં શહેરો, ગામડાંઓ સુધી પહોંચવા લાગી છે.

આરોગ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, PMJAY-MA (આયુષ્માન) કાર્ડ થકી ગરીબ પરિવારો, મધ્યમ વર્ગના પરિવારોને ખૂબ લાભ થયો છે કારણ કે, આ આયુષ્યમાન કાર્ડ પહેલાં આ પરિવારોમાં કૅન્સર, હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓના નિદાન પાછળ હજારો-લાખોનો ખર્ચ કરવો પડતો હતો. આવામાં આ પરિવારોની અંગત બચત પણ સારવાર હેઠળ ખર્ચ કરવાના દિવસો આવી જતા હતા. પરંતુ આયુષ્યમાન કાર્ડ આવવાથી આવા પરિવારોને રૂ.૫ લાખ સુધીની સારવાર નિ:શુલ્ક ઉપલબ્ધ થઈ છે, પરિણામે તેમના સ્વાસ્થ્યમાં સુધારો આવ્યો છે અને બચત થઈ છે. આયુષ્માન કાર્ડે અનેકને દેવાદાર બનતા અટકાવ્યા.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું કે, સરકાર એ દિશામાં કાર્ય કરી રહી છે કે હવે વૃદ્ધજનોએ હૉસ્પિટલ આવવું નહીં પડે, કેમ કે હૉસ્પિટલ જ સારવાર માટે તેમના ઘરે જશે. આપણું ગુજરાત નિરામય બને, શ્રેષ્ઠ સારવાર સુવિધાઓ નાગરિકોને મળે અને તેઓ નિરોગી બને એ માટે સરકાર તત્પર છે, કારણ કે, સ્વસ્થ અને નિરોગી નાગરિક થકી જ ભારત આત્મનિર્ભર બનશે.

આ ઉપરાંત કાંસા, હસનપુર, પાલડી અને ભાન્ડુના નવીન તૈયાર થયેલા પેટા આરોગ્ય કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં સમર્થ ડાયમંડ, વિસનગરના સહયોગથી ૨૦૦ જેટલા ટીબીની સારવાર લેતા દર્દીઓને ૬ માસ સુધીની પોષણ કિટનું વિતરણ કરાયું હતું. ઉપરાંત આયુષ્માન કાર્ડ, પોષણ કિટનું વિતરણ કરાયું હતું. તેમજ નર્સિંગ એસોસિયેશન ગુજરાત રાજ્યના સહકારથી ૧૦૦ બેબી કિટ, ૮ વ્હીલ ચેર, ૨ ટ્રાઇસીકલનું વિતરણ પણ કરાયું હતું.

મહેસાણા અને વિસનગર સિવિલ હૉસ્પિટલ ખાતે ગવર્મેન્ટ સ્પાઈન ઇન્સ્ટિટ્યૂટ અને પેરાપ્લેજીયા હૉસ્પિટલ, અમદાવાદના સહયોગથી ઓર્થોપેડિક, સ્પાઇન અને પેરાપ્લેજીયા, ફિઝિયોથેરાપી, કૃત્રિમ અંગોને લગતી બીમારીઓની સેવાઓ તથા રેફરેલ સેવાઓ દત્તક લેવાના એમ.ઓ.યુ. પણ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યા હતા.

**નવીન તૈયાર થયેલા પેટા આરોગ્ય કેન્દ્રો-કાંસા, હસનપુર, પાલડી અને ભાંડુનું ઈ-લોકાર્પણ**

**સગર્ભાને PMJAY-MA card, પોષણ કિટ વિતરણ**

**લાભાર્થીઓને PMJAY-MA cardનું વિતરણ**

**૨૦૦ જેટલા ટીબીની સારવાર લેતા લાભાર્થીઓને ૬ માસ માટે પોષણ કિટનું વિતરણ**

**૧૦૦ બેબી કિટ, ૮ વ્હીલચેર, ટ્રાઈસીકલનું વિતરણ**

મહેસાણા અને વિસનગર સિવિલ હૉસ્પિટલમાં જી.પી.આર.આઈ. અમદાવાદના સહયોગથી કૅન્સર ડે કેર સેન્ટર અને રેફરેલ સેવાઓ લેવાના એમ.ઓ.યુ. થયા હતા. એન.એચ.એમ. હેઠળ ભરતી કરાયેલા નવા કોમ્યુનિટી હેલ્થ ઑફિસરો, ફાર્માસીસ્ટોના નિમણૂકપત્રો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. 'જનની સુરક્ષા' કાર્યક્રમ અંતર્ગત તમામ સગર્ભાઓની ફરજિયાત યુ.એસ.જી. સોનાગ્રાફી માટેના એમ.ઓ.યુ. થયા હતા. વિસનગર સિવિલ હૉસ્પિટલમાં આયુર્વેદિક ઓ.પી.ડી.નો પ્રારંભ કરાયો હતો.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આઇ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું હતું. તેમજ ધારાસભ્ય શ્રી કરસનભાઇ સોલંકીની ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું હતું. નર્સિંગ એસોસિયેશન ગુજરાત રાજ્યના દાતાઓનું સન્માન કરાયું હતું. સૌથી વધુ પી.એમ.જે.એ.વાય.-માં ક્લેઇમ કરનાર મેડિકલ ઓફિસર્સ, પી.એચ.સી તેમજ જિલ્લામાં સૌથી વધુ પી.એમ.જે.એ.વાય મા કાર્ડ જારી કરનાર વી.સી.ઇ. તેમજ સી.એસ.સી. અને ફાયનાન્સ આસિસ્ટન્ટને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં. આ ઉપરાંત LaQshya પ્રમાણપત્રોના વિતરણ સહિત કુપોષણ નિવારણ માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ વેળાએ સાંસદ સર્વશ્રી શારદાબહેન પટેલ, જુગલજી ઠાકોર, ધારાસભ્ય સર્વશ્રી રમણભાઈ પટેલ, કરસનભાઈ સોલંકી, આરોગ્ય કર્મચારીગણ અને વિવિધ લાભાર્થીઓ હાજર રહ્યા હતા. ●

# પોષણ માહ : મહિલા સશક્તીકરણનું ઊજળું પાસું



એક સુપોષિત બાળકથી એક સક્ષમ અને સ્વસ્થ પેઢી તૈયાર થાય છે અને એક સ્વસ્થ બાળક માટે એક માતાએ સ્વસ્થ અને સુપોષિત બનવું પડે. બાળકો અને મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણમાં પોષણયુક્ત આહાર ઉપરાંત આસપાસની અને પોતાના શરીરની સ્વચ્છતા, સંસ્થાકીય પ્રસૂતિ માટેની જાગૃતિ, સ્તનપાનનું મહત્ત્વ તેમજ બાળકોના માનસિક વિકાસ માટે શિક્ષણ અને રમતગમતના મહત્ત્વનો સમાવેશ થાય છે. મહિલાઓમાં અને ખાસ કરીને સગર્ભાઓ અને ધાત્રી માતાઓમાં આ તમામ બાબતો વિશે જાગૃતિ લાવવા તથા મહિલા અને બાળકોનું પોષણસ્તર સુધારવાના હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૮ માર્ચ ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાવવામાં આવ્યો, જે અંતર્ગત આ જનઆંદોલન માટે દર વર્ષે માર્ચ મહિનામાં પોષણ પખવાડિયાની અને સપ્ટેમ્બર માસમાં પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષના સપ્ટેમ્બર માસની રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણીમાં પોષણ પંચાયત કાર્યરત થશે. આ વર્ષે સપ્ટેમ્બર માસના પોષણ અભિયાન અંતર્ગત ‘મહિલા અને સ્વાસ્થ્ય’, ‘બાળક અને શિક્ષણ - poshan bhi padhai bhi’, ‘જાતિગત સંવેદનશીલતા, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન’ અને ‘આદિવાસી વિસ્તારોમાં મહિલા અને બાળકો માટે પરંપરાગત આહાર’ની થીમ રાખવામાં આવી છે.

વડાપ્રધાનશ્રીના 'સહી પોષણ, દેશ રોશન'ના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા પોષણ માહ-૨૨નો રાજ્યવ્યાપી પ્રારંભ કરમસદ ખાતેથી રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ દ્વારા કરાવવામાં આવ્યો હતો. તે અંતર્ગત તેમણે સહિયારા પ્રયાસોથી ગુજરાતને કુપોષણમુક્ત બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

આ વર્ષના પોષણ માસની ઉજવણી અંતર્ગત પંચાયત સ્તરની પ્રવૃત્તિઓમાં ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ દ્વારા આરોગ્ય ક્ષેત્રે કાર્યરત અધિકારીઓ અને કાર્યકરો થકી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં કુપોષિત બાળકોની ઓળખ માટે સ્ક્રીનિંગ કૅમ્પનું આયોજન, માસિક સ્રાવની સ્વચ્છતા અંગે કિશોરીઓ અને મહિલાઓમાં જાગૃતિ અભિયાન ચલાવવું, સ્તનપાનની યોગ્ય પદ્ધતિઓ માટે પરામર્શ શિબિરો યોજવી, કિશોરવયમાં ડાયાબિટીસના પ્રારંભિક નિદાન માટે પ્રાથમિક તપાસ કરવી, IFA અને કૃમિનાશક ગોળીનું વિતરણ કરવું તેમજ તંદુરસ્ત આહારપ્રથાઓ પર જાગૃતિ અભિયાન ચલાવવા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહિલાઓ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે જાગૃત બને તે માટે ‘ઘરે યોગ, પરિવાર સાથે યોગ’ની ઝુંબેશ ચલાવવાનું પણ આયોજન છે. રાજ્યકક્ષાની પ્રવૃત્તિઓની વાત કરીએ તો બાળકની ઉમર પ્રમાણે તેનું વજન, ઊંચાઈ અને તેને જરૂરી ખોરાક વિશે જાગૃતિ આપવી, સ્તનપાનનું મહત્ત્વ અને બાળકને પૂરક ખોરાક આપવાના મહત્ત્વ વિશે પણ માતાઓને જાગૃત કરવા માટેના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

આ તો થઈ માતા અને બાળકમાં પોષણની વાત, પણ પોષણ સાથે શિક્ષણના મહત્ત્વ માટે માતાઓને જાગૃત કરવાના હેતુથી શાળા વ્યવસ્થાપન સમિતિ તેમજ શિક્ષણ સમિતિ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ શાળાઓ ખાતે પોષણમેળાનું આયોજન કરવું, રમકડાં આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમુદાય કેન્દ્રિત ઈવેન્ટ્સનું આયોજન કરવું, શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક વાનગીસ્પર્ધાનું આયોજન કરવું, પોષણ વિશેની જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને નિબંધ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધાઓ તેમજ ચિત્રસ્પર્ધાનું આયોજન જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પોતાના અને સમુદાયના સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે આરોગ્ય દૂત એટલે કે ચેન્જ એજન્ટ તરીકે જોડાવવા માટે કિશોરીઓને સંવેદનશીલ બનાવવાનું અભિયાન ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા રાજ્યકક્ષાની વિવિધ પ્રવૃત્તિઓની વાત કરીએ તો, શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવતી પોષણ પ્રતિજ્ઞાનો મુસદ્દો તૈયાર કરવો, પોષણ અને શિક્ષણ માટે સમુદાયને સંવેદનશીલ બનાવવા માટે આંગણવાડી કાર્યકર પોતાના કેન્દ્રમાં બૅનરો, સૂત્રો, પોસ્ટર અને મીડિયા બૅનર દ્વારા જાગૃતિ લાવે તેવા આયોજન ઉપરાંત ટોયાથોન અંતર્ગત સ્વદેશી રમકડાં બનાવવા અને સોશિયલ મીડિયા પર પ્રદર્શિત કરવા માટે રમકડાં બનાવવાની વર્કશોપનું આયોજન કરવાનો અને

## બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણસ્તરમાં થયો સુધારો

*રાજ્યમાં કુપોષણને નાથવામાં મળેલી સિદ્ધિઓ વિશે માહિતી આપતાં મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'સહી પોષણ, દેશ રોશન'ના સંકલ્પને સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ મંત્રને ચરિતાર્થ કરવા માટે આ વર્ષે બજેટમાં માતબર રકમની જોગવાઈ કરીને બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણસ્તરમાં સુધારો લાવવા યુદ્ધના ધોરણે પ્રયત્નો હાથ ધર્યા છે. આ માટે સરકારે ચાલુ વર્ષે રૂ. ૯૨૯ કરોડની વિશેષ જોગવાઈ માત્ર પોષણની યોજનાઓ માટે કરી છે.*

*બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓના પોષણ સ્તરની ચકાસણી માટે ભારત સરકાર દ્વારા દર પાંચ વર્ષે નેશનલ ફૅમિલી હેલ્થ સરવે (NFHS) કરાવવામાં આવે છે. ૨૦૧૯-૨૦માં થયેલા પાંચમા નેશનલ ફૅમિલી હેલ્થ સર્વેક્ષણ મુજબ ગુજરાતમાં કુલ ૩૯.૭ ટકા ઓછાં વજનવાળાં બાળકો અને ૧૦.૬ ટકા SAM બાળકો છે, જ્યારે ૩૯ ટકા બાળકો સ્ટંટેડ (ઠીંગણાં) હોવાનું નોંધાયું હતું. આઈસીડીએસ યોજના હેઠળ બાળકોનાં વજન અને ઊંચાઈની તમામ વિગત આંગણવાડી કાર્યકર દ્વારા 'પોષણ ટ્રેકર' એપ્લિકેશનમાં નોંધવામાં આવે છે. પોષણ ટ્રેકરના ડેટા મુજબ જુલાઈ-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૨૩.૩૬ ટકા ઓછાં વજનવાળાં બાળકો અને ૩.૧૨ ટકા SAM બાળકો છે. આમ, પાંચમા નેશનલ ફૅમિલી હેલ્થ સર્વેક્ષણના સાપેક્ષમાં પોષણ ટ્રેકર મુજબ આજની સ્થિતિએ કુલ ૧૬.૩૪ ટકા ઓછાં વજનવાળાં બાળકો તેમજ ૭.૪૮ ટકા SAM બાળકોમાં ઘટાડો થયો છે.*

રાજ્યકક્ષાના સ્વદેશી રમકડાંના મેળાનું આયોજન કરવાનો સમાવેશ થાય છે.

પાણી પુરવઠા, પાણી અને પર્યાવરણીય સંરક્ષણ સમિતિ દ્વારા પંચાયત સ્તરની પ્રવૃત્તિઓની વાત કરીએ તો, જિલ્લા જલ શક્તિ કેન્દ્ર/ નોડલ ઑફિસર દ્વારા આંગણવાડી કેન્દ્રનાં બિલ્ડીંગોમાં વરસાદી પાણી સંગ્રહના ટાંકા બનાવવા માટે જિલ્લા અધિકારીઓ અને રાજ્ય સરકાર દ્વારા મદદનું આયોજન, સામુદાયિક જળસ્રોતો જેવા કે તળાવ, કૂવા અને પાણીની ટાંકીઓની સફાઈ ઝુંબેશનું આયોજન કરવું, સમુદાયની મહિલાઓને જળ સંરક્ષણ, વ્યવસ્થાપન અને વરસાદી પાણીના સંગ્રહની તકનીકો પર સંવેદનશીલ બનાવવા માટે વર્કશોપનું આયોજન, ધાન્ય વર્ગના પાકોના ઉપયોગ અને બૅકયાર્ડ કિચન-ગાર્ડન વિકસાવવાની બાબતને પ્રોત્સાહન આપવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યકક્ષાની પ્રવૃત્તિઓ અંતર્ગત જળ-સંરક્ષણના ક્ષેત્રમાં કામ કરતી વિશિષ્ટ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ટકાઉ જળ-વ્યવસ્થાપન અને ઘરગથ્થુ સ્તરના જળ-સંરક્ષણ મોડલમાં મહિલાઓની ભૂમિકાને પ્રકાશિત કરવા માટે વ્યાપક સમુદાય આધારિત ઝુંબેશના આયોજનનો સમાવેશ થાય છે.

આયોજન અને વિકાસ સમિતિ દ્વારા પંચાયત સ્તરની પ્રવૃત્તિઓની વાત કરીએ તો, આંગણવાડી કેન્દ્ર ખાતે અથવા નજીકમાં ન્યુટ્રી ગાર્ડન /પોષણવાટિકા માટે જમીનની ઓળખ કરવી, સ્થાનિક પંચાયત, સીડીપીઓ, સુપરવાઈઝર અને આંગણવાડી કાર્યકર સાથે આંગણવાડી કેન્દ્રોના બિલ્ડીંગના નિરીક્ષણનું આયોજન કરવું, પોષણ પંચાયતોમાં સહભાગિતા માટે મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્વ-સહાય ગ્રુપમાંથી સભ્યોની નિમણૂક કરવી તેમજ ઝૂંપડપટ્ટીમાં આંગણવાડી સેવાઓ અને સારી આરોગ્ય પદ્ધતિઓ અંગે જાગૃતિ અભિયાનનું આયોજન કરવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં રાજ્યકક્ષાની કામગીરીની વાત કરીએ તો, દાદીમાનું રસોડું મારફતે 'દાદી કી રસોઈ'નું આયોજન કરવું, પરંપરાગત અને પૌષ્ટિક ખોરાકની પુસ્તિકા તૈયાર કરીને આંગણવાડી કાર્યકર સાથે શેર કરવી, રેઈનબો થાળીનું આયોજન કરવું, આ માસ દરમિયાન પરંપરાગત ખોરાકને સ્થાનિક તહેવાર સાથે જોડવો તેમજ વિવિધ એજન્સીઓની મદદથી વૃદ્ધિમાપન ઝુંબેશનું આયોજન કરવાનો સમાવેશ થાય છે.

પોષણ માહ દરમિયાન સામાજિક ન્યાય અને સ્ટૅન્ડિંગ સમિતિ અંતર્ગત પંચાયત સ્તરની પ્રવૃત્તિઓની વાત કરીએ તો, જિલ્લા આદિજાતિ કલ્યાણ અને સમાજ કલ્યાણના અધિકારીઓ દ્વારા 14 આદિવાસી જિલ્લાઓનાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે એનિમિયા કૅમ્પનું આયોજન કરવું, સ્વ-સહાય જૂથોના સહકારથી આદિવાસી આહાર અંગે મેળાઓનું આયોજન કરવું, આંગણવાડી કેન્દ્રો ખાતે પરંપરાગત રસોઈ સ્પર્ધાનું આયોજન કરવું તેમજ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલની નજીકમાં ન્યુટ્રી ગાર્ડન માટે જમીનની ઓળખ કરવાનો સમાવેશ થાય છે. આ જ રીતે સ્ટેટ લેવલની એક્ટિવિટિની વાત કરીએ તો, આ કક્ષાએ પણ પોષણયુક્ત વાનગીઓની ઓળખ અને પ્રચાર-પ્રસાર સહિત રસોઈ હરીફાઈનું આયોજન કરવું અને આંગણવાડી સેવાઓના સાર્વત્રીકરણ વિશે સ્થળાંતરિત કામદારોમાં જાગૃતિ અભિયાન ચલાવવા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પોષણ માહ દરમિયાન મોટા સ્તર પર સાર્વત્રિક રીતે પોષણ અને સ્વચ્છતાને લગતા વિવિધ વિષયો પર જાગૃતિ લાવવા માટેનું આયોજન છે. પોષણ માહ થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'સુપોષિત ભારત'નું સ્વપ્ન ચરિતાર્થ થાય તે રીતે દર વર્ષે થતી પોષણ માહની ઉજવણીથી મહિલાઓમાં અને બાળકોમાં પોષણ વિશે જાગૃતિ આવી રહી છે, જેના થકી એક સશક્ત પેઢીનું નિર્માણ થઈ રહ્યું છે. ●

# સુરેન્દ્રનગરમાં વટેશ્વર વન જનસમર્પિત



✎ **પ્રશાંત ત્રિવેદી**

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન દરેક પર્વને અનોખી રીતે ઊજવવાનો પ્રારંભ કર્યો હતો. દેશભરમાં દર વર્ષે વન મહોત્સવ ઊજવવામાં આવે છે. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સાંસ્કૃતિક વન નિર્માણ કરવાની પરંપરા શરૂ કરી. આ પરંપરાને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં 73મા વનમહોત્સવની સુરેન્દ્રનગરમાં રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે 'સાંસ્કૃતિક વન - વટેશ્વર વન'નું લોકાર્પણ કર્યું હતું.

જુલાઈ, 2022ના રોજ ખાતમુહૂર્ત થયા બાદ 40 દિવસના ટૂંકા ગાળામાં તૈયાર થયેલું 'વટેશ્વર વન' રાજ્યનું 22મું અને સુરેન્દ્રનગરનું બીજું સાંસ્કૃતિક વન છે. ભગવાન વડવાળાના નામ ઉપરથી જેનું નામકરણ થયું છે, તેવું આ વન દૂધરેજ કેનાલ સાઇટ પર 5 હેક્ટર જેટલા વિસ્તારમાં 73 હજારથી વધુ છોડવાઓથી આકાર પામ્યું છે. 10 કરોડથી વધુના ખર્ચે આયુર્વેદ અને યોગની થીમ પર આ સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સામાન્ય ગાર્ડનની જેમ લોકો આવે અને માત્ર ફરીને જતા ન રહે, પરંતુ વનસ્પતિઓ અને તેમનાં ચિકિત્સકીય ગુણો વિશે જાણે, સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિનો પરિચય કેળવે તેવા હેતુ સાથે અહીં 33 જેટલી સુવિધા ઊભી કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર-ઝાલાવાડ પ્રદેશનાં ઈતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓ પ્રતિબિંબિત થાય તે રીતે રજવાડી સ્થાપત્યકલા, લાકડા અને કુદરતી પથ્થરોના ઉપયોગ સાથે વટેશ્વર વનની રચના કરવામાં આવી છે. તેના દરેક ભાગના નિર્માણ પાછળ કોઈ સંદેશ, કોઈ વિચાર રહેલો છે.

સ્પર્શ બહુ મજબૂત ઇન્દ્રિય છે અને દરેક તત્વનો સ્પર્શ શરીરમાં અલગ સંવેદન જગાડે છે. આ ટચ થેરાપીને ધ્યાનમાં રાખીને યોગા ગાર્ડન બનાવવામાં આવ્યો છે, જે સામાન્ય રીતે બને છે તેમ ઘાસની લોન પર નથી બન્યો પરંતુ પાંચ અલગ-અલગ પ્રકારનાં મટીરીયલથી તેની સપાટી તૈયાર કરવામાં આવી છે.

આ જ પ્રકારે સેન્સ એન્ડ ટચ ગાર્ડન બનાવવામાં આવ્યો છે. તેમાં આપણી પાંચ ઇન્દ્રિયો-દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, ગંધ, સ્વાદની થીમ પર પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. ત્યાં પણ એક્યુપંક્ચર મેથડ પર આધારિત એક વૉક-વે રિંગ બનાવવામાં આવી છે, જે લોન, કપચી, પથ્થર, લાકડા સહિતના પદાર્થથી બનેલી છે અને જેના પર ચાલવાથી હળવાશનો અનુભવ થાય છે. સમગ્ર વન વૉક-વે થીમ પર આધારિત છે.

આ વનનું મુખ્ય કેન્દ્ર કહી શકાય આરોગ્ય વનને, જેમાં આંખ, કાન, કિડની, હૃદય, લીવર, ત્વચા, હાડકાં સહિતનાં શરીરનાં 10 અવયવો માટે ફાયદાકારક કે તેમના વિવિધ રોગોના ઉપચારમાં વપરાતી આયુર્વેદિક વનસ્પતિઓ-જડીબુટ્ટીના રોપાઓ અને છોડવાઓ લગાવવામાં આવ્યા છે. તેમાં દરેક અવયવનું શિલ્પ અને તેને માટે ઉપયોગી વનસ્પતિઓનો પરિચય પ્રદર્શિત કરવામાં આવશે. આસપાસ આ ઔષધીય વૃક્ષો-વનસ્પતિઓ લગાડવામાં આવ્યાં છે. સ્કલ્પચર ગાર્ડનમાં સુરેન્દ્રનગર સાથે સંકળાયેલ મહાન વ્યક્તિત્વો જેવાં કે સરદારસિંહ રાણા, ઝવેરચંદ મેઘાણી, પાંચાળ પ્રદેશમાં મત્સ્યવેધ કરનારા અર્જુનનાં શિલ્પો બનાવવામાં આવ્યાં છે, સાથે જ તેમના વિશેની માહિતી પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલાના ભક્તિવન બાદ 73 હજારથી વધુ વૃક્ષો ધરાવતું આ વન ઝાલાવાડવાસીઓ માટે એક અનોખી ભેટ અને હરવા-ફરવાનું એક સુંદર સ્થળ બની રહેશે તે બાબત નિશ્ચિત છે. ●

**આ વન દૂધરેજ કેનાલ સાઇટ પર 5 હેક્ટર જેટલા વિસ્તારમાં 73 હજારથી વધુ છોડવાઓથી આકાર પામ્યું છે. 10 કરોડથી વધુના ખર્ચે આયુર્વેદ અને યોગની થીમ પર આ સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવ્યું છે.**

# ગુજરાતીઓના અવિરત વિશ્વાસથી ચાલતી વિકાસ યાત્રા

# અનેકવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ




## વિશ્વાસથી વિકાસ યાત્રા

### જન-જનનો વિશ્વાસ, ગુજરાતનો વિકાસ

- 12 કરોડથી વધુ કોરોના રસીના ડોઝ આપીને સમગ્ર દેશમાં ગુજરાતનું ઉદાહરણરૂપ પ્રદર્શન
- 71 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને આપ્યું અનાજ
- PMJAY-MA દ્વારા આપી આરોગ્ય સુરક્ષા
- વાહન કે મોબાઈલ ચોરીની ઓનલાઇન ફરિયાદ નોંધાવવા e-FIR સેવા શરુ
- ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ આપ્યું
- કચ્છને 'સ્મૃતિવન' અને 'વીર બાળક સ્મારક'ની ભેટ આપી
- કચ્છ શાખા નહેરનું કામ પૂરું થયું
- 4000 ગામોમાં મફત વાઇ-ફાઇ સેવા

### વંચિતોનો વિશ્વાસ, વંચિતોનો વિકાસ

- આદિવાસી વિસ્તારોમાં ઊભા થઈ રહ્યા છે મોબાઇલ ટાવર
- સમરસ છાત્રાલયો દ્વારા શિક્ષણને પ્રોત્સાહન
- 98% ઘરો સુધી પહોંચાડ્યુ નળથી જળ
- 10.50 લાખથી વધુ આવાસોનું નિર્માણ
- એસ્ટોલ પ્રોજેક્ટ દ્વારા 200 માળની ઊંચાઈ સુધી પાણી ચડાવી 4.50 લાખ આદિવાસીઓને પાણી પહોંચાડ્યું

### શહેરીજનોનો વિશ્વાસ, શહેરોનો વિકાસ

- મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાથી શહેરોના વિકાસને વેગ મળ્યો
- રાજ્યના 6 શહેરો બન્યા સ્માર્ટ સિટી
- બી.આર.ટી.એસ જેવી ટ્રાન્સપોર્ટ સુવિધાઓ અને અદ્યતન બસ સ્ટેન્ડનાં થયા નિર્માણ
- રિવરફ્રન્ટ જેવા રિક્રિએશન સ્થળોનું નિર્માણ કરવામાં આવ્યું

### મહિલાઓનો વિશ્વાસ, નારી સમાજનો વિકાસ

- સખીમંડળો દ્વારા મહિલાઓ બની આત્મનિર્ભર
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાથી લીધી ગર્ભવતી મહિલા અને તેના બાળકની 1 હજાર દિવસની સંભાળ
- પોષણસુધા યોજનાનો વ્યાપ વધાર્યો
- શી-ટીમ અને અભયમ-181 દ્વારા મહિલાઓને આપી સુરક્ષા
- 52% મહિલાઓનું સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ

### ખેડૂતોના વિશ્વાસ દ્વારા થયો કૃષિ વિકાસ

- ઇ-ગ્રામ વિશ્વ ગ્રામથી સરકારી સેવાઓ ઓનલાઇન પૂરી પાડી
- રાજ્યમાં ડ્રોન દ્વારા પ્રવાહી યુરિયા ખાતરનો છંટકાવ શરુ
- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના
- ડાંગ બન્યો 100% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો
- કલોલ ખાતે દેશનો પહેલો નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટ શરુ કર્યો

### યુવાઓનો વિશ્વાસ, યુવા પેઢીનો વિકાસ

- 14 હજારથી વધુ સ્ટાર્ટ-અપ અને સતત ત્રણ વર્ષથી સમગ્ર દેશમાં સ્ટાર્ટ-અપમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ
- 102 જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત જેમાં સ્પેશિયલાઇઝ્ડ યુનિવર્સિટીઓનો સમાવેશ
- ખેલ મહાકુંભના આયોજનથી રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર ઊભું કર્યું
- લાખો યુવાઓને તાલીમ આપી રોજગારી પૂરી પાડી
- રાજ્યમાં પહેલીવાર રાષ્ટ્રીય રમતોનું આયોજન
- રાજ્યમાં મેડિકલની સીટો 1375થી વધીને 5700 થઈ

### સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

- ગુજરાત સરકાર દ્વારા નવી નીતિઓની જાહેરાત - IT & ITeS, બાયોટેક, સ્પોર્ટ્સ, સેમી કંડક્ટર, ડ્રોન પોલિસી, SSIP 2.0, નવી સિનેમેટિક ટુરિઝ્મ પોલિસી
- તારંગા હિલથી અંબાજી સુધી નવી રેલવે લાઇનને મંજૂરી
- ગુડ ગવર્નન્સ ઇન ગુજરાત, નીતિ આયોગના ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સમાં ગુજરાત આગળ
- પવન ઉર્જા ક્ષેત્રે 1468.45 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં ગુજરાત પ્રથમ






**Published on Date 16-9-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦